વાર્ષિક લવાજમ રૂા. ૧૫૦/-

વર્ષ : ૪૯મું
માર્ચ - ૨૦૨૪
અંક : ૫૫૦

મંગલ મંદિર ● માર્ચ-૨૦૨૪ ● ૧
(કુલ પાના : ૬૪)

શ્રી કચ્છી જૈન સેવા સમાજ

# મંગલ મંદિર

શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદનું માસિક મુખપત્ર

રંગોનો તહેવાર છે હોળી,
ખુશીઓની લહેર છે હોળી,
લાલ, ગુલાબી, પીળા જોવો
રંગ બધા રંગીલા જોવો

: મુખ્ય કાર્યાલય :
**શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદ**
માતુશ્રી સાકરબહેન રવજી મોરારજી લાલન (કોડાય-સુપ્રીમવાલા)
**શ્રી કચ્છી જૈન ભવન**
૪૩-૪૪, બ્રાહ્મણ મિત્રમંડળ સોસાયટી, પાલડી, એલિસબ્રીજ, અમદાવાદ-૩૮૦ ૦૦૬
ફોન : (079) 4890 6002, 4890 6003, 4890 6004, 4890 6005
Email : kjssmangalmandir@gmail.com • website : www.kjss.org

● શુભેચ્છા સહ ●

**પ્રભુલાલ એમ. સંઘવી**

ઘાટકોપર, મુંબઈ.
મો. ૯૮૨૦૦ ૩૭૪૭૬

**Chandrakant K. Gada**
+91-9825069290

BLUE STAR INDUSTRIES

**Stainless Steel Re-Rollers**

Plot No. 130. G.I.D.C. Estate, Kalol - 382721,
Gandhinagar. Phone : (02764) 220330, 224330
E-mail : bluestar.indu1@gmail.com

***Bharat B. Gala***
**M. : 93270 05460**

SHREE **Raju** ENTERPRISE

**RE-ROLLING & JOB WORKS, S.S. PATTA-PATTI**

323, G.V.M. M.S.A.V. Ltd., Odhav, Ahmedabad - 382 415.
E-mail : shreerajuenterprise@yahoo.co.in

**SKYBLUE**
**STATIONERY MART**
EVERY THING THAT YOU THINK



**South Bopal :** 35, Gala Magnus, Opp. Safal Parisar-1, Ahmedabad
**Krutika Haria : 9099047163**

**Surdhara :** GF Shop No. 26, Maple Trade Centre, SAL Hospital Road, Thaltej, Ahmedabad.
**Piyush Salva : 9879568027**

**ફ્યુઝન કિડની કેર પ્રા. લી.**
FUSION KIDNEY INSTITUTE
*Full UroNephro Solutions*



**ડો.હિમાંશુ શાહ** [ M.S. Mch.(યુરોલોજી) ] ગોલ્ડ મેડાલીસ્ટ
ડાયરેક્ટર, ફ્યુઝન કિડની ઈન્સ્ટીટ્યૂટ, વતન – માંડવી, કચ્છ
પથરી, પ્રોસ્ટેટ, કિડની, બ્લેડર કેન્સર, મૂત્રમાર્ગ ના રોગ,
બાળકો ના પેશાબ ના રોગ ના નિષ્ણાંત

ગુલબાઇ ટેકરા BRTS બસ સ્ટેન્ડ ની સામે, પાંજરાપોળ યુનિવર્સિટી રોડ, આંબાવાડી, અમદાવાદ - ૩૮૦૦૧૫
એપોઇન્ટમેન્ટ માટે : ૦૭૯-૬૧૩૪૬૧૩૪ ૦૭૯-૨૬૩૦૫૦૬૦,
સોમવાર થી શુક્વાર સવારે ૧૧:૦૦ થી ૦૧:૦૦ સાંજે ૦૪:૦૦ થી ૦૫:૦૦, શનિવાર સવારે ૧૧:૦૦ થી ૦૧:૦૦
Website : www.fusionkidney.com Email : info@fusionkidney.com

● શુભેચ્છા સહ ●

**અનિલ પાસુભાઈ શાહનંદ**

૮૯, યોગેશ્વરનગર સોસાયટી,
અંજલી ચાર રસ્તા, ભઠ્ઠા, પાલડી, અમદાવાદ-૩૮૦ ૦૦૭.
મો. ૯૪૨૬૦ ૫૫૪૪૮, ૯૩૨૭૦ ૬૩૩૫૫

સાચા સંબંધને તોડવાની ભૂલ ના કરતા,
ઝાડ પરથી તૂટેલા પાંદડા ફરીથી
લીલા નહીં થાય.



સૌંદર્યનું આયુષ્ય માત્ર જુવાની સુધી
અને ગુણોનું આયુષ્ય આજીવન
સુધી સાથે રહે છે.



# સ્વ. હરખચંદ કુંવરજી સાવલા પરિવારની

## હાર્દિક શુભેચ્છાઓ

વખાણોના પૂલ પરથી
સાવચેતીથી પસાર થવું
કારણ કે નીચે લગભગ
મતલબની નદીઓ જ
વહેતી હોય છે.

તમારા ચહેરા પરનું સ્મિત
એ કુદરતે તમને આપેલી બક્ષીસ છે,
પણ એજ સ્મિત જો તમે કોઈનાં
ચહેરા પર લાવી શકો તો એ તમે
કુદરતને આપેલી 'રીટર્ન ગીફ્ટ' છે.

## સ્વ. હરખચંદ કુંવરજી સાવલા પરિવાર

(તલવાણા - ગાંધીનગર - યુ.એસ.એ.)


youva
THINK. CREATE.
FOR A FLIGHT OF IMAGINATION
POSTER COLOURS
PACK OF 12
Take your painting skills to the next level with Youva Poster colours.
Works well with Youva Canvas boards.
Youva Poster Colours available in packs of 6 and 12.
www.youvaworld.com

છેલ્લા ૪૭ વર્ષથી દર મહિનાની ૫ તારીખે નિયમિતપણે પોસ્ટ કરવામાં આવતું "શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદ"નું મુખપત્ર : **"મંગલ મંદિર"**

**મુખ્ય કાર્યાલય**

**શ્રી કચ્છી જૈન ભવન,**
૪૩-૪૪, શ્રી બ્રાહ્મણ મિત્રમંડળ સોસાયટી,
પાલડી, એલિસબ્રિજ, અમદાવાદ-૩૮૦ ૦૦૬.
ફોન : (૦૭૯) ૪૮૯૦ ૬૦૦૨ થી ૬૦૦૫
ઈ-મેઈલ : kjssmangalmandir@gmail.com
વેબ-સાઈટ : www.kjss.org

**તંત્રી મંડળ**

- **અશોક મહેતા – મુખ્ય તંત્રી**
  **મો. ૯૮૭૯૦ ૬૩૧૦૦**
- **ફાલ્ગુની હિરેન – સભ્ય**
  **મો. ૯૮૨૫૦ ૧૬૬૭૭**
- **ચૌલા કુરૂવા – સભ્ય**
  **મો. ૯૩૨૭૦ ૭૫૪૮૮**
- **રસિક ખીમજી મહેતા – સભ્ય**
  **મો. ૯૩૨૮૨ ૪૯૦૬૯**

**કવર પેઇજ ડિઝાઈન**

**પ્રદીપ મહેતા : મો. ૯૮૨૫૦ ૬૧૧૬૦**

*અંકમાં પ્રસિધ્ધ થયેલ લેખો તથા અન્ય વિભાગની માહિતીઓ સાથે તંત્રીમંડળ સહમત છે તેમ માની લેવું જરૂરી નથી. રજૂ થયેલ વિચારો જે તે વ્યક્તિના હોય છે, જેની નોંધ લેવા વિનંતી.*

## લેખકોને નમ્ર વિનંતી

*'મંગલ મંદિર'માં પ્રગટ કરવા માટે વિપુલ પ્રમાણમાં લેખ સામગ્રી અમને મળતી રહે છે અને એટલે સ્વીકૃત કૃતિઓને પ્રગટ કરવાનું પણ સ્વાભાવિક રીતે વિલંબાય. મંગલ મંદિરના ધોરણને ધ્યાનમાં લઈ, પોતાની રચના મોકલતી વખતે લેખક સ્વવિવેક દાખવે તેવી વિનંતી છે.*

*એક સાથે એકથી વધુ કૃતિઓ ન મોકલવા વિનંતી.*

*ભાષાદોષ અને લાંબા લેખો અસ્વીકાર્ય બનશે તેની નોંધ લેવા વિનંતી. લેખમાં એકની એક વાતનું પુનરાવર્તન (રિપિટેશન) ટાળવું જરૂરી છે. કૃતિની હસ્તપ્રત સ્વચ્છ અને સુવાચ્ય હોવી જોઈએ. આશા છે કે, આ બાબતમાં લેખક મિત્રોનો સહકાર અમને મળી રહેશે.*

***– મુખ્યતંત્રી***

# અનુક્રમણિકા

**તંત્રી લેખ :**

- અંગદાન જેવી ઉત્કૃષ્ટ પ્રવૃત્તિ આ સમાજે હાથ પર લેવી જોઈએ .................... **અશોક મહેતા** ....... ૭

**પ્રેરણાત્મક પ્રસંગો**

- મણકો-૩ : ઔર જાનકારી દર્શકોં કો બતાઈયે .................... **સંકલન : ડૉ. આશિષ ચોક્સી** ....... ૯
- મણકો-૪ : 'આટલા વર્ષો પછી મને યાદ રાખવા બદલ – આભાર' ........................................ ૯

**સ્વાતંત્ર્ય સંગ્રામના ૭૫ શૂરવીરો**

- મણકો-૩ : રાસબિહારી બોઝ ................. **રાજ ભાસ્કર / અનંત શુક્લ / મધુકાંત પ્રજાપતિ** ..... ૧૧

**તહેવાર**

- ધૂળેટી ........................................ **ડૉ. મિહિર એમ. વોરા** ..... ૧૨

**રામ મંદિર**

- અયોધ્યામાં દેશવાસીઓનું સદીઓ જૂનું સ્વપ્ન સાકારીત નૂતન રામ મંદિર કેવું છે? ........................ **ભરત'કુમાર' પ્રા. ઠાકર** ..... ૧૪

**વ્યક્તિ વિશેષ**

- કચ્છી મહિલા સ્વાતંત્ર્ય સેનાની અને સમાજસેવિકા : પ્રમીલાબેન કુરૂવા ......... **સંજય પી. ઠાકર** ..... ૧૭

**તંદુરસ્તી**

- હર્નીયા ........................................ **ડૉ. તપન શાહ** ..... ૧૯

**તીર્થ દર્શન**

- દર્શન-૪૮ : શ્રી કાવી તીર્થ
- દર્શન-૪૯ : શ્રી ગંધાર તીર્થ ........................ **પ્રેષક : કે.ડી. શાહ** ..... ૨૦

**અન્ય સંસ્થાઓના સમાચાર**

- અન્ય સંસ્થાઓના સમાચાર ........................................ ૨૧

**નિયમિત વિભાગો**

- સવાલ અમારો... જવાબ તમારો.. : મણકો-૧૧ ................ **સંયોજક : પ્રભુલાલ કે. સંઘવી** ..... ૨૩
- *Nano Nine* શબ્દ રમત-૨૦૪ ........................ **સંકલન : રજનીકાંત પારેખ** ..... ૨૫
- *Nano Nine Sudoku* (ક્રમાંક-૧૧૬૭) ........................ **સંકલન : રજનીકાંત પારેખ** ..... ૨૭
- આંજો કાગર ........................................ ૨૮
- દેશ - વિદેશ ........................................ **ચૌલા કુરૂવા** ..... ૩૦
- જ્ઞાન વિજ્ઞાન / વૈજ્ઞાનિક માહિતી ........................ **સંકલન : રસીક ખીમજી મહેતા** ..... ૩૪
- ઉડતી નજરે ........................................ **સંકલન : રજનીકાંત પારેખ** ..... ૩૭
- અતીતના ઓવારેથી... : મણકો-૧૧. ........................ **અશોક મહેતા** ..... ૩૮
- આપણા ડૉક્ટર્સને પહેચાનો : મણકો-૧૦ : ડૉ. ગાર્ગીબેન વસાવડા .............. **અશોક મહેતા** ..... ૪૬

શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદના

**"પદાધિકારીશ્રીઓ"**

**મેનેજિંગ ટ્રસ્ટી**
શ્રી પ્રતાપ નારાણજી દંડ
મો. ૯૪૨૬૭ ૨૫૬૧૯

**ઉપપ્રમુખ-૧**
શ્રી શાંતિલાલ મુળજી સાવલા
મો. ૯૮૨૫૦ ૪૮૬૪૫

**ઉપપ્રમુખ-૨**
શ્રી હિરેન કુંવરજી શાહ
મો. ૯૮૨૫૦ ૧૩૭૧૫

**માનદ્ મંત્રી**
શ્રી રજનીકાંત ધરમશી પારેખ
મો. ૯૮૯૮૦ ૫૩૫૨૧

**સહમંત્રી**
શ્રી વિશાલ મહેન્દ્ર શાહ
મો. ૯૪૨૮૩ ૫૦૦૩૮

**ખજાનચી**
શ્રી વિમેશ ગુલાબચંદ શાહ
મો. ૯૮૭૯૧ ૧૦૪૬૭

**સહ ખજાનચી**
શ્રી નરેન્દ્ર જયંતીલાલ કોઠારી
મો. ૯૯૨૪૬ ૩૩૯૪૫

**શ્રી કચ્છી વિશ્રામ ગૃહનું સરનામું :**
શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદ સંચાલિત
શ્રી કચ્છી વિશ્રામ ગૃહ
અરિહંતનગર દેરાસરની સામે,
ગાંધી વિદ્યાલયની ગલીમાં, રચના સ્કૂલની પાછળ,
રાજસ્થાન હોસ્પિટલ પાસે, શાહીબાગ,
અમદાવાદ-૩૮૦ ૦૦૪.
ફોન : ૦૭૯-૨૨૮૮૪૫૪૭

**સેવા ભવનનું સરનામુ :**
શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદ સંચાલિત
માતુશ્રી કંકુબહેન કાનજીભાઈ રવજી (નાની ખાખરવાલા) સેવા ભવન, એસ. ટી સ્ટેન્ડ પાસે,
સત્કાર ગેસ્ટ હાઉસની સામે, રૂગનાથપુરા,
અમદાવાદ-૩૮૦ ૦૨૨.
ફોન : ૦૭૯-૨૫૪૬૧૨૭૦

**'મંગલ મંદિર'ના અંકો સમાજની વેબસાઈટ**
**www.kjss.org**
**ઉપર... *ઉપરાંત*....**
**www.hellokutchis.com**
**ઉપર વાંચી શકાય છે.**


## શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદ : સંસ્થા સમાચાર


- શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદ : દૈનિક ડાયરી ........ ૪૮
- વયસ્ક સમિતિ : કચ્છનો પ્રવાસ ........ ૫૨
- શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદના બેંક ખાતામાં રકમ જમા કરાવવા અંગે ........ ૫૪
- વયસ્ક સમિતિ : ઈમરજન્સી સારવાર વિશે વાર્તાલાપ ........ ૫૫
- પરમકૃપા મેડિકલ સેન્ટર - ચાંગોદર ........ ૫૭
- સેવા સ્વરૂપના સત્કાર્યની અનુમોદના ........ ૫૭
- અંગદાન સમિતિ ........ ૫૮
- સમાજ સુરક્ષા સમિતિ ........ ૫૮
- ભારતીબેન અશ્વિન સાવલાનું પેઈન્ટીંગ પ્રદર્શન ........ ૫૮
- શ્રી કચ્છી જૈન ભવન - પાલડી અને શ્રી કચ્છી વિશ્રામ ગૃહ - શાહીબાગ ખાતેની કેન્ટીનનો કોન્ટ્રાક્ટ . ૫૯
- 'મંગલ મંદિર'નું લવાજમ ભરનારાઓના નામની યાદી ........ ૫૯
- સરનામા ફેરફાર ● સગાઈ ● પરિણય મિલન ● અવસાન નોંધ ● સાભાર સ્વીકાર ........ ૬૦


## આ અંકમાં સમાવિષ્ટ કરેલ કાવ્યો


- સંબંધેં જી હધમેં ........ **દિવ્યા દેઢિયા 'દિવ્ય'** ..... ૧૦
- જીવનને મૂળથી વિસ્તાર કરવાનું ........ **ચંદ્રકાંત પટેલ 'સરલ'** ..... ૧૦
- ઉઠાંતરી ચોરી કહેવાય ........ **કેતના છેડા 'કેતુ'** ..... ૧૮
- હોય છે ........ **ભાનુબેન સાવલા** ..... ૨૨
- ગઝલ ........ **આબિદ ભટ્ટ** ..... ૨૨
- વ્યવહાર હોવો જોઈએ ........ **યુસુફ મીર** ..... ૨૬
- તાન્કા ........ **ઉમેશ જોષી** ..... ૨૬
- જીવનપથ ........ **રણજીતસિંહ રાણા** ..... ૨૯
- પ્રણયઘેલીનું ગીત ........ **યુસુફ મીર** ..... ૩૩
- પગરખું બોલે છે ........ **દેવચંદ ગાલા 'સાગરસાથી'** ..... ૩૬


*આધ્યાત્મિક જીવનશૈલી માટે અતિ મહત્ત્વપૂર્ણ કે ચમત્કૃત પણ કહી શકીએ એવી ભૂમિકા ભજવી શકે એવો આ શબ્દ — નિયંત્રણ.*

*નિયંત્રણ કેવો મજાનો શબ્દ...*

*કામ, ક્રોધ, મદ, લોભ કી, જબ લગ ઘટ મેં ખાણ ।*
*ક્યા મૂરખ ક્યા પંડિતા, દોનોં એક સમાન ।।*

*જે વ્યક્તિ પોતાના રોજિંદા જીવનમાં પણ પોતાના મનને નિયંત્રિત રાખી શકે છે, તે ખરેખર સાધક જ છે. કારણકે જગત નહીં, પણ પ્રતિપળ જો કોઈ આપણી પરીક્ષા કરતું હોય તો તે છે આપણું મન. જો કે મનના કોઈ ચોક્કસ સ્વરૂપનું તો વર્ણન કરવું કપરું છે, છતાંય એક અપેક્ષાએ એમ કહેવામાં જોખમ નથી કે, 'વિચારોનો સમૂહ એટલે મન.' એટલે જ જો વિચારો પર નિયંત્રણ તો મન નિયંત્રિત અને મન નિયંત્રિત એટલે અધ્યાત્મની યાત્રામાં સડસડાટ ગતિ.*

*ચેત્યા તો જીત્યા, નહિંતર હાર પાકી છે.*

*— ડૉ. ત્રિકાલદાસજી બાપુ, રાપર (વાગડ), કચ્છ*


Printed & Published by : **Mr. Pratap Dand,** For **Shri Kutchhi Jain Seva Samaj - Ahmedabad**.
Printed at : **Gajanand Offset,** Amraiwadi, Ahmedabad.
Published at : **Shri Kutchhi Jain Seva Samaj – Ahmedabad,** 43/44, Brahman Mitra Mandal Soc., Opp. Navchetan High School, Paldi, Ellisbridge, Ahmedabad-380 006. ● **Editor : Mr. Pratap Dand** ● **Yearly Subscription : Rs.150/-**

તંત્રી લેખ

# અંગદાન જેવી ઉત્કૃષ્ટ પ્રવૃત્તિ આ સમાજે હાથ પર લેવી જોઈએ



અશોક મહેતા

*શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદની અનેકવિધ પ્રવૃત્તિઓમાં સામાન્ય જન સમુદાયને અનુલક્ષીને કરવામાં આવતી મુખ્ય પ્રવૃત્તિઓની વાત કરીએ તો મેડિકલ સાઈડની સારવારની પ્રવૃત્તિઓ, સ્કીલ ડેવલપમેન્ટને લગતી પ્રવૃત્તિઓ અને અતિથિ ભવનની સગવડતાની પ્રવૃત્તિઓની ગણના કરી શકાય.*

*અતિથિ ભવનને લગતી પ્રવૃત્તિઓની વાત કરીએ તો હાલે આ સમાજ પાસે અમદાવાદના વિવિધ સ્થળે ૩ ભવનોમાં અંદાજિત ૧૦૦ જેટલા રૂમોની સગવડતા ઉપલબ્ધ છે. વર્ષ ૧૯૮૫માં ગીતા મંદિર ખાતે, વર્ષ ૧૯૯૭માં શ્રી કચ્છી જૈન ભવન - પાલડી ખાતે અને વર્ષ ૨૦૦૨માં શ્રી કચ્છી વિશ્રામ ગૃહ - શાહીબાગ ખાતે આ પ્રવૃત્તિઓ શરૂ કરવામાં આવી. હાલે યોગ્ય મેનેજમેન્ટ સિવાય ખાસ કોઈ અન્ય કાર્ય આ પ્રવૃત્તિ પાછળ કરવાનું રહેતું નથી.*

*મેડિકલ સારવારની વાત કરીએ તો પ્રથમ મેડિકલ સેન્ટર પાલડી ખાતે વર્ષ ૧૯૯૭માં શરૂ કરવામાં આવ્યું. ત્યારબાદ વર્ષ ૨૦૨૦ની આસપાસ બોપલ ખાતે અને વર્ષ ૨૦૨૩માં ચાંગોદર ખાતે આ મેડિકલ સેન્ટર શરૂ કરવામાં આવ્યા. અહીં સારવારની સાથે સાથે એક જ છત્રની નીચે વિવિધ પ્રકારના પરીક્ષણો પણ કરવામાં આવે છે. હાલે આ પ્રવૃત્તિના ક્ષેત્રે અંદાજિત ૧૩૦ ડૉક્ટર્સ, મેડિકલના વિવિધ વિભાગની ૨૫થી પણ વધુ બ્રાંચો દ્વારા દર મહિને ૧૫થી ૨૦ હજાર પેશન્ટની સારવાર કરવામાં આવી રહી છે. તદુપરાંત શાહીબાગ, બોપલ અને ગીતા મંદિર – એમ ૩ સ્થળોના ડાયાલિસીસ સેન્ટરોમાં ૮-૮ ડાયાલિસીસ મશીનની સગવડ સાથે દર મહિને ૭૦૦થી ૮૦૦ પેશન્ટની સારવાર કરવામાં આવે છે.*

*સ્કીલ ડેવલપમેન્ટ સેન્ટરની વાત કરીએ તો આ પ્રવૃત્તિ છેલ્લા દોઢ બે વર્ષથી શરૂ કરવામાં આવેલ છે. હાલે તે પ્રવૃત્તિઓ ગીતા મંદિર અને બોપલ ખાતે ચાલી રહેલ છે. અત્યાર સુધી લગભગ ૧૫૦ જેટલા યુવક - યુવતીઓને નર્સિંગ અથવા બ્યુટીના ક્ષેત્રે તાલીમ આપી, યોગ્ય સર્ટીફિકેટ અપાવી, જરૂરિયાતવાળા સ્થળે ૧૦ હજારથી રૂા. ૧૫ હજાર સુધીની જોબ અપાવી દેવામાં આવેલ છે.*

*ઉપરોક્ત ત્રણ પ્રવૃત્તિઓની વાત કરીએ તો સ્કીલ ડેવલપમેન્ટની પ્રવૃત્તિ દ્વારા બેરોજગારોને જોબ અપાવવામાં આવે છે. મેડિકલ સેન્ટર અને ડાયાલિસીસ સેન્ટરની વાત કરીએ તો સમાજના બીમાર લોકોને સ્વસ્થ અને કાર્યશીલ બનાવી સમાજમાં પરત મોકલવામાં આવે છે. અતિથિ ભવનની વાત કરીએ તો બહારગામથી આવતા લોકોને તેમના અમદાવાદના રોકાણ દરમિયાન રહેવા - જમવાની સુઘડ અને સલામત વ્યવસ્થા કરી આપવામાં આવે છે.*

*સમાજ દ્વારા કરવામાં આવતા આ ઉમદા કાર્યોની અમદાવાદનો સારોયે જનસમાજ તેની નોંધ લઈ, આ સમાજની પ્રવૃત્તિઓની વિશાળ પાયે પ્રશંસા કરી રહેલ છે.*

*વિશેષમાં જણાવવાનું કે તાજેતરના વર્તમાનપત્રોમાં નોંધ આવેલ કે સ્વૈચ્છિક અંગદાનની પ્રવૃત્તિઓમાં અન્ય રાજ્યો કરતાં ગુજરાત ખૂબ જ પાછળ છે. ગત વર્ષ દરમિયાન ગુજરાતના પડોશી રાજ્યોમાં રાજસ્થાનમાં ૩૫,૩૦૫ સ્વૈચ્છિક અંગદાન નોંધાયેલ હતા. દ્વિતીય ક્રમાંકે મહારાષ્ટ્રમાં ૨૫,૨૪૮ અને તૃતીય ક્રમાંકે મધ્ય પ્રદેશમાં ૨૦,૪૨૦ અંગદાન નોંધાયેલ હતા. ભારતભરના રાજ્યોની વાત કરીએ તો પ્રથમ દસ ક્રમાંકમાં ગુજરાતનો નંબર ક્યાંયે ન હતો. ગુજરાતમાં વર્ષભરમાં માત્ર ૧૯૩૬ અંગદાન નોંધાયા હતા. એક અંગદાતા ૮ લોકોનું જીવન બચાવે છે.*

તેના હૃદય, કિડની, આંખ વગેરે ૮ પ્રકારના અંગો અન્યોને કામ આવે છે. હાલે ભારતમાં ૨.૫૦ લાખ કિડની; ૮૦,૦૦૦ લીવર; ૫૦,૦૦૦ હૃદય અને ૧ લાખથી વધુ લોકો આંખના દાનની રાહ જોઈ રહ્યા છે. અંગદાનની પ્રવૃત્તિ એક ઉમદા અને ઉત્તમ કાર્ય છે કે જેમાં શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદ સવિશેષપણે પોતાનું પ્રદાન નોંધાવી શકે.

હાલે શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદની વિવિધ પ્રવૃત્તિઓ માટે વિવિધ સમિતિઓ કાર્યરત રહે છે. આ સમિતિઓમાં અંગદાનની પ્રવૃત્તિ માટે અંગદાન સમિતિ પણ કાર્ય કરે છે અને તે પોતાનાથી બનતી બધી કોશિશ આ ઉમદા પ્રવૃત્તિ માટે કરે છે. ભારતભરના અન્ય રાજ્યોની સરખામણીમાં ગુજરાતને અગ્રીમ સ્થળે પહોંચાડવાનો આપણો ધ્યેય રાખીએ તો સમાજના ટ્રસ્ટ મંડળ, કારોબારી સમિતિ, અંગદાન સમિતિ અને અન્ય કાર્યકરોએ આ પ્રવૃત્તિ પાછળ સારી એવી મહેનત કરી અંગદાન માટે યોગ્ય પરિણામો મેળવવા જોઈએ. આ ઉમદા પ્રવૃત્તિને જો શ્રી કચ્છી જૈન સેવા સમાજ યોગ્ય માત્રામાં વેગ આપી શકશે તો તેના મુગટ પર અન્ય ૩ પ્રવૃત્તિઓની કલગીની જેમ આ ચોથી કલગી પણ લાગી શકશે અને ભારતભરમાં આ સંસ્થાનું નામ રોશન થઈ શકશે.

નોંધવાલાયક બીના તો એ છે કે આ પ્રવૃત્તિ પાછળ કોઈ મૂડી રોકાણની જરૂરિયાત ન હોતાં, આ સમાજ તેને સારો એવો વેગ આપી, આ પ્રવૃત્તિના ક્ષેત્રે પણ હરણફાળ ભરી શકશે.

આશા રાખીએ કે સમાજનો કાર્યકર વર્ગ આ પ્રવૃત્તિને શક્ય ત્વરાએ હાથ પર લઈ, સમાજનું નામ આ દિશામાં પણ રોશન કરશે.

**૨૦૩, સવિતા એન્ક્લેવ, સમર્પણ બંગ્લોઝની બાજુમાં, જજીસ બંગલો ચાર રસ્તા પાસે,**
**બોડકદેવ, અમદાવાદ-૩૮૦ ૦૧૫. મો. ૯૮૨૫૩ ૨૨૬૮૯, ૯૮૭૯૦ ૬૩૧૦૦**

JITO **BE A GAME CHANGER** JITO

**JITO ADMINISTRATIVE TRAINING FOUNDATION**

**Invites GRADUATES to join the Indian Civil Services &**
**Be an INFLUENCER In India's Policy Making**

**CIVIL SERVICES : UPSC / SPSC to BECOME IAS / IPS / IRS / DC / DYSP**

- Age : 20 to 28 Years
- BRIGHT & BRILLIANT GRADUATES
- SELECTION BY CET EXAM & INTERVIEW

PREFERENCE TO THOSE
FROM IIT, IIM, NIT, IIIT, NLU, MBBS & CA

**CENTERS AT : DELHI, JAIPUR, INDORE, PUNE & BENGALURU**

LAST DATE OF REGISTRATION FOR CET-2024 : THURSDAY, 25th APRIL, 2024
CET-2024 EXAM ON : SUNDAY, 5th MAY 2024

FOR ONLINE REGISTRATION
VISIT :
WWW.JATFADMISSION.ORG

**FACILITIES OFFERED :** ★ Subsidised coaching and in-house test series / Counselling.
★ Guidnace & Mentoring by Senior Civil Officers ★ Competitive & Cultured environment
★ Library with latest books & Wi-fi ★ Lodging, boarding with Jain Food.

**HEAD OFFICE : Plot No. A-56, Road No. 1 MIDC Marol, Next to The International by Tunga Hotel, Mulgaon, Andheri (East), Mumbai - 400 093. Website : www.jatf.in**

**For further enquiry please contact on Hotline 865598688 or on 011-4004 6246 / 47 / 48**

પ્રેરણાત્મક પ્રસંગો

# મણકો-૩ : ઔર જાનકારી દર્શકોં કો બતાઈએ
# મણકો-૪ : 'આટલા વર્ષો પછી મને યાદ રાખવા બદલ – આભાર'

• સંકલન •
ડૉ. આશિષ ચોક્સી

## મણકો - ૩ : ઔર જાનકારી દર્શકોં કો બતાઈએ

**૮ એપ્રિલ, ૨૦૧૭.** સવારે ૧૦ વાગ્યાની આસપાસ છત્તીસગઢની પ્રખ્યાત હિંદી ટી.વી. ચેનલ આઈબીસી-૨૪ ના ૨૮ વર્ષના એન્કર સુપ્રિતકૌર લાઇવ ન્યુઝ વાંચી રહ્યાં હતાં. લગભગ પાંચેક મિનિટનું ન્યુઝ બુલેટીન પૂરું થયું હશે ત્યાં ચાલુ બુલેટીને એક કાર અકસ્માત સમાચારનું લાઇવ ફોન-ઈન લેવાનું થયું. કાર અકસ્માતમાં મૃતક વિશે તેમણે માહિતી મેળવી.

અકસ્માતનો વીડિયો જોઈ સંવાદદાતા ધનંજયને કહ્યું, 'ઔર જાનકારી દર્શકોં કો બતાઈએ.' સંવાદદાતા ધનંજયે માહિતી આપી કે આ રેનોલ્ટ ડસ્ટર ગાડી નેશનલ હાઈવે નંબર ૩૫૩ પર મહાસમુંદ જિલ્લાના પીઠારા ગામ પાસેથી પસાર થતી હતી. તેમાં પાંચ વ્યક્તિ હતા. એક ટ્રકે બહુ ખરાબ રીતે ગાડીને પાછળથી ટક્કર મારી. ટ્રક સાથે અથડામણને કારણે ત્રણ વ્યક્તિઓ તો ઘટના સ્થળે જ મૃત્યુ પામ્યા છે. બાકીના બેની હાલત હોસ્પિટલમાં ખૂબ ગંભીર છે.

પડદા પર આ સમાચાર જોતાં લોકોને એમ જ હતું કે સુપ્રિતકૌરે કાર અકસ્માતમાં ત્રણ મૃત્યુ થયા એટલે જરા વધુ વિગતથી સમાચાર દર્શકોને જણાવી રહ્યા છે પણ ન્યુઝરૂમમાં બેઠેલા સુપ્રિતકૌરના બાકીના સાથીઓની આંખો આંસુથી ભીંજાઈ ગઈ હતી. ૧૫ મિનિટના આ સમાચાર બુલેટીનમાં હજુ ૧૦ મિનિટ બાકી હતી જે સુપ્રિતકૌરે પૂરી સ્વસ્થતાથી પૂરી કરી. સમાચાર બુલેટીન પૂરું થતાં જ ન્યુઝરીડર સુપ્રિતકૌરે ફરીથી રીપોર્ટરને ફોન કર્યો અને ભાંગી પડ્યા હતા.

ચાલુ સમાચારે જે કાર અકસ્માતનું લાઇવ-ઈન લેવાયું તેમાંની **ત્રણમાંથી એક મૃતક વ્યક્તિ સુપ્રિતકૌરના પતિ હર્ષદ કવાડે પણ હતા.** વહેલી સવારે આ જ રૂટ અને રેનોલ્ટ ડસ્ટર ગાડીમાં પોતાના પતિ ટ્રાવેલિંગ કરવાના હતા તેની સુપ્રિતકૌરને જાણ હતી.

- **છેલ્લો બોલ :**

***પોતાના પતિના સંભવિત મૃત્યુને આંખ સામે જોયા છતાં પોતાની ફરજને સંયમ ગુમાવ્યા વિના સમર્પિતતા સાથે પૂરી કરનાર ન્યુઝ રીડરને ધન્ય છે. આવી વ્યક્તિઓ માટે ઈશ્વર પણ પોતાની ફરજ ચોક્કસ સમયે પૂરી કરે છે.***

## મણકો - ૪ : 'આટલા વર્ષો પછી મને યાદ રાખવા બદલ – આભાર'

**૧૧ ફેબ્રુઆરી, ૨૦૦૯ :** અમેરિકાના બોસ્ટનની કિંગડમ સ્ટ્રીટ. **૭૧ વર્ષીય વિલિયમ કેરોલ** નેવી બ્લ્યુ કલરના ફાયર ફાઈટરના યુનિફોર્મમાં કારમાંથી ઉતર્યા. આજે અહીં તેઓ એક ખાસ વ્યક્તિને મળવાના હતા. આ મુલાકાત 'ધ ગ્લોબ' નામનાં વર્તમાનપત્રએ ગોઠવી હતી. વિલિયમ કેરોલ થોડાં વર્ષો પહેલા જ ફાયર ફાઈટર તરીકે ૪૫ વર્ષ સેવા આપી પોતાની ફરજમાંથી નિવૃત્ત થયા હતા. તેઓ ૪૧ વર્ષીય એવેન્જેલીન નામની મહિલાને મળ્યા.

મળતાવેંત બંનેએ એકબીજાનો હાથ પકડ્યો. વિલિયમ કેરોલ બોલ્યા, 'છેલ્લે તને જોઈ હતી એના કરતાં તું ખૂબ મોટી થઈ ગઈ છું. આટલા વર્ષો પછી પણ મને યાદ રાખવા બદલ આભાર.' એવેન્જેલીન દોઢ વર્ષની હતી અને વિલયમ કેરોલ ૩૧ વર્ષના હતા ત્યારે બંને આ જ જગ્યાએ ભેગા થયા હતા. ૪૦ વર્ષ બાદ બંને એ જગ્યાએ જ મળ્યા.

હાલ ૪૧ વર્ષીય એવેન્જેલીન જે વ્યવસાયે નર્સ અને શિક્ષક હતી, તેણે કહ્યું, 'હું ૧૦૦ વર્ષ જીવી શકું તો પણ તમને ના ભૂલી શકું. તમને 'થેંક યુ' કહ્યા વિના મારે આ દુનિયા છોડવી નથી. એવેન્જેલીનાએ શા માટે વિલિયમ કેરોલને થેન્ક્સ કહેવું હતું તે આગળ જાણીએ.

**૭ નવેમ્બર, ૧૯૬૮ :** અમેરિકાના બોસ્ટન શહેરમાં બ્લેક અને વ્હાઈટ લોકો વચ્ચે રમખાણ ચાલી રહ્યા હતા. બોસ્ટનના રોક્સીબરી પબ્લિક હાઉસિંગમાં રહેતા એક બ્લેક પરિવારના ઘરમાં કોઈકે આગ ચાંપી દીધી. ફાયર ફાઈટરો આવી ગયા હતા. તેમણે પરિવારના બધા સભ્યોને બહાર કાઢ્યા. ફક્ત એક વર્ષની એવેન્જેલીન અંદર રહી ગઈ હતી.

ઘટ્ટ ધુમાડા અને ભીષણ જ્વાળાઓ વચ્ચે **વિલિયમ**

**કેરોલ નામનો ૩૧ વર્ષીય બાહોશ ફાયર ફાઈટર** પોતાના જીવના જોખમે ઘરમાં પ્રવેશ્યો. ખૂબ જ ધુમાડા અને આંખોમાં બળતરા વચ્ચે વિલિયમ કેરોલને કશું દેખાતું ન હતું. નજીકની બારીમાં ધડાકો થયો, બારીનો કાચ તૂટ્યો. અંદરની બાજુ બેભાન હાલતમાં કોઈ હલન-ચલન વિના જમીન પર પડેલી બેબી (એવેન્જેલીન) તેને દેખાઈ.

વિલિયમે ખૂબ જ કાળજીથી એક વર્ષની એવેન્જેલીનને ઉઠાવી. તેનો ચહેરો ઢાંકી, આગની જ્વાળાઓ વચ્ચે પેટેથી ઘસડાઈને તે બહાર આવ્યો. તેણે જોયું કે એવેન્જેલીનના શ્વાસ બિલકુલ બંધ છે. બહાર આવતા તુરંત જ તેણે એવેન્જેલીનના મોંમાં ફૂંકો મારી કૃત્રિમ શ્વાસ (માઉથ ટુ માઉથ રેસ્પીરેશન) આપ્યા. **દેવના દૂત જેવી એક વ્હાઈટ વ્યક્તિના સમર્પિત પ્રયત્નોએ એક બ્લેક બાળકને બચાવી લીધું.**

એ વખતે આખા અમેરિકામાં આ વાત અને તસવીર પ્રકાશિત થઈ. વિલિયમના પ્રયત્નોને ખૂબ વખાણાયા. એવેન્જેલીન મોટી થતી ગઈ. તે ૧૯૬૮ની ઘટનાના છાપાના કટીંગ અને તસવીરો ઘણીવાર જોતી. તેના મનમાં પોતાને નવું જીવન આપનાર વ્યક્તિને મળવાની ઇચ્છા વધતી જતી હતી. તેના માતા-પિતા પાસેથી તે જ્યારે જ્યારે આ વાત સાંભળતી ત્યારે વિલિયમ કેરોલ અત્યારે ક્યાં હશે? તેઓ શું કરતાં હશે? તે જાણવાની તીવ્રતા વધતી જતી હતી.

૧૮મા વર્ષે તેણે વિલિયમ કેરોલને મળવા ખૂબ પ્રયત્નો કર્યા. તેના ૩૫મા વર્ષે (૨૦૦૩માં) તે બોસ્ટનના ફાયર ડિપાર્ટમેન્ટમાં ગઈ પણ ત્યાંથી જવાબ મળ્યો કે અમે અમારા કર્મચારીઓના સરનામા ગુપ્ત રાખીએ છીએ. તેણે પોતાનું એડ્રેસ અને નંબર આપી રાખ્યો કે કદાચ વિલિયમ કેરોલ સુધી પહોંચે.

૨૦૦૯ના જાન્યુઆરીમાં એક હોનારતમાં કેવિન કેલી નામના ફાયર ફાઈટરનું નિધન થયું તે સમાચાર અમેરિકાના વર્તમાનપત્રોમાં મુખ્ય સમાચાર તરીકે આવ્યા. આ વખતે એવેન્જેલીનને થયું કે મને બચાવનાર વિલિયમ કેરોલ કે હું બંનેમાંથી કોઈનું પણ પહેલા મોત આવી શકે છે. મારે તેમને 'થેંક્યુ' કહ્યા પહેલા આ દુનિયામાંથી વિદાય નથી લેવી.

છેવટે 'ધ ગ્લોબ' અખબાર તેની મદદે આવ્યું. **૪૦ વર્ષ પછી બંનેની મુલાકાત એ ઘટના બની હતી તે જ સ્થળે ગોઠવી.**

- **છેલ્લો બોલ :**

*ફિલ્મ 'સરબજીત'માં સરબજીતનું પાત્ર ભજવનાર રણબીર હુડ્ડાએ ૨૭ જૂન, ૨૦૨૨ના દિવસે આ દુનિયામાંથી વિદાય લેનાર સ્વ. સરબજીતની બહેન દલબીરના અંતિમ સંસ્કાર કરી સાબિત કર્યું કે રીલ લાઈફમાં અભિનય કરનારા રીયલ લાઈફમાં પણ પોતાની ફરજો શ્રેષ્ઠ રીતે પૂરી કરે છે.*

## સંબંધેં જી હધમેં

અસીં તીં અઇં પણ વસોં હિન જ જગમેં
સુગાણું ઢકલ અઇં સંબંધે જી હધમેં.

સચો કેર ખોટો તરકસેં સમજણું,
બુધી માપજેં કીં જ ઘટમેં ક વધમેં.

ધરીયો વિઠો વાડ પથરેને ચોફેર,
નતો માપજે વેંથ મીટર ક ગજમેં.

સચો પ્રેમ યારી મિલે જ નિસીભેં,
ખિલે ચાંધ સોરોં કલાએં સે અભમેં.

વસેંતા પખી, વણ ખુસીસેં જુલેંતો
અચે જાન ટારેં, લચેં પન પ ટગમેં.

પકી તાં ખબર નં કિતે આય વિનણું,
સમોં જી ઇ સંઘર બધલ આય પગમેં.

સચેજી કસૉટી અસોસાર ગિનજે,
ફિરે 'દિવ્ય' કૂડો અકડ થિઈ વટમેં.

*દિવ્યા દેઢિયા 'દિવ્ય' – વડાલા, મુંબઈ*
*મો. ૯૩૨૦૦ ૦૬૨૯૩*

## જીવનને મૂળથી વિસ્તાર કરવાનું

વિચાર્યું સૌએ જીવનને નવા શણગાર કરવાનું
વિચાર્યું ના કદી આ દેહનો ઉધ્ધાર કરવાનું!

જીવનને અટકળે બાંધી બધાં જીવી રહ્યાં બેશક,
ન શીખ્યા વાસ્તવિક્તાનો કદી સ્વીકાર કરવાનું!

કરી નાખ્યું બધે વેરાન જેવું વૃક્ષ કાપીને,
કરી ના માવજત, ના આવડ્યું આધાર કરવાનું.

દિલાસા દઇ સહુ ચાલી જતાં સંકટ ને દુ:ખોમાં,
કોઈને યાદ આવે ના સહજ સહકાર કરવાનું!

ભલેને રંગરોગાનો કર્યા ભીંતે ભલી ભાતે,
છતાં બાકી રહ્યું છે મોભમાં પસવાર કરવાનું.

ડૂબ્યો છે આખરે તો ખારવાનો દીકરો દરિયે,
હતું ગુમાન એને સાત દરિયા પાર કરવાનું!

બધુંયે એક વર્તુળમાં પુરાઇ થૈ ગયું સીમિત,
ભૂલાયું જો જીવનને મૂળથી વિસ્તાર કરવાનું.

*ચંદ્રકાંત પટેલ 'સરલ' - માણાવદર (જિ. જૂનાગઢ)*
*મો. ૮૭૩૫૯ ૦૨૪૨૪*

સ્વાધીનતા સંગ્રામના ૭૫ શૂરવીરો

## સ્વાધીનતા સંગ્રામના ૭૫ શૂરવીરો

## મણકો - ૩ : રાસબિહારી બોઝ

• લેખક •
રાજ ભાસ્કર /
અનંત શુક્લ /
મધુકાંત પ્રજાપતિ

### રાસબિહારી બોઝ

*જન્મ : ૨૫ મે, ૧૮૮૬ • મહાપ્રયાણ : ૨૧ જાન્યુઆરી, ૧૯૪૫*

રાસબિહારી બોઝનો જન્મ ૨૫ મે, ૧૮૮૬ના રોજ થયો હતો. રાસબિહારી બોઝ બંગાળના વર્ધમાન જિલ્લાના સુબાલદહ ગ્રામના વતની હતા. નોકરીની શોધમાં તેઓ ઉત્તર ભારતમાં જઈ ચડેલા. સીમલામાં એક છાપખાનામાં નોકરી મળી પણ તેમાં ન ફાવ્યું એટલે દહેરાદુનમાં વન વિભાગમાં જોડાયા. આ નોકરી એમને ગમતી થઈ પડી. કારણકે બાળપણથી તે દેશભક્તિના રંગે રંગાયેલા હતા અને યુવાન થતાં ક્રાંતિકારી બનવાનો તેમનો વિચાર હતો. અને આ નોકરીના સ્થાને તેની પ્રયોગશાળામાં બોમ્બ બનાવવાનું શીખી શકાય તેમ હતું. અહીંની પ્રયોગશાળાના અધ્યક્ષ પૂરનસિંહના માધ્યમથી તેઓ પંજાબના ક્રાંતિકારીઓના સંપર્કમાં આવ્યા. વિષ્ણુ ગણેશ પીંગળે સાથે મળી ગદર ચળવળમાં તેમણે સક્રિય ભૂમિકા ભજવી. ૧૯૧૨માં દિલ્હીમાં વાઈસરૉય હાર્ડીંગ પરના હુમલામાં અને ૧૯૧૩માં લાહોરના લોરેન્સ ગાર્ડનના બોમ્બ વિસ્ફોટમાં તેઓ પ્રમુખ સૂત્રધાર રહ્યા. એક સાથીની કમજોરીના કારણે વર્ષ પછી ષડયંત્રનો ભાંડો ફૂટ્યો. સરકારે વિસ્ફોટકારીઓની ધરપકડ કરવા માંડી. રાસબિહારી પોલીસને થાપ આપી બંગાળ તરફ ચાલ્યા ગયા. પાસપોર્ટમાં પ્રિયનાથ ઠાકુર નામ લખાવી ત્યાંથી રવીન્દ્રનાથ ટાગોર સાથે જાપાન પહોંચી ગયા. ૧૯૧૬થી ૧૯૨૩ સુધી જાપાનમાં બનાવટી નામ હાયસી ઈયોરો રાખીને જીવન ગુજાર્યું. આ સાત વર્ષના ગાળામાં તેમને સત્તર વખત પોતાનું સ્થળ બદલવું પડ્યું. બાદમાં તેમણે જાપાનનું નાગરિકત્વ પ્રાપ્ત કરી લીધું. જાપાની ભાષા શીખીને તેમાં કેટલાંક પુસ્તકો પણ લખ્યાં, જેના દ્વારા જાપાનમાં અંગ્રેજો વિરુદ્ધ વાતાવરણ ઊભું કર્યું. એશિયાઈ યુવક સંઘનું નિર્માણ કરીને એશિયાઈ દેશોને અંગ્રેજો વિરુદ્ધ લડવાનો સંદેશો આપ્યો. આ પછી તેમણે ભારતીય સ્વાધીનતા પરિષદની સ્થાપના કરી. તેના અંતર્ગત યુદ્ધ પરિષદ નામની એક અલગ શાખા અસ્તિત્વમાં આવી, જેના દ્વારા સૈનિકોનું સંગઠન કરીને તેમનામાં અંગ્રેજો વિરુદ્ધ આક્રોશ ઉત્પન્ન કરવાનું અભૂતપૂર્વ કાર્ય કરવામાં આવ્યું. આ યુદ્ધ પરિષદમાંથી પ્રેરણા લઈને સુભાષચંદ્ર બોઝે ૨૧ ઓક્ટોબર, ૧૯૪૩ના દિવસે આઝાદ હિન્દ ફોજની રચના કરી. જાપાન સરકાર પર દબાણ કરીને તેમણે જ સુભાષચંદ્ર બોઝને જર્મનીથી જાપાન બોલાવ્યા હતા. ભારતમાં આ બંને નેતાઓ ક્યારેય મળ્યા જ નહોતા. ૪ જુલાઈ, ૧૯૪૩ના દિવસે સીંગાપુરના કૈથો ભવનમાં એક સમારોહ યોજી આઝાદ હિંદ આંદોલનની બાગડોર તેમણે સુભાષબાબુને સોંપી દીધી. સતત દોડધામને કારણે તેમનું શરીર કથળ્યું. એમાં પત્ની અને પુત્રના મૃત્યુના કારમા આઘાત ઉપરા ઉપરી સહન કરવાના થયા. ભારતમાતાની આઝાદી ઝંખતા આ ક્રાંતિકારીએ આઝાદીના બે વર્ષ પૂર્વે જાપાનની ધરતી પર ૨૧ જાન્યુઆરી, ૧૯૪૫ના રોજ મહાપ્રયાણ કર્યું.

**Relitrade Stock Broking Pvt. Ltd.**

**SERVICES**

- Equity Trading
- Derivatives
- Commodities
- Mutual Funds
- Depository Services
- IPO
- Online Trading
- Margin Trading Fund
- SLBM

**Relitrade Stock Broking Pvt.**

'O' Block, Mondel Retail Park, Nr. Rajpath Club,
S.G. Highway, Ahmedabad - 380 059.
**E-mail : wecare@relitrade.in**
**Contact : (079) 6819 9999**

તહેવાર

# ધૂળેટી



ડૉ. મિહિર એમ. વોરા

આ વર્ષે ૨૫ માર્ચના રોજ ભારત સહિત વિશ્વમાં ધૂળેટી રમાનાર છે. હોળી – જેને રંગોનો તહેવાર પણ કહેવામાં આવે છે તે ભારત, સુરીનામ, ગુયાના, ટ્રીનિડાડ, યુનાઇટેડ કિંગ્ડમ અને નેપાળમાં ભારે લોકચાહના ધરાવતો હિંદુ તહેવાર છે. તેને ‘દોલયાત્રા’ કે ‘વસંતોત્સવ’ તરીકે પણ ઓળખવામાં આવે છે.

આ તહેવારનો પ્રથમ દિવસ હોળી અને બીજો દિવસ ધૂળેટી તરીકે ઓળખાય છે. હોળી ફાગણ માસની પૂનમના દિવસે મનાવવામાં આવે છે. આ દિવસે સાંજે ગામના પાદર કે મુખ્ય ચોક જેવા સ્થાન પર છાણા, લાકડાની ‘હોળી’ ખડકવામાં આવે છે. ત્યારબાદ બધા લોકો ત્યાં વાજતે ગાજતે (ઢોલ, શરણાઈ જેવા વાજિંત્રો વગાડતાં) એકઠા થાય છે અને હોળી પ્રગટાવવામાં આવે છે. લોકો તેની પ્રદક્ષિણા કરે છે તેમજ શ્રીફળ વગેરે પવિત્ર મનાતી વસ્તુઓથી તેનું પૂજન કરે છે. જો કે ભારતમાં વિવિધ પ્રાંતો અને સમુદાયોમાં હોળીની ઉજવણીની અલગ અલગ રીતો હોય છે. પરંતુ દરેકની ભાવના એક જ હોય છે કે હોળી પ્રગટાવી અને આસૂરી તત્ત્વોનો નાશ કરવો અને દૈવી શક્તિઓનું સન્માન કરવું. હિંદુ ધર્મમાં આને લગતી ‘હોળીકા અને પ્રહલાદ’ની કથા બહુ જાણીતી છે.

હોળીના બીજા દિવસે ધૂળેટી મનાવાય છે. આ તહેવાર ‘રંગોનો તહેવાર’ એટલે જ કહેવાય છે કે આ દિવસે સવારથી સૌ કોઈ નાના મોટા એકબીજા પર અબીલ-ગુલાલ તેમજ કેસુડાના રંગો છાંટી પોતાનો ઉત્સાહ અને આનંદ વ્યક્ત કરે છે. જો કે હવેના સમયમાં ક્યાંક ક્યાંક રાસાયણિક રંગોનો ઉપયોગ પણ કરાય છે. જેનો ઉપયોગ બને તેટલો ટાળવો હિતાવહ છે. આંધ્ર પ્રદેશમાં હોળીકા દહનનો તહેવાર ‘કામ દહન’ તરીકે ઓળખાય ચે.

હોળી સાથે પૌરાણિક કથા સંકળાયેલી છે. વૈષ્ણવ માન્યતા અનુસાર, હિરણ્યકશ્યપ એ દાનવોનો રાજા હતો અને તેને બ્રહ્માજીનું વરદાન હતું કે તે ‘દિવસે કે રાત્રે, ઘરની અંદર કે બહાર, ભૂમિ પર કે આકાશમાં, માનવ દ્વારા કે પ્રાણી દ્વારા, અસ્ત્ર કે શસ્ત્ર દ્વારા કોઈપણથી તેનું મૃત્યુ થશે નહીં.’ આ વરદાનને કારણે તે લગભગ અમર બની ગયો. તેને મારવો લગભગ અસંભવ થઈ ગયું. આથી તે અભિમાની અને અત્યાચારી બની ગયો. સ્વર્ગ અને પૃથ્વી પર બધે જ હાહાકાર મચાવી દીધો. તેણે ઈશ્વરને પૂજવાનું પણ બંધ કરાવ્યું અને પોતાની પૂજા કરાવવાનું શરૂ કર્યું.

આ દરમિયાન, હિરણ્યકશ્યપનો પોતાનો દીકરો પ્રહલાદ, જે ભગવાન વિષ્ણુનો ભક્ત હતો, તેને કંઈ કેટલાં પ્રલોભનો તથા બીક બતાવી તેને ઈશ્વર ભક્તિથી દૂર કરવાના પ્રયત્નો કર્યા પરંતુ પ્રહલાદ ડગ્યો નહીં અને પોતાની ભક્તિ ચાલુ રાખી. તેણે પ્રહલાદને મારવા માટે પણ કંઈ કેટલાય ઉપાય કર્યા, પરંતુ ઈશ્વરકૃપાથી તે દરેક નિષ્ફળ રહ્યા. અંતે પ્રહલાદને મારવાનાં ઉદ્દેશથી હિરણ્યકશ્યપે પ્રહલાદને, પોતાની બહેન હોળીકાના ખોળામાં બેસી, અગ્નિ પરીક્ષા આપવાનો આદેશ આપ્યો. હોળીકા, કે જેની પાસે એક એવી ઓઢણી (સ્ત્રીઓએ માથે ઓઢવાનું કાપડ) હતી કે જે તેને ધારણ કરે તેનાથી અગ્નિ પણ બાળી શકે નહીં. પ્રહલાદે પિતાની આજ્ઞાનું પાલન કર્યું અને વિષ્ણુને પોતાનો જીવ બચાવવા માટે પ્રાર્થના કરી. અંતે જ્યારે અગ્નિ પ્રગટાવવામાં આવ્યો ત્યારે પેલી ઓઢણી હોળીકાના માથા પરથી ઉડી અને પ્રહલાદને વીંટળાઈ ગઈ. આથી હોળીકા અગ્નિમાં બળીને ભસ્મ થઈ અને પ્રહલાદ સાજો સારો બહાર આવ્યો. આમ, હોળીકાનું દહન થયું તે ઘટના હોળી ઉત્સવનું કારણ બની. પછીથી ભગવાન વિષ્ણુ દ્વારા હિરણ્યકશ્યપના વધની કથા આવે છે. જેમાં વિષ્ણુએ નૃસિંહ અવતાર ધારણ કરી (જેમાં ભગવાનનું અડધું શરીર મનુષ્યનું અને અડધું શરીર સિંહનું છે) અને બરાબર સંધ્યા સમયે, ઘરના ઉંબરા વચ્ચે, પોતાના ખોળામાં પાડીને, પોતાનાં નખ દ્વારા ચીરી નાખી, હિરણ્યકશ્યપનો વધ કર્યો. આમ, આસૂરી શક્તિઓ પર દૈવી શક્તિઓના વિજયનું આ પર્વ છે.

આ ઉપરાંત અન્ય કથાઓ પણ પ્રચલિત છે. જેમાં રાધા અને કૃષ્ણના દિવ્ય પ્રેમની કથા તથા શિવજી દ્વારા કામ દહનની કથા પણ છે. હોળી બ્રહ્માંડમાં તેજનો તહેવાર પણ છે. આ તહેવાર દરમિયાન, બ્રહ્માંડમાં અલગ અલગ તેજકિરણો પ્રસરે છે. જે વાતાવરણમાં અલગ અલગ રંગો અને આભાઓ પ્રકાશિત કરે છે.

નરસિંહ મહેતાના સમય પહેલાં ગુજરાતમાં ફાગુકાવ્યો લખાતા હતા. આ ફાગુમાં વસંતના વર્ણનો જોવા મળે છે. તેમજ વસંતની માનવમન પરથી માદક અસરનું ચિત્રણ, હોળી ખેલવાની તથા શૃંગાર ક્રિડાની વાતો આવે છે.

આ પ્રકારના કાવ્યોમાં પ્રથમ વસંતનું વર્ણન આવતું અને પ્રકૃતિના મદીલા વાતાવરણનો માનવમનને કેવો નશો ચઢે છે તે દર્શાવાતું. તેમાં વિરહી સ્ત્રીને પ્રકૃતિ કેવી રીતે દુઃખી કરે છે તે દર્શાવાતું.

ગુજરાત અને ખાસ કરીને સૌરાષ્ટ્રમાં હોળીને 'હુતાસણી'થી પણ ઓળખવામાં આવે છે. હોળીના બીજા દિવસ ધૂળેટીને 'પડવો' કહેવામાં આવે છે. અમુક વિસ્તારોમાં હોળી પછીનાં બે કે ત્રણ દિવસ આ તહેવાર ઉજવાય છે. જેને બીજો પડવો, ત્રીજો પડવો એમ ગણવામાં આવે છે. આ દિવસોમાં પુરૂષો દ્વારા દાંડિયા રાસ રમવાનો રીવાજ પણ, ખાસ કરીને પોરબંદર વિસ્તારમાં છે. ઘણા આદિવાસી વિસ્તારોમાં હોળી પ્રગટાવ્યા પછી તેની આસપાસ પારંપરીક નૃત્ય કરવામાં આવે છે. યુવાનો દ્વારા આ દિવસોમાં શૌર્યપૂર્ણ રમતો રમવામાં અને વિવિધ પારંપરીક હરીફાઈ યોજવામાં આવે છે. જેમકે ઘોડાદોડ, આંધળો પાટો, શ્રીફળ ફેંકવાની હરીફાઈ વગેરે. ગ્રામ્ય વિસ્તારોમાં હોળીનાં દિવસોમાં ગામ લોકો વાજતે ગાજતે ગામમાં બધા જ લતાઓ કે વિસ્તારોમાં ફરી અને હોળી માટેનો ફાળો (ગોઠ) ઉઘરાવવા નીકળે છે. આ લોકોને ઘેરૈયાઓ કહેવાય છે.

હોળીનાં દિવસે જેને ત્યાં ગત વર્ષમાં દિકરાનો જન્મ થયો હોય તે લોકો બાળકને શણગારીને હોળીની પ્રદક્ષિણા કરાવે છે તથા ગામ લોકોને પતાસા તથા ખજુર વગેરેની 'લાણ' વહેંચે છે. આ પ્રસંગને દિકરાની વાડ કહેવામાં આવે છે.

હોળીનાં દિવસે હોળી પ્રગટાવ્યા પછી મોડી રાત્રી સુધી હોળીની આસપાસ બેસી અને જે ગીતો કે દુહાઓ ગાવામાં આવે છે તેને 'હોળીના ફાગ' તરીકે ઓળખવામાં આવે છે. (આ પરંપરા હજુ અમુક ગ્રામ્ય વિસ્તારોમાં ચાલુ છે.) આ હોળીનાં ફાગ એક પ્રકારે વસંતોત્સવનું પ્રતીક છે. જેમાં થોડી શૃંગારીક ભાષાનો ઉપયોગ થાય છે. આમાં પ્રકૃતિનું રસિક વર્ણન તેમજ સ્થાનિક પ્રેમગાથાઓ પણ વણી લેવાયેલા હોય છે.

વૈષ્ણવ ધર્મમાં રાધા-કૃષ્ણ કે ગોપીજનો વચ્ચે રમવામાં આવતી હોળીનાં વર્ણનનાં સુંદર ગીતો મળી આવે છે. જે મહદાંશે વ્રજ ભાષામાં હોય છે.

ગુજરાતી, હિંદી અને અન્ય ભારતીય ચલચિત્રોમાં હોળીના ગીતો ભરપૂર પ્રમાણમાં મળી આવે છે.

*અમુક પ્રસિદ્ધ ગીતો જોઈએ તો...*

***'રંગ બરસે ભીગે ચુનરવા...'***

***'હોલી કે દિન દિલ ખીલ જાતે હૈ...'***

ભારતના મહાન ભક્ત કવિઓએ પણ હોળીનું વર્ણન કરતા ભજનો લખ્યા છે. જેમાં...

***'રંગ દે ચુનરિયા...' – મીરા બાઈ***

***'કિનુ સંગ ખેલું હોલી...' – મીરા બાઈ***

*સંદર્ભ : વિવિધ અખબારી અહેવાલો અને વિકીપીડિયા*

***"પરમેશ્વરી", પ્લોટ નંબર ૧૬૫, હોસ્પિટલ રોડ,***
***વિજયનગર એરિયા, ભુજ, કચ્છ-૩૭૦ ૦૦૧.***
***મો. ૯૪૨૮૦ ૭૭૨૯૫***

## શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદ

### શ્રી કચ્છી જૈન ભવન - પાલડી અને શ્રી કચ્છી વિશ્રામ ગૃહ - શાહીબાગ ખાતેની કેન્ટીનનો કોન્ટ્રાક્ટ

***શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદ દ્વારા તેના પાલડી અને શાહીબાગ ખાતે આવનારા ઉતારુઓ માટે કેન્ટીનની સગવડ પૂરી પાડવામાં આવે છે. આ કેન્ટીનનો કોન્ટ્રાક્ટ તા. ૧-૪-૨૦૨૪થી તા. ૩૧-૩-૨૦૨૭ – એમ ત્રણ વર્ષ માટે આપવાનો છે. તો રસ ધરાવતી પાર્ટીઓએ તેમની ઑફરો મેનેજરશ્રી, શ્રી કચ્છી જૈન સેવા સમાજ, પાલડી, અમદાવાદ-૩૮૦ ૦૦૬ને બંધ કવરમાં તા. ૨૫-૩-૨૦૨૪ સુધીમાં મોકલી આપવા વિનંતી છે.***

**શ્રી રજનીકાંત પારેખ**
**માનદ્ મંત્રી**
**શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદ**

રામ મંદિર

## અયોધ્યામાં દેશવાસીઓનું સદીઓ જૂનું સ્વપ્ન સાકારીત
## નૂતન રામમંદિર કેવું છે?



ભરત'કુમાર' પ્રા. ઠાકર

અયોધ્યામાં રામ મંદિર નિર્માણનો માર્ગ મોકળો કરતા અદાલતી ચુકાદાના દિવસ ૯મી નવેમ્બર, ૨૦૧૯ની જેમ તેના સવા ચાર વર્ષ બાદ હવે તેની પ્રતિષ્ઠાનો શુભ દિવસ ૨૨મી જાન્યુઆરી, ૨૦૨૪ પણ દેશની આધ્યાત્મિક તવારીખમાં સુવર્ણાક્ષરે સ્થાન પામ્યો છે. આખો દેશ જે ઐતિહાસિક ક્ષણની આતુરતાથી રાહ જોઈ રહ્યો હતો તે રઘુકુળની રાજધાની અયોધ્યામાં ભગવાન રામ પોતાના રમ્ય, નવ્ય, ભવ્ય અને દિવ્ય દેવાલયમાં બિરાજમાન થયા છે. આ મંદિર રામના જીવન પ્રતિ દરેક ભારતીયની અતૂટ આસ્થાનું પ્રતીક છે.



રામલલ્લાનું મનોહર સ્વરૂપ

### ● ગુજરાતી વાસ્તુકારની રૂપરેખા

તે તેના ભૌગોલિક, ઐતિહાસિક, સાંસ્કૃતિક મહત્ત્વ અને સ્થાપત્ય શૈલીની દૃષ્ટિએ એક અજોડ મંદિર છે. મંદિર પરિસરની શિલ્પકૃતિઓ, તેની દીવાલો પરનાં આધ્યાત્મિક પ્રતીકચિહ્નો અને અહીંની સમગ્ર વાસ્તુશૈલી રામની દિવ્યતાનું સુંદર વર્ણન પ્રસ્તુત કરે છે. આ મંદિર મહાન ભારતભૂમિની આધ્યાત્મિક ઊર્જાના નવજાગરણનું કેન્દ્ર છે. મંદિરના નિર્માણમાં સર્વોચ્ચ અદાલતના આદેશથી રચિત રામ જન્મભૂમિ તીર્થક્ષેત્રે ન્યાસના પ્રયાસોની મહત્ત્વપૂર્ણ ભૂમિકા રહી છે.

આપણા માટે ગૌરવની વાત છે કે સદીઓથી મંદિર અને ભવન નિર્માણમાં કુશળ તથા પંદર પેઢીથી દુનિયાનાં એકસોથી વધુ ટેમ્પલ ડિઝાઈનનો અનુભવ ધરાવતા ગુજરાતના સોમપુરા પરિવારના વાસ્તુકારોએ મંદિરની સંપૂર્ણ ડિઝાઈન તૈયાર કરી છે! અમદાવાદના વાસ્તુકાર ચંદ્રકાંત સોમપુરા સાથે એમના બે પુત્રો નિખિલ અને આશિષે ૧૯૮૮માં તેની મૂળ રૂપરેખા અને ૨૦૨૦માં થોડા ફેરફાર સાથે નવી રૂપરેખા બનાવી છે.

ભૂમિપૂજન વખતે તેના પાયામાં ચાલીસ કિલો વજનની ચાંદીની ઈંટ મૂકાઈ છે. નિર્માણ પ્રારંભ સમયે પાયામાં દેશના વિવિધ અઢી હજાર ઉપરાંત વિસ્તારોમાંથી આવેલી પવિત્ર માટી અને દોઢસો પવિત્ર નદીઓના જળનો તથા બાંધકામમાં દેશવાસીઓના પ્રદાન રૂપે ત્રીસેક વર્ષ પહેલાં કારસેવકો દ્વારા મળેલી 'રામશિલા' નામક જૂની ઈંટો અને 'રામનામ' લખેલી નવી ઈંટોનો ઉપયોગ થયો છે.

### ● પૂર્ણ ચણતર લોખંડ વિના!

કુલ ૭૦ એકર જમીનના ૨૫થી ૩૦ ટકા (લગભગ ચોથા) ભાગમાં જ રામ મંદિરનું નિર્માણ થયું છે. તેનું નિર્માણ (ભોંયતળિયા સહિત) ત્રણ માળમાં કરવામાં આવ્યું છે અને દરેક માળ ૨૦ ફૂટ ઊંચો છે. પારંપરિક નાગર શૈલીમાં નિર્મિત મંદિર સંકુલ પૂર્વ-પશ્ચિમ ૩૮૦ ફૂટ લાંબું, ઉત્તર-દક્ષિણ ૨૫૦ ફૂટ પહોળું અને શિખર સહિત ૧૬૨ ફૂટ ઊંચું છે. મંદિર માળખું જમીનતળથી ૧૬.૫ ફૂટ ઊંચું છે. ૮૦,૦૦૦ ચોરસ ફૂટમાં વિસ્તરેલા વિશાળ મંદિર ભવનમાં એકીસાથે દસ હજાર ભક્તો રામદર્શન કરી શકશે. ધરતીકંપ સંભાવના નજરે મંદિરને આઠથી દસ સુધીના રીક્ટર સ્કેલના આંચકા સહેવાલાયક બનાવવામાં આવ્યું છે.

તેના નિર્માણમાં રાજસ્થાનના વિખ્યાત બંસી પહાડપુર (જિ. ભરતપુર)થી લવાયેલા ગુલાબી રેતિયા પથ્થર અને ગ્રેનાઈટ તથા મકરાન (જિ. નાગોર)ના આરસ સહિત કુલ ૨૨ લાખ ઘનફૂટ પથ્થરોનો ઉપયોગ કરાયો છે! પ્રાચીન સ્થાપત્ય પદ્ધતિએ તેનું ચણતર થયું હોવાથી ક્યાંય સ્ટીલ કે લોખંડનો ઉપયોગ થયો નથી. એવી જરૂરતવાળી જગ્યાએ તાંબું, સફેદ સિમેન્ટ, લાકડા જેવી વૈકલ્પિક વસ્તુઓ ઉપયોગમાં લેવાઈ છે. એક હજાર વર્ષ સુધી મંદિર જેમનું તેમ રહે એવી રીતે તેનું નિર્માણ કરાયું છે.




દર્શન કરવા મળે છે.

સોના-ચાંદીથી મઢેલા ત્રણ ફૂટ ઊંચા, ચાર ફૂટ પહોળા અને આઠ ફૂટ લાંબા સિંહાસન પર અને સવા કિલોના સુવર્ણછત્ર તળે રામલલ્લા બિરાજમાન થયા છે. રામજીનો પાંચ કિલો વજનનો મુકુટ નવરત્નોથી અને ધનુષબાણ સોના-હીરાથી જડિત છે. રામજીની શ્યામવર્ણી મૂર્તિ કૃષ્ણ શૈલીમાં શાલીગ્રામના કાળા પથ્થરમાંથી બનાવેલી છે. જેથી તેને વાતાવરણ કે કોઈ પદાર્થની અસર થાય નહીં. આ મોહક મૂર્તિ ૫૧ ઇંચ ઊંચી, ત્રણ ફૂટ પહોળી અને આશરે ૨૦૦ કિલો વજનની છે.

પ્રથમ માળ પર પ્રભુ શ્રીરામ આખા પરિવાર (રામ દરબાર) સાથે બિરાજશે. સમગ્ર મંદિપમાં કુલ પાંચ મંડપો આ મુજબ છે : નૃત્યમંડપ, રંગમંડપ, સભામંડપ, પ્રાર્થનામંડપ અને કીર્તનમંડપ. સમગ્ર માળખામાં ૩૯૨ સ્તંભો અને ૪૬ કાષ્ટ દ્વારો છે. તમામ થાંભલાઓ અને દીવાલો ઉપર શિવના સોળ સ્વરૂપો, દશાવતારો, ચોંસઠ યોગિનીઓ, સરસ્વતીના બાર અવતારો સહિત વિવિધ દેવી દેવતા અને વિષયગત દસ હજારથી વધુ મૂર્તિઓ કોતરવામાં આવી છે.

- **ગર્ભગૃહ અને સિંહાસન**

ભૂતળના મુખ્ય મંદિરના ચૌદ દરવાજા સોનાના જાડા પડથી મઢવામાં આવ્યા છે. મુખ્ય દ્વાર પર હનુમાન, ગરૂડ, હાથી અને સિંહની મૂર્તિ જ્યારે બાકીના દરવાજા પર હાથી, શંખ, ચક્ર, ગદા આલેખાયા છે. તેમાં તેના ૧૬.૫ ફૂટ (૩૨ પગથિયાં) ઊંચા પૂર્વ દિશાના મુખ્ય સિંહદ્વારથી દર્શનાર્થીઓને પ્રવેશ મળશે અને દક્ષિણ દિશામાંથી બહાર નીકળાશે. અંદરના દાદરાની પહોળાઈ સોળ ફૂટ રાખવામાં આવી છે. દિવ્યાંગો અને વરિષ્ઠો માટે ઢાળવાળા રસ્તા (રેમ્પ) અને સરકતી સીડીઓ (એસ્કેલેટર)ની વ્યવસ્થા પણ છે.

તેનું બાંધકામ એવી રીતે કરાયું છે કે રામનવમી (ચૈત્ર સુદ નોમ)ના દિવસે બપોરે બાર વાગે સૂર્યનાં કિરણો સીધાં રામની મૂર્તિના મસ્તક પર પડશે અને એમને 'સૂર્ય તિલક' કરશે! ભોંયતળિયે આવેલ મુખ્ય મંદિરનું ૪૪૦ ચોરસ ફૂટનું અષ્ટકોણાકાર ગર્ભગૃહ ૧૬ ફૂટ ઊંચું છે. તેમાં સદૈવ જેનાં દર્શનથી આપણી આંખો ટેવાયેલી છે એવી રામ-સીતાની દ્વય મૂર્તિ કે રામ દરબાર (રામ પંચાયતન)ની પારંપરિક મૂર્તિ નહીં પણ પાંચ વર્ષના 'બાળ રામ' સ્વરૂપની પૂર્ણ કદની પ્રતિમાનાં

- **મૂર્તિનું નામ : 'બાલક રામ!'**

રામમૂર્તિ કમલદળ પર ઊભી મુદ્રામાં છે અને તેમાં બાળસુલભ કોમળતા ઝળકે છે. એમનો ચહેરો સોહામણો, મસ્તક સુંદર, આંખ મોટી અને લલાટ ભવ્ય છે! કાનમાં કુંડળ, પગમાં કડાં, ગળામાં કવચ, કરધન માળા, ડાબા-જમણા હાથમાં અનુક્રમે ધનુષ-બાણ ધારણ કરેલાં છે. આ બધી વસ્તુઓ સુવર્ણની બનેલી છે. જમણો હાથ આશિર્વાદની મુદ્રામાં છે.

પ્રતિષ્ઠિત મૂર્તિ પાંચ વર્ષ જેટલા બાળ સ્વરૂપની છબી દર્શાવતી હોવાથી તેને "બાલક રામ" (રામલલ્લા) નામે ઓળખ અપાઈ છે. આકર્ષક વસ્ત્રાલંકારોથી આભૂષિત બાળરામના ચહેરા પર વાત્સલ્ય, આંખમાં ભીનાશ અને હોઠ પર આછેરું સ્મિત નીતરે છે! આ બધા ભાવો ભક્તોનું મન મોહી લે છે. પીતાંબરમાં શોભતી પ્રતિમામાં બાળત્વ, દેવત્વ અને રાજકુમાર જેવા ત્રણેય ભાવ ઉજાગર થાય છે.

મંદિર ન્યાસે ગર્ભગૃહ માટે ત્રણ શિલ્પકારો પાસેથી મૂર્તિઓ બનાવડાવી હતી. તેમાંથી અરુણ યોગીરાજે (મૈસુર, કર્ણાટક) ઘડેલી મૂર્તિ પસંદ કરાઈ છે. બાકીના બે ઘડવૈયાઓમાંથી સત્યનારાયણ પાંડે (જયપુર, રાજસ્થાન)ની સફેદ આરસની તથા ગણેશ ભટ્ટ (બેંગ્લોર, કર્ણાટક)ની શ્યામ મૂર્તિ સહિત જે બે મૂર્તિઓ પસંદ ન થઈ તે પણ મંદિરના જુદા જુદા માળ પર સ્થાપિત કરાઈ છે. ત્રણે મૂર્તિઓની ઊંચાઈ એકસરખી (૫૧ ઇંચ) છે.

● **આધ્યાત્મિક ઊર્જાના તરંગો :**

મૂર્તિ ફરતે કંડારાયેલી લંબગોળાકાર માંડણીની ટોચે સ્વસ્તિક, ૐ, ચક્ર, ગદા અને સૂર્યનાં શોભન મૂકાયાં છે. જ્યારે નીચેના ભાગે જમણે હનુમાન અને ડાબે ગરૂડનાં ચિત્રો દર્શાવાયા છે. ઊભી શિલ્પપટ્ટીની બંને બાજુઓ પર વિષ્ણુ દશાવતારનાં પ્રતીક સ્વરૂપો ઉપસાવવામાં આવ્યાં છે. તેમાં ઉપરથી નીચેના ક્રમે જમણે મત્સ્ય, કૂર્મ, વરાહ, નૃસિંહ, વામન તથા ડાબે પરશુરામ, રામ, કૃષ્ણ, બુદ્ધ, કલ્કિ અવતારો અંકિત છે. સિંહાસન નીચે આભામંડળમાં ચારે ભાઈ રામ, ભરત, લક્ષ્મણ, શત્રુઘ્નની નાની મૂર્તિઓની સ્થાપના છે.

મંદિર પરના સાતમાંથી મુખ્ય ધ્વજદંડ ૪૪ ફૂટ ઊંચો અને ૫,૫૦૦ કિલો વજન ધરાવે છે. તેની મારફતે બ્રહ્માંડમાંથી તરંગો ગર્ભગૃહમાં પહોંચે છે અને ત્યાંથી શ્રદ્ધાળુઓને આધ્યાત્મિક ઊર્જા મળે છે. દક્ષિણ ભારતીય મંદિરોની પરંપરાને અનુસરી મંદિર ફરતે બનાવાયેલી લંબચોરસ 'રાંગ' (રેમ્પાર્ટ) ૭૩૨ મીટર (૨૪૪૦ ફૂટ) લાંબી અને ૪.૨૫ મીટર (૧૪ ફૂટ) પહોળી છે. મુખ્ય મંદિરની ફરતે સૂર્ય, શિવ, ગણપતિ, દુર્ગા, વિષ્ણુ, બ્રહ્મા – એમ છ નાના મંદિરોની સ્થાપના છે.

આ માર્ગની દક્ષિણે હનુમાન અને ઉત્તરે અન્નપૂર્ણાનાં મંદિરો છે. પરિસરમાં રામાયણના સાત કાંડના પ્રતીકરૂપે રામાયણ સંલગ્ન સાત વિભૂતિઓ વાલ્મીકિ, વશિષ્ઠ, વિશ્વામિત્ર, અગસ્ત્ય, નિષાદરાજ, શબરી અને અહલ્યાનાં મંદિરો પણ બનશે. મંદિર સામે પુરાણકાળની સીતાવાવ પણ આવેલી છે. સંકુલના નૈઋત્યે નવરત્ન કુબેર ટીલા પર આવેલ પ્રાચીન શિવાલયનો જીર્ણોદ્ધાર અને રામભક્ત જટાયુની પ્રતિમાનું પણ સ્થાપન થયું છે.

● **લોકપ્રિય સંસ્કૃતિમાં સ્થાન :**

અયોધ્યામાં ૨૦૨૦માં ભૂમિપૂજનના દિવસે મંદિરના પાયામાં બે હજાર ફૂટ નીચે તામ્રપત્ર પર રામમંદિરનો ઈતિહાસ અને લાંબા સંઘર્ષની વિગતો ધરાવતી ટાઈમ કેપ્સ્યુલ પણ ઉતારવામાં આવી છે. આવા કાળપત્રથી ભાવિ પેઢીઓ, સ્થાપત્યવિદો અને ઈતિહાસકારોને આ સ્થળ સંબંધી સાચા ઈતિહાસની જાણકારી મળશે. ૨૦૨૧ની પ્રજાસત્તાક દિન સવારીમાં ઉત્તરપ્રદેશ રાજ્ય તરફથી મૂકાયેલા ટેબ્લોમાં રામ મંદિરની ઝાંખી જોવા મળી હતી.

તા. ૫-૮-૨૦૨૦ના ભૂમિપૂજન પ્રસંગે પાંચ રૂપિયા મૂલ્યની અને આડા આકારની ખાસ બહુરંગી ટપાલ ટિકિટ બહાર પડી હતી. અયોધ્યા શોધ સંસ્થાનના ઉપક્રમે અને ટપાલખાતાની 'મારી ઈચ્છિત ટિકિટ' (કસ્ટમાઈઝ્ડ માય સ્ટેમ્પ) યોજના હેઠળ પ્રકાશિત આ ટિકિટ પર સૂચિત મંદિરનું પ્રતિરૂપ ચિત્ર અને સંલગ્ન અડધિયામાં સંસ્થાનું પ્રતીક દર્શાવાયું છે.

તો, પ્રતિષ્ઠાના ચાર દિવસ પહેલા તા. ૧૮-૧-૨૦૨૪ના રોજ પણ છ ખાસ ટિકિટોનો સંપુટ બહાર પાડવામાં આવ્યો છે. પ્રત્યેક પાંચ રૂપિયા મૂલ્યની આ બહુરંગી ટિકિટો પર રામમંદિર, ગણેશ, હનુમાન, જટાયુ, કેવટરાજ અને શબરીનું આલેખન થયું છે. આમાં ગણેશ-હનુમાનની ટિકિટો ઊભા આકારની અને બાકીની ચાર આડા આકારની છે.

● **હજુ વધુ દેદીપ્યમાન બનશે**

અયોધ્યાનું રામમંદિર હવે તેની સંરચના અનુસાર ભારતનું સૌથી મોટું મંદિર બને છે. અત્યારે તો મુખ્ય મંદિર તૈયાર થયું છે. તેને હજુ પણ વધુ દેદીપ્યમાન બનાવવાની વિશેષ કામગીરીઓ આગળ વધતી રહેશે. તેના વિશાળ પરિસરમાં પ્રાર્થના ભવન, રામકથા કુંજ (વ્યાખ્યાન કક્ષ), વૈદિક પાઠશાળા, સંત નિવાસ, યતિ નિવાસ (યાત્રિક ભવન), ભોજનાલય, સંગ્રહાલય વગેરે પણ ઉમેરાશે.

૨૦૨૬ સુધીમાં અયોધ્યાની દિવ્યતા અને ભવ્યતા સમગ્ર દેશ દુનિયાને જોવા મળશે. એક વખત પૂરું તૈયાર તયા પછી અયોધ્યાનું રામમંદિર દુનિયાનું ત્રીજું સૌથી મોટું હિંદુ મંદિર બની રહેશે! કોમન બિલ્ડિંગ કોડ (સમાન નિવાસ સંહિતા) થકી રામમંદિર આસપાસનાં તમામ મકાનોનું બાહ્ય સ્થાપત્ય અને રંગ (ચળકતો પીળો) એકસમાન રાખવાની યોજના છે.

તાજેતરમાં નવનિર્મિત વિમાનઘર અને પુર્નવિકસિત રેલ મથકના ઉદ્‌ઘાટન પ્રસંગે અયોધ્યા અને તેની આસપાસના વિસ્તારોના વિકાસ માટે ૧૧,૧૦૦ કરોડ રૂપિયાની યોજનાઓ અમલમાં મૂકાઈ છે, જે બે વર્ષમાં પૂરી થવાની ધારણા છે. પ્રતિષ્ઠા પછી વર્ષે પાંચ કરોડ યાત્રાળુઓ અયોધ્યા આવે એવો અંદાજ છે, જે ભારતનાં સુવર્ણ મંદિર (અમૃતસર), બાલાજી (તિરૂપતિ) અને વિશ્વમાં મક્કા (સાઉદી અરેબિયા) અને વેટીકન સિટી (ઇટાલી સીમા) કરતાં મોટો આંકડો છે.

*'શિવમ્', ૪૦, વૃંદાવન નગર-૧, ખડિયા તળાવ સામે,*
*વૈશાલી સિનેમા રોડ, અંજાર, કચ્છ-૩૭૦ ૧૧૦.*
*ફોન : (૦૨૮૩૬) ૨૪૦૧૩૯, મો. ૯૪૨૭૨ ૨૩૧૫૦*

*ઘર સુધી તું આવવાની જીદ ન કર,*
*ઘર નથી નહિંતર હું ના પાડું તને?*
*– ખલીલ ધનતેજવી*

વ્યક્તિ વિશેષ

# કચ્છી મહિલા સ્વાતંત્ર્ય સેનાની અને સમાજસેવિકા પ્રમીલા કુરૂવાની શતાબ્દી વંદના



સંજય પી. ઠાકર

*ગાંધીવાદી રંગે રંગાયેલા મૂલ્યનિષ્ઠ સમાજસેવક, સ્વાધીનતા સેનાની, અનેક મહિલા સંસ્થાઓના સ્થાપક અને અગ્રેસર, તંત્રી, કટાર લેખિકા, વંચિત વર્ગોના હામી એવા પ્રમીલાબેન કુરૂવાની જન્મ શતાબ્દીએ એક ભાવાંજલિ...!*

ભારતના સ્વાતંત્ર્ય સંગ્રામમાં આહૂતિ આપનારાં જાણીતા કચ્છી લેખિકા અને સમાજસેવિકા પ્રમીલાબેન ઉમરશીભાઈ કુરૂવાનો જન્મ મુંબઈના કચ્છી જૈન માહેશ્વરી પરિવારમાં આજથી બરાબર એકસો વર્ષ પહેલાં ૨૪ ફેબ્રુઆરી, ૧૯૨૪ના થયો હતો. મુંબઈના તે વખતના પ્રસિદ્ધ અગ્રણી સામાજિક કાર્યકર અને રાજકીય નેતા ભવાનજી નથુભાઈ (બી.એન.) મહેશ્વરી / મૈશેરી (૧૮૯૩-૧૯૫૨)ના તેઓ પુત્રી થાય. બી.એન. મહેશ્વરી તે વખતે મુંબઈથી 'સ્વદેશ' નામે સાપ્તાહિક ચલાવતા હતા અને તેના દિવાળી વિશેષાંકોમાં કચ્છના ઇતિહાસ અને સંસ્કૃતિની અભ્યાસ સામગ્રી સચિત્ર ઝલક સાથે જોવા મળતી હતી. પ્રમીલાબેનને તેમનાં સંસ્કારો, કાર્યો પિતા પાસેથી વારસારૂપે મળ્યા હતા. વિદ્યાર્થીકાળ અને યુવાનીમાં પિતા સાથે તેઓ સામાજિક કાર્યોમાં સક્રિયપણે ભાગ લેતા હતા. તે વખતની ગાંધીજીના નેતૃત્વમાં ચાલતી આઝાદીની ચળવળમાં ઝંપલાવ્યું હતું. ગાંધીજીએ તેમના ઘર અને ઓફિસની મુલાકાત પણ લીધી હતી. મુંબઈના કિંગ્સ સર્કલ ગાર્ડનને 'બી.એન. મહેશ્વરી ઉદ્યાન' નામ આપવામાં આવ્યું છે.



*ગાંધીયુગના સમાજસેવિકા પ્રમીલાબેન ઉ. કુરૂવા (ઈ.સ. ૧૯૨૪-૧૯૮૪)*

સ્વાતંત્ર્ય આંદોલનમાં મહત્ત્વની લડત, ૧૯૪૨ની ભારત છોડો ચળવળ દરમિયાન તેમણે મહાત્મા ગાંધીની હાકલથી કોલેજ અભ્યાસનો બહિષ્કાર કરી રાષ્ટ્રીય આંદોલનમાં સક્રિય ભૂમિકા ભજવી હતી. માટુંગામાં રાજકીય સામાજિક ક્ષેત્રે માત્ર ૧૬ વર્ષની વયથી જ કાર્યારંભ કર્યો. માટુંગા સ્ત્રી મંડળના તેઓ આદ્ય સ્થાપકોમાંના એક હતા. માટુંગા રહ્યાં ત્યાં સુધી સંસ્થાના મહામંત્રીપદે રહીને સંસ્થાની વિવિધ પ્રવૃત્તિઓના વિકાસનો પાયો નાંખ્યો. શાળા અને કોલેજના અભ્યાસ દરમિયાન તેમણે અનેકવિધ સાંસ્કૃતિક પ્રવૃત્તિઓ, રમતગમત વગેરેમાં ચંદ્રકો મેળવ્યા હતાં. સંગીત, નૃત્ય, રાસ-ગરબા તેમના રસનું ક્ષેત્ર હતું.

ગાંધીજી પ્રેરિત આંદોલનમાં સક્રિય, મૂળ માંડવી તાલુકાના ગોધરા ગામના ઉમરશીભાઈ જેઠાભાઈ કુરૂવા (૧૯૨૦-૨૦૧૩) સાથે તેમના વર્ષ ૧૯૪૯માં લગ્ન થયા ત્યારે કન્યાદાન મોરારજીભાઈ દેસાઈએ કર્યું હતું. જ્ઞાતિના જ ક્રાંતિકારી યુવાન ઉમરશીભાઈ કુરૂવા સાથે તેમના લગ્ન બાદ બંને જણાએ સક્રિય રીતે ગાંધીજી પ્રેરીત ચળવળમાં મુંબઈ ખાતે ભાગ લીધો હતો. ત્યારબાદ ઉમરશીભાઈની સમાજ કલ્યાણ અધિકારી તરીકે તે વખતના 'સી' સ્ટેટ કચ્છ ખાતે નિમણુંક થતાં તેમણે ૧૯૫૨થી કચ્છને પોતાનું કાર્યક્ષેત્ર બનાવ્યું. કચ્છમાં ભુજ ખાતે અવિભાજ્ય કોંગ્રેસમાં ભાગ લીધો હતો. ભારત સેવક સમાજના ઉપક્રમે મહિલા ગૃહ ઉદ્યોગ સહકારી મંડળની સ્થાપના કરી, મંત્રી તરીકે કાર્ય કર્યું. તે સાથે મહિલા અને બાલ કલ્યાણ વિકાસ તેમજ વિકાસગૃહ અને વંચિત વર્ગના કલ્યાણની પ્રવૃત્તિઓમાં ભાગ લીધો હતો.

ઉમરશીભાઈ કુરૂવા કચ્છના સમાજ કલ્યાણ વિભાગના લોકપ્રિય અધિકારી હતા. પ્રમીલાબેને પણ પતિ સાથે ગામડે-ગામડે ફરીને વંચિત સમુદાયના કલ્યાણમાં ઊંડો રસ લીધો હતો. ખાસ કરીને મહિલા કલ્યાણની પ્રવૃત્તિઓમાં તેઓ અગ્રેસર હતા. ૧૯૬૦થી કચ્છ ગુજરાત રાજ્યમાં જોડાયું ત્યારથી ઉમરશીભાઈની બદલી અમદાવાદ ખાતે થઇ અને નિયામકના પદ સુધી બઢતી મેળવી હતી. પ્રમીલાબેને અમદાવાદને પોતાનું કાર્યક્ષેત્ર બનાવ્યું. અમદાવાદ મધ્યે મજૂર મહાજનની કામદાર નારી કલ્યાણ પ્રવૃત્તિમાં ઉમદા કામ કર્યું.



*આઝાદીના આંદોલનમાં કચ્છી મહિલા કાર્યકર પ્રમીલાબેન કુરૂવા સક્રિય હતા. ૧૯૪૨માં ભારત છોડો ચળવળ સમયની તસવીરમાં તેઓ મહાત્મા ગાંધી સાથે નજરે પડે છે.*



*ગાંધીજી પ્રેરીત આંદોલનમાં સક્રિય, મૂળ ગોધરા (માંડવી)ના ઉમરશીભાઈ જે. કુરૂવા સાથે પ્રમીલાબેનને ૧૯૪૯માં લગ્ન થયા કન્યાદાન મોરારજીભાઈ દેસાઈએ કર્યું હતું તે સમયની યાદગાર તસવીર*

તે ઉપરાંત રેડક્રોસ અને નશાબંધી મંડળ, વિકાસગૃહ, પરિવાર નિયોજન, માતૃસમાજ વગેરે સંસ્થામાં પોતાની કુશળતાનો પરિચય આપતા રહ્યાં હતા. અમદાવાદના જાણીતા અખબારના ‘સ્ત્રી’ સાપ્તાહિકમાં તેઓ લાંબા સમય લેખનકાર્ય કરતા રહ્યાં હતા. સ્ત્રી નિકેતનના પાયાના કાર્યકર રહી મંત્રી અને ઉપપ્રમુખ તરીકે લાંબો સમય – ૧૧ વર્ષ સેવા આપી હતી. ૧૯૭૧ના ભારત - પાકિસ્તાન યુદ્ધ વખતે સ્ત્રી નિકેતનના ઉપક્રમે કલકત્તા ખાતે રાહતકાર્યની જવાબદારી સંભાળી હતી. તેમણે પ્રગતિનગર મહિલા મંડળનું પ્રમુખપદ અને પ્રગતિનગર સહકારી મંડળનું ચેર પર્સન પદ સંભાળ્યું હતું. **શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદના મુખપત્ર ‘મંગલ મંદિર’ના તેઓ શરૂઆતના પાંચ વર્ષ (૧૯૭૮થી મૃત્યુ પર્યંત) તંત્રી હતા. તેમના તંત્રીપદના કાર્યકાળ દરમિયાન દશાબ્દિ અને દિવાળી વિશેષાંક પ્રગટ થયા હતા. ૧૯૭૩માં શ્રી કચ્છી જૈન સેવા સમાજમાં મહિલા પાંખના સંચાલિકા નિમાયા અને પાંચ વર્ષ સમાજની કારોબારી સમિતિમાં સેવા આપી. ૧૯૮૩માં તેમણે કચ્છી મહિલા સમાજની સ્થાપના કરી અને તેના પ્રમુખ રહ્યાં હતા.** પ્રમીલાબેને રાજ્ય ગાંધી શતાબ્દી મંડળ, નશાબંધી મંડળ, બાળઉત્કર્ષ સમિતિ, કુટુંબ કલ્યાણ સમિતિ વગેરેમાં પોતાનું ઉત્તમ યોગદાન આપ્યું હતું. દેખાવે ધીરગંભીર છતાં મૃદુ પ્રકૃતિ, મિતભાષી અને સારા શ્રાવક, સારા આયોજક તથા માર્ગદર્શક લીડર અને જે તે પરિસ્થિતિનું સાચું આકલન કરનારા પ્રમીલાબેનના હૃદયમાં પછાત વર્ગો પ્રત્યે કરુણા છલકાતી હતી. તેમની વાનગીના પુસ્તકો ‘ભાવતા ભોજન’ તથા ‘મનગમતા ભોજન’ અને પ્રેરણાદાયી લેખોનો સંગ્રહ ‘આનંદ મંગલ’ પ્રકાશિત થયેલાં છે. તેમણે રચેલા ગીતો, ગરબા, નાટકો અને વાર્તાઓ અપ્રગટ છે.

ગાંધી વિચારધારાને વરેલા સમાજસેવિકા પ્રમીલાબેન કુરૂવાનું ૬૧ વર્ષની ઉંમરે ૧૯મી જૂન, ૧૯૮૪ના રોજ બ્રેઈન હેમરેજથી ટૂંકી માંદગી બાદ દેહાવસાન થયું હતું. તેમની જાહેર શોકસભા અમદાવાદના ગાંધી આશ્રમ ખાતે યોજાઈ હતી. તેમના પરિવારે તેમની સ્મૃતિમાં પ્રમીલા કુરૂવા ફાઉન્ડેશન (અમદાવાદ)ની સ્થાપના ૧૯૯૬માં કરી છે. મુખ્યત્વે આ ટ્રસ્ટ દ્વારા આર્થિક રીતે નબળા વર્ગના લાભાર્થે પ્રવૃત્તિ કરવામાં આવે છે. એ સિવાય અનેક સમાજ જાગૃતિ અભિયાન જેવી પ્રવૃત્તિઓ કરવામાં આવે છે. **હાલમાં તેનું સંચાલન તેમની પુત્રી ચૌલાબેન કુરૂવા (ગુજરાત પ્રવાસન નિગમના ભૂતપૂર્વ જનસંપર્ક અધિકારી) સંભાળે છે.** પ્રમીલાબેન કુરૂવાની જન્મ શતાબ્દીના અવસરે આપણા શત શત વંદન!

*(વિશેષ સહયોગ : ચૌલાબેન કુરૂવા - અમદાવાદ)*

***‘ખિંકાર’, પ્લોટ ૧૮૯-૧૯૦, આઈયા નગર, મુંદ્રા રોડ, ભુજ, કચ્છ-૩૭૦ ૦૦૧. • મો. ૯૪૨૮૮ ૧૯૪૫૩***

## ઉઠાંતરી ચોરી કહેવાય

સાહિત્ય ઉઠાંતરી ચોરી કહેવાય
માનસિક મોટી કમજોરી કહેવાય.
બીજાનું દિલ દુભાવી મળે ખુશી
કેટલા અંશે એ જરૂરી કહેવાય?
ખોટું કરવું, કરાવવું પાપ અપરાધ
શાનમાં માન સમજદારી કહેવાય.
ભૂલો ભુલાવવી બહુ અઘરી નથી
ખોટું પ્રોત્સાહન મજબૂરી કહેવાય.
રંગાવું હોય ‘કેતુ’ સત્યના રંગમાં
આત્માનું ધ્યાન વફાદારી કહેવાય.

***કેતના છેડા ‘કેતુ’ • મો. ૯૮૧૯૮ ૪૨૫૩૦***

# હર્નીયા



ડૉ. તપન શાહ
MS, FMAS, FICS (USA)

## *Incisional હર્નીયા છે તમામ હર્નીયામાં Hidden Enemy*

Hernia – સારણગાંઠ વિશે આપણે બધા જાણીએ છીએ કે તે ગાંઠ જેવું છે, જે સ્નાયુઓ વચ્ચેના અંતરને કારણે થાય છે. માનવ શરીરમાં ઓછામાં ઓછા ૧૦ પ્રકારના હર્નીયા થઈ શકે છે. સૌથી સામાન્ય પ્રકારમાં Inguinal હર્નીયા, Umbilical હર્નીયા અને Incisional હર્નીયા છે.

Incisional હર્નીયા એ એક હર્નીયા છે, જે ત્યારે થાય કે જ્યારે અગાઉની સર્જરીના Scar માં ટાંકા ઢીલા થાય છે. જેથી સ્નાયુઓ એકબીજાથી અલગ થઈ જાય અને પેટના content, આંતરડા અથવા તેની ચરબી (Omentum) બહાર આવે છે. પેટની સર્જરીના આશરે ૩૦% દર્દીઓમાં Incisional હર્નીયા થાય છે અને સામાન્ય રીતે તે અગાઉની સર્જરીના ૩-૬ મહિનાની અંદર થાય છે. પરંતુ દર્દીને ત્યારે જ ખબર પડે છે જ્યારે તે મોટી થાય અથવા અમુકવાર દુ:ખાવો થાય. દર્દીઓ અને તેમના સંબંધીઓને એવું લાગે છે કે ગેસના કારણે પેટ ફૂલે છે. (તેથી તે છે "Hidden Enemy").

કેટલીકવાર તે લોકલ ડૉક્ટરને દુ:ખાવો, ઉબકા, ઉલટી અને જો કબજિયાત કરતાં અવરોધરૂપ હોય તો તેના માટે બતાવે છે. મોટું પેટ (પહેલાની સર્જરી પછી) એ જ સંભવત: બતાવતું લક્ષણ છે.

જોખમના પરિબળો (Risk factors)માં કેટલાક દર્દીઓના પરિબળો અથવા ઓપરેશનના પ્રકાર, ચીરાના પ્રકાર અથવા ખામીયુક્ત ટેકનિકને કારણે હોઈ શકે છે. દર્દીના પરિબળોમાં ડાયાબિટીસ અથવા કિડનીના રોગ જેવા રોગો, ધૂમ્રપાન અથવા કૂપોષણ જેવી કેટલીક જીવનશૈલી, સ્ટેરોઇડ્સ જેવી કેટલીક દવાઓનો સમાવેશ થાય છે અને છેલ્લું પરંતુ મહત્ત્વનું છે "સ્થૂળતા." ઓપરેશન પછી જો દર્દીએ વેઇટ લિફ્ટીંગ, કબજિયાત અથવા ગર્ભવતી જેવું હોય અથવા પેટની અંદરના દબાણમાં વધારો કરતી પ્રવૃત્તિઓ ટાળવાની કાળજી ન લીધી હોય તો શક્યતા રહે છે.

સમય અને સર્જરીના પ્રકારમાં, ઇમરજન્સીમાં કરેલ ઓપરેશનમાં Incisional હર્નીયાની શક્યતા વધુ હોય છે તેમજ સ્નાયુઓને બંધ કરવા માટે ટાંકાના પ્રકાર (ઓગાળી શકાય તેવું અથવા ઓગળે નહીં તેવું) અથવા સર્જરી પછીના ચેપ અથવા કોમ્પ્લિકેશન્સ પણ Incisional હર્નીયા થવાની શક્યતા વધી જાય છે.

કોમ્પ્લિકેશન્સ થાય એટલી રાહ જોવી નહીં કારણકે ટ્રીટમેન્ટમાં સ્નાયુના gaps ઓળખવાની જરૂર છે. એક અથવા વધુ, gapsની સાઇઝ, સ્નાયુઓનું અંતર, સ્નાયુઓની જાડાઈ (muscle thickness), સર્જરીના પ્રકાર અને જાળીનો પ્રકાર નક્કી કરવા માટે આ તમામ પરિબળો ડૉક્ટરે ઓળખવા પડે. સર્જરી પહેલા સી.ટી. સ્કેન, એ મદદરૂપ સાધન છે.

Incisional હર્નીયાની ટ્રીટમેન્ટ માટે સર્જરી એ એકમાત્ર વિકલ્પ છે. ઓપન ટેકનિક અને લેપ્રોસ્કોપીક ટેકનિક એ વિકલ્પો છે. સર્જરીમાં સર્જનને આંતરડાને એકબીજાથી અથવા પેટની દીવાલથી અલગ કરવાની જરૂર પડી શકે છે.

મેશ (Mesh – જાળી)નો ઉપયોગ સ્નાયુઓને મજબૂત કરવા માટે થાય છે. તે સ્નાયુઓ પર, સ્નાયુઓની નીચે, સ્નાયુઓની વચ્ચે અથવા આંતરડાની ઉપર મૂકી શકાય છે. શ્રેષ્ઠ પદ્ધતિ એ છે કે સ્નાયુઓ વચ્ચેની જાળીને ખુલ્લી અથવા લેપ્રોસ્કોપિક પદ્ધતિથી રાખવી. જો કે કેટલાક ખૂબ મોટા હર્નીયાને લેપ્રોસ્કોપિક પદ્ધતિથી રીપેર કરી શકાતા નથી.

જો પદ્ધતિસર કરવામાં ન આવે અથવા જાળી યોગ્ય રીતે મૂકવામાં ન આવે તો શસ્ત્રક્રિયા પછી ઘાના ચેપ, Mesh infection – ચેપ અથવા ફરી થવાની શક્યતા રહે છે. પરંતુ પદ્ધતિસર કરવામાં આવે તો ફરીથી થવાની શક્યતા ઘણી ઓછી હોય છે. ■

# તીર્થ દર્શન

## તીર્થ દર્શન-૪૮

### શ્રી કાવી તીર્થ
### (શ્રી આદિનાથ ભગવાન તથા શ્રી ધર્મનાથ ભગવાન)




વડોદરાથી ૧૬ કિ.મી. અને ભરૂચથી ૮૦ કિ.મી. દૂર આવેલા કાવી ગામે સમુદ્રતટ પર આ તીર્થ આવેલું છે. કાવીનું પ્રાચીન નામ છે કંકાવતી. અહીં બે વિશાળ જિન મંદિરો આવેલા છે. એકનું નામ છે સર્વજીતપ્રાસાદ અને બીજાનું નામ છે રત્નતિલક પ્રાસાદ. સર્વજીતપ્રાસાદમાં મૂળનાયક શ્રી ઋષભદેવ ભગવાન બિરાજે છે. આનો જીર્ણોધ્ધાર વિ.સં. ૧૬૪૯માં શ્રી વિજયસેનસૂરીશ્વરજી મ.ના સુહસ્તે થયો હતો. આ સમયે શ્રેષ્ઠી બહુઆ ગાંધીએ કાષ્ઠ અને ઇંટોના બનાવેલા મંદિરને પથ્થરના શિખરબંધી ભવ્ય મંદિરમાં ફેરવી નાખ્યું. આ મંદિર પૂર્વ-પશ્ચિમ ૯૦ ફૂટ અને ઉત્તર-દક્ષિણ ૬૧ ફૂટ લાંબુ-પહોળું છે.

શ્રી ધર્મનાથ ભગવાનનું મંદિર વિ.સં. ૧૬૫૫માં લાડકા ગાંધીના વંશજ શ્રી કુંવરજી ગાંધીના ધર્મપત્ની શ્રીમતી વીરાબાઈએ નિર્માણ કરાવ્યું અને એની પૂ.આ. શ્રી વિજયસેનસૂરીશ્વરજી મ.ના સુહસ્તે પ્રતિષ્ઠા કરાવી. આ મંદિરમાં મૂળનાયક તરીકે શ્રી ધર્મનાથ ભગવાન બિરાજે છે. આ મંદિર શિખરબંધી અને બાવન દેવકુલિકાવાળું છે. આનું નામ રત્નતિલકપ્રાસાદ રાખવામાં આવ્યું હતું તેવો ઉલ્લેખ મળે છે. સમયે સમયે આ મંદિરનો જીર્ણોધ્ધાર થયો છે. એક દંતકથા અનુસાર આને સાસુ-વહુનું મંદિર કહેવામાં આવે છે. શ્રીમતી હીરાબાઈ અને એમની પુત્રવધૂ વીરાબાઈ વચ્ચે મંદિર બાંધવાની સ્પર્ધા થઈ અને તેને પરિણામે આ મંદિર બંધાયું. આ મંદિરના શિખરોની કલા તેમજ એની આસપાસનું દૃશ્ય અત્યંત રમણીય અને પવિત્ર ભાવપ્રેરક છે.

*પ્રેષક : ચંદ્રકાંત દામજી શાહ (કે.ડી. શાહ) - અમદાવાદ*
*મો. ૯૪૨૭૩ ૯૦૦૦૭*

## તીર્થ દર્શન-૪૯

### શ્રી ગંધાર તીર્થ
### (શ્રી અમીઝરા પાર્શ્વનાથ ભગવાન)




ભરૂચથી ૨૬ કિ.મી. દૂર સમુદ્રના કિનારે ગંધાર ગામની પાસે આ શ્રી ગંધાર તીર્થ આવેલું છે. સાગરકાંઠે નાનકડા ગામની પાસે જંગલમાં આવેલા આ સ્થળનું દૃશ્ય બહુ સુંદર અને મનમોહક છે. અહીં મૂળનાયક શ્રી પાર્શ્વનાથ ભગવાનની શ્વેત વર્ણની પદમાસનસ્થ પ્રતિમા છે. આ પ્રતિમા ખૂબ સુંદર અને પ્રભાવશાળી છે. એક કાળે ગંધારની બંદર તરીકે સારી એવી નામના હતી. જિનમંદિરો અને શ્રાવકોની વસ્તી પણ ઘણી હતી. અહીંની સ્થાપિત પ્રતિમા પરના એક લેખ અનુસાર વિ.સં. ૧૬૬૪ મહા સુદ દસમના દિવસે શ્રી વિજયસેનસૂરિજીના હાથે આની પ્રતિષ્ઠા થઈ હતી. વિક્રમની ૧૭મી સદીમાં જગદ્ગુરૂ શ્રી હીરવિજયસૂરિજી પોતાના વિશાળ શિષ્ય સમુદાય સાથે અહીં ચાતુર્માસમાં બિરાજમાન હતા. મોગલ બાદશાહ અકબરે તેમને ફતેહપુર સિક્રી આવવા નિમંત્રણ મોકલ્યું ત્યારે શ્રી સંઘની સલાહ અને અનુમતિ લઇને તેમજ ધર્મભાવની સંભાવના જોઈને એમણે સ્વીકાર કર્યો. ૧૮મા સૈકાની શરૂઆતમાં ચાંચિયાઓએ આ શહેર પર લૂંટ ચલાવી એને બાળી નાખ્યું. આજે આવા ભગ્ન અવશેષો આસપાસ જોવા મળે છે. અહીં પ્રાચીન બે જિન મંદિરો હતા. એક મૂળનાયક શ્રી મહાવીર સ્વામી અને બીજું શ્રી અમીઝરા પાર્શ્વનાથ ભગવાનનું. પહેલું લાકડાનું મંદિર હતું અને તે વિ.સં. ૧૫૦૦માં બનાવ્યાનો ઉલ્લેખ મળે છે. આ મંદિર જીર્ણ થતાં વિ.સં. ૧૮૧૦માં હરકુંવર શેઠાણીએ એનો જીર્ણોધ્ધાર કર્યો. તે પછી વિ.સં. ૧૯૨૫માં ભીંતોમાં તિરાડ પડવાથી અને લૂણો લાગવાથી શ્રી સંઘે એનું ફરી સમારકામ કરાવ્યું. અહીંથી ૧૯ કિ.મી. દૂર આવેલા દહેજ ગામમાં ગંધારથી લઈ જવામાં આવેલી અનેક પ્રતિમાઓમાં શ્રી હીરવિજયસૂરિજીની ૩૦ સે.મી. ઊંચી પ્રાચીન પ્રતિમાનો પણ સમાવેશ થાય છે.

# અન્ય સંસ્થાઓના સમાચાર

## શ્રી મહાવીર જૈન વિદ્યાલયના આંગણે ડૉ. જશવંતભાઈ મોદી સન્માન સમારોહ

૧૧મી ફેબ્રુઆરી (રવિવારે) શ્રી મહાવીર જૈન વિદ્યાલયના ખ્યાતનામ ભૂતપૂર્વ મહાનુભાવ ડૉ. જશવંતભાઈ મોદીના સન્માન સમારંભનું ઉત્તમ આયોજન 'શેઠ શ્રી યુ.એન. મહેતા વિદ્યાર્થી ગૃહ, પાલડી ક્રોસ રોડ, અમદાવાદ' ખાતે કરવામાં આવ્યું હતું.

ડૉ. જશવંતબાઈ મોદી અમદાવાદ બ્રાન્ચના એલ્યુમની છે. તેઓ શ્રી ૧૯૬૯-૧૯૭૬ દરમિયાન MBBS માં અભ્યાસ પૂર્ણ કરી ત્યારબાદ LA - USA ખાતે અગ્રણી ગેસ્ટ્રો એન્ટ્રોલોજિસ્ટ બન્યા. સાથોસાથ અગ્રણી સામાજિક ઉત્કર્ષના કાર્યોમાં પ્રવૃત્ત રહ્યાં.

તેઓ એક પ્રખ્યાત જૈન દાતા પણ છે. તેમણે અને તેમના પત્ની ડૉ. મીરાબેને યુ.એસ.એ.ની વિવિધ યુનિવર્સિટીઓમાં જૈન અભ્યાસની સ્થાપના માટે રૂા. ૧૬૦ કરોડથી વધુનું દાન આપ્યું છે. આ ઉપરાંત ભારતમાં પણ વિવિધ સંસ્થાઓમાં તેમના ઉદાત્ત દાનનો પ્રવાહ અવિરતપણે વહી રહ્યો છે.

શહેરના નામાંકિત જૈન મહાનુભાવો ડૉ. કુમારપાળ દેસાઈ, ડૉ. સુધીરભાઈ શાહ, જીતુભાઈ શાહ, ભીખાભાઈ દવાવાળા, રાજેશભાઈ શાહ, જીતો એપેક્ષના ચેરમેન ગણપતભાઈ ચૌધરી સહિત નામી અનામી પ્રતિષ્ઠિત વ્યક્તિઓ તથા શ્રી મહાવીર જૈન વિદ્યાલયના એલ્યુમિની વિદ્યાર્થીઓ ડૉ. જશવંતભાઈ મોદીને તેમની અદ્‌ભુત સેવાઓને બિરદાવવા ઉપસ્થિત રહેલ હતા.

ડૉ. જશવંતભાઈ મોદીએ પશ્ચિમી વિશ્વમાં જૈન ધર્મના ઉપદેશો ફેલાવવામાં તેમના નોંધપાત્ર યોગદાનની પ્રભાવશાળી અને પ્રેરણાદાયી રજૂઆત કરી સૌને પ્રેરીત કર્યા હતા. પોતાની આગવી લાક્ષણિક શૈલીમાં પોતાની કાર્યનિષ્ઠા અને સમાજ રાષ્ટ્ર તરફની પોતાની ભાવનાઓને વ્યક્ત કરી હતી. લગભગ ૧૫ મિનિટ ઉપરાંત તેમણે પાવર પોઈન્ટ પ્રેઝન્ટેશન દ્વારા પોતે કરેલા અને હજુ ભવિષ્યના તેમના પ્લાન રજૂ કરેલ હતા. તેમણે તેમના વિદ્યાલય કાળના અનુભવો અને યાદોનો તાદશ્ય ચિતાર રજૂ કરેલ હતો.

વિદ્યાલયના સેક્રેટરી શ્રી હસમુખભાઈ ગઢેચાએ ડૉ. જશવંતભાઈ મોદીનું ઉષ્માભર્યું સ્વાગત કર્યું હતું. ડૉ. જશવંતભાઈ મોદી તથા તેમના ધર્મપત્ની ડૉ. મીરાબેન મોદીનું શાલ, ચાંદીના શ્રીફળ અને સન્માન પત્રકથી જૈન શ્રેષ્ઠીઓ તથા વિદ્યાલયની સ્થાનિક કમિટી દ્વારા સન્માન કરાયેલ હતું. વિદ્યાલયના ભૂતપૂર્વ વિદ્યાર્થીઓ અને વર્તમાનમાં ભણતા વિદ્યાર્થીઓ મોટી સંખ્યામાં ઉપસ્થિત રહેલ હતા.

ઉપસ્થિત સૌ મહેમાનો સુંદર ડોક્યુમેન્ટરી ફિલ્મ દ્વારા વિદ્યાલયની ૧૦૮ વર્ષ લાંબી જ્વલંત યાત્રાથી અવગત થયા હતા. સાથોસાથ નજીકના ગાળામાં વિદ્યાલય દ્વારા થનારા નવા પ્રોજેક્ટ માટેની રૂપરેખા પણ રજૂ થયેલ હતી.

## કવિમંચ સાહિત્ય પરિવાર દ્વારા મર્યાદા પુરૂષોત્તમ પ્રભુ શ્રી રામ સ્તુતિ કાવ્યસંગ્રહ પ્રકાશિત કરવામાં આવ્યો

આદર્શ જીવન જીવવાની સાચી પ્રણાલી દર્શાવતું પ્રભુ શ્રી રામનું જીવન જે આજે પણ ભક્તોના હૃદયમાં જીવંત છે તેમજ જીવમાત્રને આદર્શ જીવન જીવવા માટે માર્ગદર્શન પૂરૂં પાડે છે. અમોઘ શસ્ત્ર તેમજ શક્તિ પ્રદાન કરતું સંજીવની સમાન રામ નામની સ્તુતિનો કવિમંચ સાહિત્ય પરિવારનાં ભાવિક ભક્તો, ઉપાસકો, આરાધકો તેમજ સાહિત્યકારો દ્વારા પ્રભુ શ્રીરામને સમર્પિત આ સ્તુતિ કાવ્યસંગ્રહ 'મર્યાદા પુરૂષોત્તમ અદ્વિતીય છે અને તેનું રસપાન દરેક મનુષ્યના જીવનમાં અલૌકિક ઉર્જા પ્રદાન કરશે' તે હેતુથી નિર્માણ પામેલ છે. પ્રભુ શ્રીરામના ભાવપૂર્ણ ભક્તિ કાવ્યોની આ શુભ નાવડીમાં દરેક જીવમાત્રનું કલ્યાણ થાય અને સંસારરૂપી ભવ સાગરમાંથી તરી જવાય તેમજ આદર્શ જીવનનું ઘડતર થાય તે ભાવથી આ પુસ્તક અયોધ્યા જઈને પ્રભુ શ્રીરામના ચરણોમાં સમર્પિત કરતા હર્ષની લાગણી અનુભવીએ છીએ.

## વસંત પંચમી પર્વ નિમિત્તે કવિ મંચ દ્વારા ફોન-ઇન મુશાયરો યોજાયો

તા. ૧૪-૨-૨૦૨૪ના રોજ કવિ મંચ સાહિત્ય પરિવારના પ્રમુખ શ્રી દીપક પૂરી 'દર્દે દિલ'ના અધ્યક્ષ સ્થાને વસંત પંચમી પર્વ નિમિત્તે ફોન-ઈન મુશાયરાનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં ગુજરાતના વિવિધ શહેરોથી કવિ મિત્રો ઓનલાઇન જોડાયા હતા. કાર્યક્રમની શરૂઆતમાં દક્ષાબેન પરમાર 'ઝંખના' દ્વારા સરસ્વતી વંદના કરવામાં આવી હતી. ત્યારબાદ પુલવામા

ઍટેકમાં શહીદ થયેલા જવાનોની યાદમાં બે મિનિટ મૌન પાળી શ્રદ્ધાંજલી અર્પણ કરવામાં આવી હતી. ત્યારબાદ કાવ્ય પઠન કાર્યક્રમની શરૂઆતમાં જેમાં કવિ શ્રી જયેશભાઈ શ્રીમાળી 'જય' - અમદાવાદ, દિનેશ સોની 'દિન' - રાપર, દિલીપભાઈ ધોળકિયા 'શ્યામ' - જુનાગઢ, દક્ષાબેન પરમાર 'ઝંખના' - અમદાવાદ, પૂજાબેન ગઢવી 'મંથના' - અંજાર, દીપક પૂરી 'દર્દેદિલ' - ગાંધીધામ દ્વારા કાવ્ય પઠન કરવામાં આવ્યું હતું તથા કાર્યક્રમનું સંચાલન તથા આભારવિધિ સંસ્થાના સહસંચાલક પૂજાબેન ગઢવી 'મંથના' દ્વારા કરવામાં આવી હતી.

## કવિ કલાવૃંદ સાહિત્ય સંસ્થા - ભુજ

કવિ કલાવૃંદ સાહિત્ય સંસ્થા - ભુજ દ્વારા વિવિધ વિષયની રચના સાથે ગોષ્ટી યોજવામાં આવેલ હતી. જેમાં ગ્રુપ સભ્યોએ અનેક પ્રકારની રચનાઓ રજૂ કરી હતી. જેની બેઠક દિલીપ આચાર્ય 'દિલકશ'ના અધ્યક્ષ સ્થાને યોજવામાં આવેલ હતી. હોદ્દેદાર સભ્યો હાજર રહેલ હતા.

## માનવ જ્યોત સંસ્થા – ભુજ

### ખૂબ બીમાર હાલતમાં મળેલી મહિલાનું ઘર શોધી અપાયું. પરિવારજનો સાથે થયું ફેરમિલન.

મધ્ય પ્રદેશનાં મોરેનાં વિસ્તારની એક અજાણી મહિલા ઉં.વ. ૫૮ મોડી રાત્રે ભુજ શહેરનાં ગાંધીનગરી માર્ગેથી માનવ જ્યોતનાં રફીક બાવાને મળી આવતાં તેને રાત્રે માનવ જ્યોત સંસ્થા - ભુજ સંચાલિત શ્રી રામદેવ સેવાશ્રમ પાલારા મધ્યે આશ્રય આપવામાં આવ્યો. મહિલાની પરિસ્થિતિ અત્યંત નાજુક હોતાં સવારે હોસ્પિટલમાં દાખલ કરવામાં આવી. સંસ્થાના સામાજિક કાર્યકર રીતુબેન વર્માએ ખૂબ જ પ્રયત્નોથી મહિલાનાં પરિવારનું એડ્રેસ શોધી કાઢી પરિવારજનોને મહિલાની હાલત ગંભીર હોવાનું જણાવતાં, પરિવારજનો પોતાના વાહન દ્વારા ભુજ આવી, મહિલાને અમદાવાદ હોસ્પિટલમાં એડમિટ કરાવી. મહિલાને શોધી આપવા બદલ તેમજ માનવ જ્યોત સંસ્થાની સેવાઓને બિરદાવી સંસ્થાનો આભાર માન્યો હતો. એકદમ બીમાર મહિલાનું ત્રણ દિવસમાં ઘર શોધવામાં સંસ્થાને સફળતા મળી હતી. મહિલાનાં પરિવારજનો તેને છ મહિનાથી શોધી રહ્યા હતા.

માનવતાના આ કાર્યમાં પ્રબોધ મુનવર, પૃથ્વીરાજસિંહ જાડેજા, રફીક બાવા, આનંદ રાયસોની, કનૈયાલાલ અબોટી, માવજીભાઈ આહીર, હિતેશ ગોસ્વામી, ઈરફાન લાખા, વાલજીભાઈ કોલી સહભાગી બન્યા હતા.

## હોય છે

સગાઈ વગરના કોક સંબંધ હોય છે,
શિર્ષક વગરનાંય કોક નિબંધ હોય છે.

ઓસરી, પરસાળ, ગામડુંય છૂટી ગયું,
આંગણ વગરનાં ઘર બંધ હોય છે.

દીકરો અવતરશે કે દીકરી,
ગણતરીના સૌ પ્રબંધ હોય છે.

ન હોય સંબંધ નાવા કે નિચોવવાનો,
આંખના ઈશારાના અનુબંધ હોય છે.

ટીનાપોલિયા વસ્ત્રો પાછળ વરુનાં ડાચાં,
રાજ વગરનાં તોય કિલ્લેબંધ હોય છે.

કાળા-ગોરાની તુલના શેં કરવી કહો,
ઘેટાની ખાલમાં કેટલાક દબંગ હોય છે.

પોકળતા ઢુંકતીય નથી નક્કર પરિવારોને,
ખાનદાનીના પાયા ચીરેબંધ હોય છે.

*ભાનુબેન સાવલા*

## ગઝલ

શબ્દ જ્યારે તીર થઈ વાગ્યા કરે,
આપણું પણ પારકું લાગ્યા કરે!

તું નથી અવતાર કોઈ દેવનો,
યાદ તું આઠે પ્રહર આવ્યા કરે!

ભૂમિ છે પથરાળ એ જાણ્યા છતાં,
લાગણીના બીજ શેં વાવ્યા કરે?

ઉંબરે આવીને ઊભું સ્વપ્ન તો,
તું પ્રતીક્ષામાં સતત જાગ્યા કરે!

ઓડકારો તૃપ્તિનો મળશે નહીં,
ઝાંઝવા પાછળ અગર ભાગ્યા કરે.

હાથમાં રૂમાલ ભીનો સર્વના,
અશ્રુ શાને આંખમાં લાવ્યા કરે?

હા, મરણને જોઈએ ટુકડો કફન,
જિંદગી તો કેટલું માગ્યા કરે?

*આબિદ ભટ્ટ - હિંમતનગર (સાબરકાંઠા)*
*મો. ૯૪૦૯૦ ૨૨૧૩૦*

# સવાલ અમારો... જવાબ તમારો.....

મણકો ૧૧

સંકલન - સંયોજક : પ્રભુલાલ કે. સંઘવી (ગાંધીધામ - અમદાવાદ)
(સમાજના ભૂતપૂર્વ મંત્રી તથા 'મંગલ મંદિર'ના પ્રથમ ભૂતપૂર્વ તંત્રી)

*અહીં ૧૦ પ્રશ્નો આપવામાં આવેલા છે. તે તમામના સાચા જવાબ આપવાના છે. સાચા જવાબો આપનાર વાચકોમાંથી લક્કી ડ્રો કરી પાંચ વાચકોને યોગ્ય ઈનામ આપવામાં આવશે. વધુમાં વધુ સંખ્યામાં ભાગ લેવા વિનંતી.*

*તો આવો, આ એક નવીનતમ શ્રેણીના જવાબ આપવા થઈ જાઓ તૈયાર... ઉઠાવો કલમ...*

★ **આપે આટલું કરવાનું છે :**

- *આપના જવાબો, અંક મળ્યેથી ૧૦ દિવસમાં સમાજના પાલડી ભવન કાર્યાલયે મોકલી આપવાના છે.*
- *કવર ઉપર "સવાલ અમારો – જવાબ તમારો" સ્પર્ધા લખવાનું છે.*
- *જવાબના પત્ર ઉપર આપનું નામ, સરનામું, મોબાઈલ નંબર લખવો.*
- *આ એક ઉત્તમ પ્રયાસ છે. થોડી મહેનત કરશો. શોધખોળ કરશો... પ્રયત્ન કરશો... આપના જાણીતા અને અનુભવેલા પ્રશ્નો છે. આપને જરૂર આવડશે... આપનું નામ પ્રસિધ્ધ થશે... આપને આનંદ આવશે. સમાજ પ્રત્યે દિલચસ્પી વધશે.*

*તો આવો, તૈયારી કરીએ... જવાબ લખવાની...*

## • આ અંકના સવાલો •

૧. બાલ સમૃધ્ધિ યોજના ________ દિવસે ચાલુ થયેલ છે.
(તા. ૨-૧૦-૧૯૮૬, તા. ૩૦-૯-૧૯૯૦, તા. ૧૨-૧૦-૧૯૯૬)

૨. 'મંગલ મંદિર'નો માર્ચ ૨૦૦૧નો અંક ________ વિશેષાંક તરીકે પ્રગટ થયો હતો.
(સ્વતંત્ર દિન, ભૂકંપ વિશેષાંક, દિવાળી વિશેષાંક)

૩. ફેબ્રુઆરી ૨૦૨૪ના અંકમાં એક વડાપ્રધાન વિશે લેખ છે.
(મોરારજી દેસાઈ, નરેન્દ્ર મોદી, અટલબિહારી વાજપાઈ)

૪. સ્વતંત્ર સંગ્રામના ૭૫ શૂરવીરોમાંના એક શૂરવીર ________
(સુભાષચંદ્ર બોઝ, સત્યેન્દ્ર બોઝ, રવિન્દ્રનાથ ટાગોર)

૫. ભારત દેશને વર્ષ ________માં આઝાદી મળી અને વર્ષ ________માં દેશ પ્રજાસત્તાક બન્યો.
(૧૯૫૦, ૧૯૪૬, ૧૯૪૭, ૧૯૧૨)

૬. અયોધ્યા શ્રી રામ મંદિરની પ્રતિષ્ઠા ________ દિવસે થઈ હતી.
(૨૬મી જાન્યુઆરી, ૨૨મી જાન્યુઆરી, ૨૧મી જાન્યુઆરી)

૭. શાહીબાગ મેડિકલ સેન્ટરમાં ડિસેમ્બર માસમાં કુલ ________ વ્યક્તિઓએ લાભ લીધો હતો. (૫૦૦, ૪૯૬, ૩૯૧)

૮. જૂન ૨૦૦૧માં કચ્છની સ્કૂલો - દવાખાના માટે રૂા. ________ના ફંડની ફાળવણી કરવામાં આવી હતી.
(૫૦ લાખ, ૩૧.૩૦ લાખ, ૩૨ લાખ)

૯. પરમકૃપા મેડિકલ સેન્ટર – દાંત વિભાગને 'મા કમલા ચેરીટેબલ ટ્રસ્ટ - અમદાવાદ' દ્વારા રૂા. ________ લાખનું દાન આપવામાં આવેલ. (૧૧, ૨૧, ૫૧)

૧૦. પાલડી મેડિકલ સેન્ટરમાં મેડિકલની ________ બ્રાંચો કાર્યરત છે. (૩૪, ૩૨, ૨૨)

## • મણકા—૧૦ ના સવાલોના સાચા જવાબો •

૧. પ્રજાસત્તાક દિન તા. ૨૬-૦૧ના ભવનના પટાંગણમાં ધ્વજવંદન **શ્રી વિલાસ શંકરલાલ બાવીસ્કર**ના વરદ્ હસ્તે કરાવવામાં આવેલ.

૨. અત્યારે દેશમાં **આઝાદીનો અમૃત મહોત્સવ** ચાલી રહ્યો છે?

૩. યુરોપમાં દ્વિતીય વિશ્વયુધ્ધ **સપ્ટેમ્બર ૧૯૩૯**માં થયું હતું.

૪. છેલ્લા ૨૨ વર્ષથી અવિરતપણે સેવા આપનાર **ડો. હિમાંશુ શાહ.**

૫. ચાંગોદર મેડિકલ સેન્ટરના પી.આર.ઓ.નું નામ **શ્રી પ્રતીક વ્યાસ** છે.

૬. શ્રી કચ્છી જૈન ભવન - પાલડીનું ઉદ્‌ઘાટન **૨૬ જાન્યુઆરી ૧૯૯૭**ના રોજ કરવામાં આવેલ હતું.

૭. સુરત ડાયમંડ બુર્સનું ઉદ્‌ઘાટન **શ્રી નરેન્દ્ર મોદી**એ કરેલ હતું.

૮. પાલડી મેડિકલ સેન્ટરમાં નવેમ્બર-૨૦૨૩ માસ દરમિયાન મેડિકલ સેન્ટરનો લાભ લેનાર કુલ વ્યક્તિઓ : **૭૬૬૩**

૯. બૃહદ્ અમદાવાદમાં વસતા સમસ્ત કચ્છી જૈન પરિવારનું વસતીપત્રક છેલ્લે **૨૦૧૨** વર્ષમાં પ્રગટ કરવામાં આવેલ હતું.

૧૦. મધમાખીને **૬** પગ અને **૪** પાંખો હોય છે.

***મણકા-૧૦ (મંગલ મંદિર ફેબ્રુઆરી-૨૦૨૪ અંકમાં પૂછાયેલા પ્રશ્નોના) સાચા જવાબ આપનાર ભાગ્યશાળીઓના નામ નીચે મુજબ છે.***

૧. વસંત ‘કચ્છ કેસરી’
૨. મીનાક્ષી પારેખ
૩. જ્યોતિ એલ. શાહ
૪. રોનકબેન આઈ. શેખ
૫. હસમુખ દામજી દેઢિયા
૬. કિંજલ દિવ્યેશ શેઠ
૭. સ્મિતા વિશાલ શાહ
૮. મહેન્દ્ર ડી. પૂજ
૯. મનીષા વાઘેલા / પૂજા બારૈયા
૧૦. જિતેન્દ્ર મકવાણા / મકવાણા દીપકકુમાર
૧૧. નવનીત ત્રિકમલાલ પટેલ

*ઉપરોક્ત ૧૧ નામોમાંથી ડ્રો કરવામાં આવતા નીચે મુજબના ૫ ભાગ્યશાળીઓ ઈનામને પાત્ર થયેલ છે.*

૧. **મીનાક્ષી પારેખ**
૨. **કિંજલ દિવ્યેશ શેઠ**
૩. **જ્યોતિ એલ. શાહ**
૪. **જિતેન્દ્ર મકવાણા / મકવાણા દીપકકુમાર**
૫. **વસંત ‘કચ્છ કેસરી’**

***આ ભાગ્યશાળીઓએ પોતાના ઈનામ શ્રી કચ્છી જૈન ભવન - પાલડી, અમદાવાદ ખાતેથી મેળવી લેવા વિનંતી કરવામાં આવે છે.***

★ **નોંધ :** (૧) આ પ્રશ્નો સમાજ, સમાજની પ્રવર્તમાન પ્રવૃત્તિ અને સમાજને લગતા પૂછવામાં આવ્યા છે. સમાજના મુખપત્ર તથા સમાજના સાહિત્યનો અભ્યાસ કરવાથી જવાબો મળી જશે. (૨) સૌને સમાજની કાર્ય પ્રવૃત્તિમાં જોડવા અને ઓતપ્રોત કરવા સમાજને સ્પર્શતા પ્રશ્નો પૂછવામાં આવ્યા છે.

**શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદ**

**પાલડી ભવનમાં રૂમ બુકિંગ અથવા સમાજની કોઈપણ પ્રવૃત્તિ (મેડિકલ સિવાય)ની માહિતી માટે ફક્ત નીચેના ટેલિફોન નંબર ઉપર જ સંપર્ક કરવો**

**(079) 4890 6002, (079) 4890 6003**
**(079) 4890 6004, (079) 4890 6005**

**શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદ**

**મેડિકલ સેન્ટર અંગેની કોઈપણ માહિતી માટે ફક્ત નીચેના ટેલિફોન નંબર ઉપર જ સંપર્ક કરવો.**

**(079) 4890 6001**
**(079) 4890 6006**

## NanoNine® શબ્દ રમત-૨૦૪

*સંકલન : રજનીકાંત પારેખ*

| | | | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| ૧ | | | ૨ | ■ | ૩ | ૪ | | ■ | ૫ | ૬ | ૭ |
| ૮ | | ■ | ૯ | | | | ■ | ૧૦ | | | |
| | ■ | ૧૧ | | ■ | ૧૨ | ૧૩ | ૧૪ | | ■ | ■ | |
| ■ | ૧૫ | | | | ■ | ૧૬ | | ■ | ૧૭ | ૧૮ | ■ |
| ૧૯ | | ■ | | ■ | ૨૦ | ■ | ૨૧ | | | | ૨૨ |
| ૨૩ | | | ■ | ૨૪ | | ૨૫ | | ■ | ૨૬ | | |
| ૨૭ | | ■ | ૨૮ | | | | ■ | ૨૯ | ■ | ■ | |
| ■ | ૩૦ | ૩૧ | ૩૨ | | ■ | ■ | ૩૩ | | | ૩૪ | ■ |
| ૩૫ | ■ | ૩૬ | | ■ | ■ | ૩૭ | ૩૮ | | ■ | ૩૯ | |
| ૪૦ | ૪૧ | ■ | ■ | ૪૨ | | ૪૩ | | ■ | ૪૪ | | ■ |
| ૪૫ | | ૪૬ | ૪૭ | ૪૮ | | ■ | ■ | ૪૯ | | | ૫૦ |
| | ■ | ૫૧ | | | | | ૫૨ | | | ■ | |

શબ્દ રમત ભરનારનું નામ : ____________________

સરનામું : ____________________

____________________ ફોન/મો. ____________________

*આપશ્રીના જવાબો તા. ૩૧-૦૩-૨૦૨૪ સુધીમાં શ્રી કચ્છી જૈન ભવન - પાલડીના સરનામે મોકલાવવા વિનંતી.*

### આડી ચાવીઓ

૧. રાજ્યનો વડો હાકેમ (અં.) (૪)
૪. લોઢાનો પોષાક, બખતર, કર્ણ કુંડળ અને _____ સાથે જન્મેલ હતો (૩)
૫. રૂ આપતો એક છોડ, બી સાથેનું રૂ (૩)
૮. શરીરનો વર્ણ, રંગ (૨)
૯. અતિથિ, પરોણો, ગેસ્ટ (૪)
૧૦. સુઘડતા, શણગાર, ઉપલો ભભકો (૪)
૧૧. બુધ્ધિ, પ્રજ્ઞા, અક્કલ (૨)
૧૨. ડર લાગે એવું, ભયાનક (૪)
૧૫. પગપાળા પ્રવાસ (૪)
૧૬. ફતેહ, વિજય (૨)
૧૭. એક લોહીનું કે લગ્ન સંબંધથી જોડાયેલ તેવું માણસ, સંબંધી (૨)
૧૯. પતિ, ધણી, નાથ (૨)
૨૧. ધનતેરસના દિવસે કરવામાં આવતું પૂજન (૫)
૨૩. સરખો મત ધરાવતું (૩)
૨૪. ચંદ્ર, ચાંદો, ચાંદની (૪)
૨૬. પુત્ર, તનુજ, અંગજ (૩)
૨૭. તપસ્યા, ઈન્દ્રિય દમન (૨)
૨૮. કોઈ કામ શરૂ કરવાનો શુભ સમય, મુહૂર્ત (૪)
૩૦. ઈંટો પકવનાર (૪)
૩૩. મોટું મકાન, હવેલી (૪)
૩૬. _____ એક હાથે ન પડે, દે _____ (૨)
૩૭. ખેદાન મેદાન, જમીનદોસ્ત, ફના (૩)
૩૯. મોટી થાળી (૨)
૪૦. જાતિ, વર્ગ, ખાનદાન (૨)
૪૩. જંગલ (૨)
૪૪. શિખા, દીવાની જાત (૨)
૪૫. ગરમ ગરમ, ઉનું ઉનું, ચાય _____ (૬)
૪૯. જડવું તે, જડવાની રીત, જડાવકામ (૪)
૫૧. દેવપૂજાનું પાણી (૩)
૫૨. ઝીણું, સૂક્ષ્મ, પાતળું (૩)

### ઊભી ચાવીઓ

૧. સાક્ષી પૂરનાર (૩)
૨. રમતમાં જ ચિત્તવાળું (૫)
૩. બારણું, દરવાજો (૩)
૪. લાંબા જંગલનો પ્રદેશ (૪)
૫. પ્યાલો, _____ રકાબી (૨)
૬. સ્લેટ (૨)
૭. સ્વપ્ન, સમણું (૩)
૧૦. સારોનરસો પ્રસંગ, અવસર, લાગ (૨)
૧૧. કેફ, ગર્વ, તોર હાથીના ગંડસ્થળમાંથી ઝરતો રસ (૨)
૧૩. ખુશ, સમંત (૨)
૧૪. હેતુ, સ્વાર્થ, અર્થ (૪)
૧૫. મોક્ષ, મુક્તિ (૫)
૧૭. કુટુંબની આબરૂ વધારે તેવો દીકરો (૩)
૧૮. ગણગણાટ, મધુર ધ્વનિ (૩)
૧૯. ચૈત્ર વૈશાખની ઋતુ, ઋતુરાજ (૩)
૨૦. તરંગ, મોજું, મજા (૩)
૨૨. આંખ, નેત્ર (૩)
૨૩. સાધુ પુરૂષ (૨)
૨૪. ગુજરાતમાં ઘંટાકર્ણ મહાવીરનું સ્થાન (૩)
૨૫. પિતા, બાપ (૨)
૨૮. ગુંડો (૩)
૨૯. સમુદાય, મંડળી, સભા, જનસમુદાય (૩)
૩૧. વેલ, વેલી (૨)
૩૨. મુરબ્બી, રક્ષક, પાલક (૨)
૩૩. પારસીઓનું મૂળ વતન દેશ (૩)
૩૪. બુધ, જ્ઞાની (૪)
૩૫. જેના આધારે બારણું વસાય છે તથા ઉઘડે છે તે, બરડવું (૪)
૩૭. જ્વર, શરીરની ગરમી વધારવાનો એક રોગ (૨)
૩૮. જંગલ, ઉજ્જડ પ્રદેશ (૨)
૪૧. દહીં, દૂધ પરની મલાઈની પોપડી (૨)
૪૨. પગ, કડી (કવિતાની) (૩)
૪૪. પાકો રસ્તો (૩)
૪૬. આબરૂ, પ્રતિષ્ઠા, અપમાનની વિરૂધ્ધ (૨)
૪૭. શોક, દુઃખ, ગુંદર (૨)
૪૮. રેતીનું મેદાન, યુદ્ધનું મેદાન (૨)
૪૯. કસબ, થોડું, લગાર (૨)
૫૧. કચ્છનું સફેદ _____ પ્રવાસનું સ્થળ છે (૨)

### નાનકડી કથા

*દાદાની લાકડી પકડીને દાદાને લઈ જતા પૌત્રને જોઈ લોકો બોલ્યા, જોજે, ધીમે ધીમે... દાદા પડી ન જાય. દાદા હસીને બોલ્યા, હું કાંઈ પડતો હોઉં? મારી પાસે તો બે લાકડીઓ છે.*

## NanoNine® શબ્દ રમત-૨૦૩નો ઉકેલ

| | | | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| | વ | જ | ન | | આ | મ | | પ | ર | ત | |
| અ | ર | જ | | સ | વ | લ | ત | | દ | ર | દ |
| ર | સ | | શ | | ક | મ | | શ | | ત | ડ |
| મા | | મ | ર | જી | | | સુ | મ | ન | | મ |
| ન | ફ | ર | ત | | ન | ફો | | | સ | મા | જ |
| | જે | મ | | અ | | | ના | | | પ | લ |
| સ | તી | | ક | સ | ર | ત | | ક્ષી | ણ | | |
| ચ | | | સ | ર | જ | ન | હા | ર | | સી | તા |
| રા | મે | શ્વ | ર | | ની | મ | | સા | પુ | તા | રા |
| ચ | ર | સ | | જ | શ | ન | | ગ | ચ્છ | | જ |
| ર | | ન | ર્ત | ન | | | આ | ર | | સ | |
| | પા | | | ક | મ | ની | ય | | પ | ર | વા |

*જાન્યુઆરી-૨૦૨૪ના અંકમાં છપાયેલ નેનો શબ્દ-રમત ૨૦૨ના બધા સાચા ઉકેલ મોકલાવનારના નામ*

૧. સરલા શાહ – અમદાવાદ
૨. જ્યોતિ શાહ – અમદાવાદ
૩. પ્રવીણ નાગડા – અમદાવાદ
૪. પ્રવીણ દંડ – અમદાવાદ
૫. મહેન્દ્ર પૂજ – અમદાવાદ
૬. મીના ખરીદીયા – અમદાવાદ
૭. તૃપ્તિ સાવલા – અમદાવાદ
૮. ઈંદુબેન પટેલ – અમદાવાદ
૯. યેશા મહેતા – અમદાવાદ
૧૦. મુકેશ શાહ – અમદાવાદ
૧૧. સ્મિતા શાહ – અમદાવાદ
૧૨. ચંદ્રા શાહ – અમદાવાદ
૧૩. ઝરણા પારેખ – અમદાવાદ
૧૪. નરેન્દ્ર સંઘવી – અમદાવાદ
૧૫. અરવિંદ ભટ્ટ – અમદાવાદ
૧૬. કામિની શેઠ – અમદાવાદ
૧૭. દમયંતી દંડ – અમદાવાદ
૧૮. ચેતના વોરા – અમદાવાદ
૧૯. લક્ષ્મીબેન ખત્રી – અમદાવાદ
૨૦. કંચનબેન મોરબીયા – ભુજ
૨૧. પ્રભા શેઠિયા – વલસાડ
૨૨. હસમુખ દેઢિયા – અડાલજ
૨૩. ફાલ્ગુની શાહ – આદિપુર

*ઉપર્યુક્ત સાચા જવાબ મોકલાવનારમાંથી લક્કી ડ્રો કરતાં એક વિજેતાનું નામ નીચે પ્રમાણે છે. તેમણે પોતાના ઈનામ સમાજના પાલડી ખાતેના કાર્યાલયમાંથી મો. ૯૮૯૮૦ ૫૩૫૨૧ (સમય : સવારે ૯ થી ૧૨, સાંજે ૪ થી ૫) પર જાણ કરી મેળવી લેવા વિનંતી છે.*

**મુકેશ શાહ – અમદાવાદ**

## વ્યવહાર હોવો જોઈએ

ઈશ્કમાં ક્યારેક અધ્યાહાર હોવો જોઈએ,
વાટકી તો વાટકી વ્યવહાર હોવો જોઈએ.

આમ તરછોડીને ચાલ્યા જાવ એમાં શું વળે?
છડેચોક ચર્ચાય તેવો ઈન્કાર હોવો જોઈએ.

હું થયો બરબાદ તારા ઉપર તો શું થયું?
ફૂલોમાં પણ થોડો ઘણો ખાર હોવો જોઈએ.

બે જણા ભેગા થયા વાતો કરી છૂટા પડ્યા,
ગામ ચૌરે ચોટે વાત ચાલી પ્યાર હોવો જોઈએ.

લાખ અહેસાન તેં કર્યા ને છતાં મૂંગો રહ્યો
મુજ નયનમાં તારી તરફ આભાર હોવો જોઈએ.

લે ઉભો તુજ આંગણે લઈને ઉમ્મીદોની બહાર
ટોડલે આવકારતો ઈકરાર હોવો જોઈએ.

*યુસુફ મીર - અમદાવાદ ● મો. ૬૩૫૧૮ ૧૨૭૮૮*

## તાન્કા

૧. પીળું પરીંદુ
ચાંચમાં લાવી ક્ષણ
બેસી પાંપણે
બાંધે માળો શ્વાસની
નમેલી ડાળ પર.

૨. ઘરના ગોખે
રોજ કલબલતી
સાંજ આવે ને
બેસે એક ટહુકો
કાજળભરી આંખે.

૩. ઝાકળભીની
તડકી બારી વાટે
ઘરમાં આવે,
શરમાળ છાંયડો
ઓસરીમાં આળોટે.

૪. નયન મિંચું
અને ભીતરે દેખું
અકળ જ્ઞાન,
અંગ સંકોરે હવે
અતીતનો કાચબો.

*– ઉમેશ જોષી*

## NanoNine® Sudoku

**જાન્યુઆરી-૨૦૨૪ના અંકમાં છપાયેલ સુડોકુ-૧૧૬૦ના બધા સાચા ઉકેલ મોકલનારનાં નામ**

૧. હેમલતા દેઢિયા – અડાલજ
૨. પ્રભા શેઠિયા – વલસાડ
૩. નયના કારાણી – અમદાવાદ
૪. મહેન્દ્ર પૂજ – અમદાવાદ
૫. જ્યોતિ શાહ – અમદાવાદ
૬. અરવિંદ ભટ્ટ – અમદાવાદ
૭. ચંદ્રા શાહ – અમદાવાદ
૮. યેશા મહેતા – અમદાવાદ
૯. ઈંદુબેન પટેલ – અમદાવાદ
૧૦. મીના ખરીદીયા – અમદાવાદ
૧૧. સ્મિતા શાહ – અમદાવાદ
૧૨. કામિની શેઠ – અમદાવાદ
૧૩. ઝરણા પારેખ – અમદાવાદ
૧૪. કલ્પના પાલાણી – અમદાવાદ
૧૫. અવંતી દંડ – અમદાવાદ
૧૬. સનત મહેતા – અમદાવાદ

*ઉપર્યુક્ત સાચા જવાબ મોકલાવનારાઓમાંથી લક્કી ડ્રો અનુસાર એક વિજેતાનું નામ નીચે જણાવેલ છે. તેમણે પોતાનું ઈનામ પાલડી ભવન ખાતેના કાર્યાલયમાંથી મોબાઈલ : ૯૮૯૮૦ ૫૩૫૨૧ (સમય સવારે ૯ થી ૧૨, સાંજે ૪ થી ૫) ફોન પર જાણ કરી મેળવી લેવા વિનંતી છે.*

૧. હેમલતા દેઢિયા – અડાલજ

## NanoNine® Sudoku

રજનીકાંત પારેખ (૯૮૯૮૦ ૫૩૫૨૧)

*સુડોકુ ક્રમાંક-૧૧૬૨અત્રે રજૂ કરવામાં આવેલ છે. તેના ચારે ભાગ ભરીને 'મંગલ મંદિર' કાર્યાલય પર તા. ૩૧-૦૩-૨૦૨૪ સુધીમાં મોકલી આપવા વિનંતી.*

સુડોકુ ભરનારનું નામ : ____________________

સરનામું : ____________________

____________________ ફોન/મોબાઈલ : ____________________

### ક્રમાંક - ૧૧૬૨

**A**

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| 2 | 4 | | | 8 | | | 5 | 6 |
| | | | 4 | | 3 | 9 | 2 | |
| 9 | | 1 | | | 6 | | | 3 |
| | 6 | | 3 | | | 5 | 8 | 7 |
| 3 | 8 | 5 | | 4 | 7 | | 9 | |
| | 2 | | | | 8 | | 6 | |
| 7 | | 2 | 1 | 6 | | 4 | | 8 |
| | | 8 | | | 4 | | | |
| 6 | 1 | | | 3 | 9 | | 7 | 5 |

**B**

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| 3 | | | | 8 | | 6 | 4 | |
| 6 | 9 | | | | 2 | | 5 | |
| | | 5 | 6 | 7 | | 9 | | 3 |
| | 6 | | | | 7 | 8 | | |
| 7 | 8 | 9 | 5 | | 3 | | 1 | 2 |
| | 5 | | 2 | 4 | | | 6 | |
| 5 | | 8 | | 1 | 6 | 3 | | |
| | | 1 | | 2 | 4 | | 7 | 6 |
| 4 | | 6 | 3 | | | 2 | | 1 |

**C**

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| | | 3 | 8 | | | | 6 | 2 |
| 1 | 8 | | 6 | 7 | | 5 | | 4 |
| 4 | | 9 | 1 | | 5 | | 3 | |
| | | 6 | 5 | 8 | | 4 | | 9 |
| 2 | | 8 | | 1 | | | | 3 |
| | 9 | 7 | | 6 | 4 | 2 | | |
| | 3 | | 2 | | 1 | | 8 | 6 |
| 8 | | 5 | | | 6 | | | 1 |
| 6 | 2 | | | 9 | | 3 | | |

**D**

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| | | 6 | 5 | 7 | 2 | | | 3 |
| | 2 | | | | | 6 | 4 | |
| 8 | 5 | | | 6 | 4 | 7 | | 1 |
| 1 | 8 | 4 | 2 | | | | | 9 |
| | 3 | 5 | 4 | 9 | 6 | 1 | | |
| | | | | | 8 | 2 | 5 | |
| | 4 | 1 | | | 5 | | 7 | |
| 5 | | 2 | 1 | | | | 3 | 6 |
| | | | 7 | 4 | 3 | 5 | | |

### ઉકેલ : ક્રમાંક - ૧૧૬૨

**A**

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| 4 | 1 | 7 | 9 | 2 | 6 | 8 | 5 | 3 |
| 8 | 9 | 3 | 5 | 4 | 7 | 1 | 6 | 2 |
| 2 | 5 | 6 | 8 | 3 | 1 | 9 | 7 | 4 |
| 7 | 8 | 5 | 1 | 9 | 3 | 2 | 4 | 6 |
| 3 | 2 | 9 | 6 | 8 | 4 | 5 | 1 | 7 |
| 1 | 6 | 4 | 7 | 5 | 2 | 3 | 8 | 9 |
| 6 | 7 | 2 | 3 | 1 | 8 | 4 | 9 | 5 |
| 9 | 4 | 1 | 2 | 7 | 5 | 6 | 3 | 8 |
| 5 | 3 | 8 | 4 | 6 | 9 | 7 | 2 | 1 |

**B**

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| 6 | 5 | 1 | 9 | 2 | 3 | 4 | 8 | 7 |
| 8 | 3 | 2 | 4 | 7 | 5 | 1 | 6 | 9 |
| 4 | 9 | 7 | 8 | 1 | 6 | 2 | 3 | 5 |
| 5 | 4 | 6 | 3 | 9 | 2 | 7 | 1 | 8 |
| 3 | 7 | 9 | 6 | 8 | 1 | 5 | 4 | 2 |
| 2 | 1 | 8 | 7 | 5 | 4 | 3 | 9 | 6 |
| 7 | 6 | 5 | 1 | 3 | 9 | 8 | 2 | 4 |
| 9 | 2 | 3 | 5 | 4 | 8 | 6 | 7 | 1 |
| 1 | 8 | 4 | 2 | 6 | 7 | 9 | 5 | 3 |

**C**

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| 4 | 5 | 9 | 2 | 8 | 3 | 1 | 7 | 6 |
| 3 | 2 | 7 | 1 | 4 | 6 | 9 | 8 | 5 |
| 1 | 8 | 6 | 5 | 7 | 9 | 4 | 2 | 3 |
| 5 | 3 | 8 | 4 | 2 | 7 | 6 | 9 | 1 |
| 6 | 7 | 4 | 3 | 9 | 1 | 8 | 5 | 2 |
| 2 | 9 | 1 | 6 | 5 | 8 | 7 | 3 | 4 |
| 9 | 4 | 3 | 8 | 6 | 5 | 2 | 1 | 7 |
| 7 | 6 | 5 | 9 | 1 | 2 | 3 | 4 | 8 |
| 8 | 1 | 2 | 7 | 3 | 4 | 5 | 6 | 9 |

**D**

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| 3 | 6 | 7 | 8 | 4 | 5 | 2 | 9 | 1 |
| 4 | 2 | 1 | 6 | 9 | 7 | 8 | 3 | 5 |
| 8 | 9 | 5 | 3 | 2 | 1 | 4 | 6 | 7 |
| 6 | 1 | 8 | 7 | 5 | 3 | 9 | 4 | 2 |
| 7 | 4 | 9 | 1 | 6 | 2 | 5 | 8 | 3 |
| 5 | 3 | 2 | | 8 | 4 | 7 | 1 | 6 |
| 2 | 8 | 3 | 5 | 1 | 9 | 6 | 7 | 4 |
| 9 | 7 | 4 | 2 | 3 | 6 | 1 | 5 | 8 |
| 1 | 5 | 6 | 4 | 7 | 8 | 3 | 2 | 9 |

Nano 9® kitchenware in new avatar
NanoNine® INNOVATIVE KITCHENWARE Bana De Life Aasaan!
Mfg By: Shree Balaji Metal Industries, Vasai.
: (+91) 88792 99950 | E: care@nanonine.in | W: www.nanonine.in
AHMEDABAD: Authorised Distributors: Devam Enterprises : M. 96385 21024, 97245 00513
MUMBAI: Authorised Distributors: Vasant Marketing: (+91) 98206 72501 / KK Associates: (+91) 93234 04736

# આંજો કાગર

*To,*
*Hon'ble President, Vice President,*
*Trustees and Committee Members*

I thank you for making our stay comfortable at Paldi – Kutchhi Bhavan (Room No. 415).

Also Sri Pratapbhai Dand made me telephone to wish my comfortable stay as he was going to Mumbai. But Sri K.D. Shah made phone twice and also came personally to meet me in early morning of 17th Jan, for which I am thankful to him.

Also room was made-up comfortable. But I have a suggestion that your staff should clean Bathroom's bucket and Tumbler more perfectly to offer better satisfaction to the persons who stays. Rest OK.

Once again I thank you all.

***Premchand Motta - Kolkata***
***M. 98300 2551***
***(Instant Poet of India)***

★

આજ રોજ મુંબઈથી આવેલ ગ્રુપમાંથી એક વિદ્યાર્થિની (રીયા ગાલા)ની સોનાની વીંટી અહિયા શ્રી કચ્છી વિશ્રામ ગૃહ - શાહીબાગ રહી ગઈ હતી. તેમના ગ્રુપ લીડર મનોજભાઈ / નવીનભાઈના કહેવાથી હું આ વીંટી લેવા આવેલ છું. વીંટી મળી ગઈ છે. સંસ્થાનો આભાર.

***મુકેશ કાલરીયા - અમદાવાદ ● મો. ૯૮૭૯૦ ૭૯૭૯૨***

★

*Dear Management,*

It was a wonderful experience at Kutchhi Vishram Gruh - Shahibaug. The staff co-operated in everything we asked for. We were served well. Our 3 days trip with 43 Kids / Adults was memorable.

The food of Canteen is also wonderful. Best wishes.

We look forward to visit again.

***Avani Salia, Borivali - Mumbai***
***Indradhanush***
***Shri KVO Borivali Jain Mahajan***

*Dear management & hardworking people*
*Shri Kutchhi Vishram Gruh - Shahibaug*

It was a very pleasant experience staying here. The staff at office as well as housekeeping staff were very friendly and co-operative. The new facility of toothbrush kit is also commendable and appreciative. The cleanliness is also well maintained. Thanks and will visit again.

***Dipen Raichand Motta – Salem, Tamil Nadu***
***M. 9361522250***

★

હું નીચે સહી કરનાર અજયકુમાર નટવરલાલ પંચાલ. અહીં મારી બેબીના લગ્ન માટે આવેલ ત્યારે અમારો ઉતારો તમારે ત્યાં – શ્રી કચ્છી વિશ્રામગૃહ - શાહીબાગ ખાતે રાખવામાં આવેલ હતો. અમારા રૂમો તા. ૩૦-૧-૨૦૨૪થી તા. ૨-૨-૨૦૨૪ સુધી જયશ્રી પંચાલના નામે બુક કરવામાં આવેલ હતા. અહીં રૂમોની સફાઈ, પાણીની સગવડતા વગેરે ખૂબ જ ઉમદા પ્રકારના હતા. અમારા પરિવારના બધા લોકોએ અહીંની વ્યવસ્થા અને સગવડતાના ખૂબ વખાણ કરેલ હતા. આવી જ સગવડતા જળવાઈ રહે તેવી શુભેચ્છા.

***અજય પંચાલ ● મો. ૯૭૧૨૧ ૯૯૭૬૬***

★

The Museum is very well maintained. It shows all the various varieties of fabric hand crafted from years ago. The Kids get a chance to peek into the culture of Kutch. The place is clean and well maintained.

This is also a great place to stay. It is regularly cleaned & the staff is vecy co-operative.

***Devangi H. Gala***
***M. 93200 32678***

★

અમે તા. ૬-૨-૨૦૨૪ના જ્યારે જબલપુર (એમ.પી.)થી અમદાવાદ આવ્યા ત્યારે અમે શ્રી કચ્છી જૈન ભવન પર ઉતરેલ હતા. અહીં રૂમમાં સારી વ્યવસ્થા હતી. બધી સગવડ મળેલ હતી. સફાઈ સારી હતી. સ્ટાફનો વ્યવહાર પણ સારો હતો.

અમારી સાથે ઠક્કરભાઈએ ખૂબ જ સારો વ્યવહાર કરેલ હતો.

*જીતેન મુરજી છેડા - જબલપુર*

★

અમે તા. ૩૦-૧-૨૦૨૪ના રોજ શ્રી કચ્છી જૈન ભવન - પાલડી ખાતે ઉતરેલ હતા. અહીં રૂમની અંદર દરેક પ્રકારની યોગ્ય વ્યવસ્થા હતી અને સફાઈ પણ સારી હતી. કેન્ટીનમાં જમવાનું પણ વ્યવસ્થિત અને સારું હતું.

અમારા નીચે મુજબ સૂચન છે : (૧) કબાટમાં હેંગર મૂકવા જરૂરી છે. (૨) બાથરૂમમાં સ્ટુલ ખૂબ જ નીચા છે. ઓછામાં ઓછા દોઢ ફૂટ ઊંચાઈના હોવા જોઈએ. અન્ય સગવડતાઓ શ્રેષ્ઠ છે.

*ભૂપેશ સેવંતીલાલ શાહ - માટુંગા, મુંબઈ*

★

## કિફાયતી દરની સારવાર

શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદ સંચાલિત નવનીત મેડિકલ સેન્ટર - બોપલ દ્વારા એક ઉમદા અને કિફાયતી દરે સ્વાસ્થ્યને લગતી ઉત્તમ સેવા કાર્ય કરવામાં આવે છે. નિષ્ણાત તથા અનુભવી ડૉક્ટર્સ દ્વારા ચેક-અપ અને ઉત્તમ સારવાર મળે છે.

બોપલ મેડિકલ સેન્ટરમાં સ્વચ્છતાનું પૂરતું ધ્યાન રાખવામાં આવે છે તથા મેડિકલ સ્ટાફનો ખૂબ જ સાથ-સહકાર તથા પૂરતું માર્ગદર્શન મળે છે.

મારી બંને આંખોના મોતિયાનું ઑપરેશન આ સંસ્થામાં કરાવેલ છે, જે ખૂબ જ સંતોષકારક અને ઉત્તમ થયેલ છે.

*અજય દોશી ● મો. ૬૩૫૧૭ ૩૭૭૦૬*

★

I had cataract in my left eye but I was not aware of it. I consulted Dr. Mit Patel for eye check-up & he advised me to undergo surgery of Cataract in my left eye which was done on 27-01-2024. During the whole treatment, I feel that I am treated in a private Hospital. The whole staff of the center is co-operative & caring. I have no words to praise Dr. Mit Patel who is a very humble person & expert Opthalmologist. My surgery was so nicely completed and totally painless. I thank everyone of the Center especially I thank Dr. Mit Patel from the bottom of my heart. Thank you very much Navneet Medical Center – Bopal.

*Nitinkumar Pandya • M. 97658 98854*

## તમે એકલા નથી

તમારું જીવન તમારી એકલાની જ વાત છે તેમ કદી ન માનતા. તમારી સફળતા તમારા એકલાનો જ પ્રશ્ન છે ને એની સાથે બીજા કોઈને કશી જ લેવાદેવા નથી એમ કદી ન કલ્પતા. તમે સમાજનું એક અંગ છો. તમારી જવાબદારી તમારા પૂરતી નથી, વિશ્વવ્યાપી છે. સરોવરના શાંત જળ ઉપર એક કાંકરી પડવા દો, એટલે ઠેઠ દૂરના કાંઠા સુધી તેના સ્પંદનના કુંડાળા વ્યાપી જશે.

નાની કાંકરીની કેટલી જવાબદારી!

અસંખ્ય માણસો તમારી રાહ જુએ છે. તેઓ તમને ઓળખતા નથી, પણ આગળ ઉપર તમારો એમની સાથે ભેટો થતો જશે ત્યારે તમારો ઉત્સાહ એમનામાં જરૂર ઉત્સાહ જન્માવશે. તમારી પ્રામાણિકતા તેમને પ્રામાણિક બનાવશે. ન કરે ભગવાન ને તમારી નિરાશા, ઉદાસીનતા ને ગ્લાનિ એમને કાયમ માટે હતાશ કરી મૂકશે. તમે એકલા નથી.

તમારા ભાવિ સાથે અસંખ્ય માણસોનું ભાવિ તેમના સદ્‌ભાગ્ય કે દુર્ભાગ્ય માટે સંકળાયેલું છે. આથી તમારી દૃષ્ટિમાં સમષ્ટિ જોઈ એકતામાં અનેકતા માની જીવન જીવાય તો જ સાર્થકતા.

*ચંદ્રકાંત દામજી શાહ (કે.ડી. શાહ)*

## જીવન પથ

ધર્મને આધીન
વિચારોને બાંધીને
ચાલ્યો છું લાંબુ જીવવા.
સમજ્યો છું ત્યારથી
ખાધી છે ઠોકરો
નીકળતા નતા લોહી એના
ઉછળતી લહેરો એની.
મોજા એના માણે તે સમજે
સમજ્યો છું ત્યારથી
ખાધી છે ઠોકરો
અંતર અવાજને આધીન
વિચારોને બાંધીને
બસ હવે ચાલ્યો છું હું
લાંબુ જીવવા...

*રાણાકાકા (ડ્રાઇવર)*
*શ્રી કચ્છી જૈન ભવન - પાલડી*

# દેશ-વિદેશ....



ચૌલા કુરૂવા

## દેશના સમાચાર

### જ્ઞાનવાપી

જ્ઞાનવાપીના વ્યાસ ભોંયરામાં પૂજા ચાલુ રહેશે. અલ્હાબાદ હાઈકોર્ટે મુસ્લિમ પક્ષની અરજી પર પૂજા પર પ્રતિબંધ મૂકવા માટે કોઈ આદેશ જાહેર કર્યો નથી. આ ઉપરાંત કોર્ટે એડવોકેટ જનરલને પણ કાયદો અને વ્યવસ્થા જાળવવા આદેશ કર્યો છે. હવે આ કેસમાં આગામી સુનાવણી ૬ ફેબ્રુઆરીએ થશે. આ પહેલા ગુરૂવારે સુપ્રીમ કોર્ટે વ્યાસ ભોંયરામાં પૂજા રોકવા સંબંધિત અરજી પર તાત્કાલિક સુનાવણી કરવાનો ઈન્કાર કરી દીધો હતો. સુપ્રીમ કોર્ટે મુસ્લિમ પક્ષને પહેલા હાઈકોર્ટનો સંપર્ક કરવા સૂચન કર્યું હતું. *(તા. ૫-૨-૨૦૨૪)*

### ૨૦૨૪ની લોકસભાની ચૂંટણી

વિશ્વના સૌથી મોટા લોકતંત્ર ભારતમાં ૯૭ કરોડ લોકો આગામી લોકસભા ચૂંટણીમાં મતદાન કરશે. જે ૨૦૧૯ કરતાં ૬ ટકા વધુ છે. *(તા. ૧૨-૨-૨૦૨૪)*

### કઠલાલના યુવકનો વિશ્વ રેકર્ડ

૨૨ જાન્યુઆરી ૨૦૨૪થી અયોધ્યા રામ મંદિરમાં પ્રભુ શ્રીરામ બિરાજમાન થયા છે. ત્યારે આ તારીખ સુવર્ણ અક્ષરે ઈતિહાસના પાના પર અંકિત થઈ છે. આ વચ્ચે કઠલાલના એક યુવાને 'જયશ્રી રામ' નામના ટેટુ ૩૧૦૦થી વધુ રામ ભક્તોને હાથમાં નિઃશુલ્ક બનાવી વિશ્વ રેકોર્ડ સર્જ્યો છે. યુવાને ઈન્ફલુએન્સર બુક ઓફ વર્લ્ડ રેકોર્ડમાં સ્થાન મેળવ્યું છે. *(તા. ૧૪-૨-૨૦૨૪)*

### વ્હીલચેર ન મળતા યાત્રીનું મોત

મુંબઈ એરપોર્ટ પર વ્હીલચેરના અભાવે ફ્લાઈટ ટર્મિનલથી એરપોર્ટ સુધી દોઢ કિ.મી. ચાલ્યા પછી એક ૮૦ વર્ષીય વ્યક્તિનું મૃત્યુ થયું હતું. મૃતક તેમની પત્ની સાથે એર ઈન્ડિયાની ફલાઈટમાં ન્યુયોર્કથી ભારત આવ્યા હતા. એર ઈન્ડિયાએ ૧૬ ફેબ્રુઆરીએ આ ઘટના અંગે માહિતી આપી હતી. *(તા. ૧૬-૨-૨૦૨૪)*

### દલિત વિરોધી માનસિકતા

**ગાંધીનગરના માણસા તાલુકામાં દલિત યુવકનો વરઘોડો કાઢવા મામલે ગામના એક સમાજના કેટલાક યુવકોએ હોબાળો મચાવ્યો. અપશબ્દો બોલીને વરરાજાને ઘોડા પરથી નીચે ઉતારી દીધા**

કલોલના યુવકના ગાંધીનગરના માણસા તાલુકામાં આવેલા ચડાસણા ગામની યુવતી સાથે લગ્ન નક્કી થયા હતા. જેને લઈને પરિજનો તથા સંબંધીઓ જાન લઈને ગામમાં પહોંચ્યા હતા. આ બાદ ડી.જે. સાથે વરરાજાને ઘોડી પર બેસાડ્યા હતા. જાન દૂધની ડેરી પાસે પહોંચતા જ બાઈક પર એક યુવક આવ્યો અને વરરાજાને ઘોડી પરથી નીચે ઉતારીને કહેવા લાગ્યો કે, તમને વરઘોડો કાઢવાના ગામના રીવાજની ખબર નથી? તમારે વરઘોડો કાઢવા અમારી પરમિશન લેવી પડે. ઘોડા ઉપર ઠાકોર જ બેસી શકે. તેમ કહીને જાતિ સૂચક શબ્દો કહીને અપશબ્દો કહ્યા હતા.

આ બાદ અન્ય ૩ જેટલા યુવકો પણ ત્યાં આવ્યા હતા અને ચારેય વ્યક્તિઓએ મળીને ગામમાંથી ઘોડી અને ડી.જે. વાળાને ધમકી આપીને ભગાડી દીધા હતા. અપશબ્દો બોલવાની ના પાડતા અજાણી વ્યક્તિએ વરરાજાના કાકાની દીકરીને લાફો મારી દીધો હતો. વરરાજાને પ્રાઈવેટ કારમાં બેસીને લગ્ન સ્થળે લઈ જવાનો પ્રયાસ કરતા તેમાં પણ રોક્યા હતા અને અપશબ્દો બોલવા લાગ્યા હતા. સંબંધીઓએ જ્યારે આ ઘટનાનો વીડિયો ઉતાર્યો ત્યારે તેમને પણ મારી નાખવાની ધમકી આપી હતી. ઘટનાને પગલે પોલીસ પણ દોડી આવી હતી. સમગ્ર મામલે માણસા પોલીસ સ્ટેશનમાં અજાણ્યા ૪ વ્યક્તિઓ વિરૂદ્ધ જાતિ વિષયક શબ્દો ઉચ્ચારી જાનથી મારી નાંખવાની ધમકી આપવા બદલ ફરિયાદ નોંધાવાઈ હતી. *(તા. ૧૫-૨-૨૦૨૪)*

## તાત્કાલિક અસરથી ઇલેક્ટોરલ બોન્ડ પર સુપ્રીમની રોક

**કહ્યું : આ સ્કીમ ગેરબંધારણીય. સૂચનાના અધિકારનું ઉલ્લંઘન. ૬ માર્ચ સુધીમાં હિસાબ આપે**

લોકસભા ચૂંટણીની જાહેરાત પહેલા સુપ્રીમ કોર્ટે ઈલેક્ટોરલ બોન્ડ મામલે મોટો ચુકાદો સંભળાવ્યો છે. સુપ્રીમ કોર્ટે ગુરૂવારે ચૂંટણી બોન્ડ દ્વારા ડોનેશન લેવા પર પ્રતિબંધ મૂક્યો છે. કોર્ટે કહ્યું કે બોન્ડની ગુપ્તતા જાળવી રાખવી એ ગેરબંધારણીય છે. આ સ્કીમ માહિતીના અધિકારનું ઉલ્લંઘન છે. ૬ માર્ચ સુધીમાં પાર્ટીઓ હિસાબ આપે.

૫ જજોની બેંચે સર્વસંમતિથી ચુકાદો સંભળાવ્યો હતો. ચીફ જસ્ટીસે કહ્યું, 'પોલીટીકલ પ્રક્રિયામાં રાજકીય દળો મહત્ત્વપૂર્ણ એકમ છે. રાજકીય ભંડોળની માહિતી, તે એવી પ્રક્રિયા છે જેના દ્વારા મતદારને પોતાનો મત આપવા માટે યોગ્ય પસંદગી મળે છે. મતદારોને ચૂંટણી ભંડોળ વિશે જાણવાનો અધિકાર છે. જેનાથી મતદાન માટે યોગ્ય પસંદગી કરવામાં આવે છે.

સુપ્રીમ કોર્ટે બેંકોને ઈલેક્ટોરલ બોન્ડ ઈસ્યુ બંધ કરવાનો નિર્દેશ આપ્યો છે. આ સાથે એમ પણ કહ્યું કે, સ્ટેટ બેંક ઓફ ઈન્ડિયા ૧૨ એપ્રિલ, ૨૦૧૯થી અત્યાર સુધી ખરીદવામાં આવેલા ચૂંટણી બોન્ડ વિશે ચૂંટણીપંચને માહિતી જણાવે. આ માહિતી વેબસાઈટ પર પણ જાહેર થશે.

ચુકાદો આપતી વખતે CJI એ કહ્યું કે રાજકીય પક્ષોના ફન્ડિંગની માહિતી જાહેર ન કરવી એ હેતુની વિરૂધ્ધનું છે. SBI એ ૧૨મી એપ્રિલ ૨૦૧૯થી અત્યાર સુધીની માહિતી જાહેર કરવી પડશે. SBI એ આ માહિતી ચૂંટણી પંચને આપવાની રહેશે. EC એ માહિતી શેર કરવાની રહેશે.

*(તા. ૧૬-૨-૨૦૨૪)*

## આચાર્ય વિદ્યાસાગરજી મહારાજનો દેહ ત્યાગ

૧૭ ફેબ્રુઆરીના રોજ બપોરે ૨.૩૫ કલાકે આચાર્યશ્રી વિદ્યાસાગર મહારાજે ડોંગરગઢના ચંદ્રગિરી તીર્થ ક્ષેત્રમાં મહાસમાધિમાં જતા પહેલા માત્ર 'ૐ' શબ્દ બોલ્યા હતા. તેમણે માથું થોડું નમાવ્યું અને મહાસમાધિમાં લીન થઈ ગયા. આ વાત એક બાળ બ્રહ્મચારી વિનય ભૈયાએ કહી હતી કે જેઓ ૨૦ વર્ષથી આચાર્યશ્રી સાથે તેમની અંતિમ ક્ષણ સુધી સાથે રહ્યા હતા.

તેમણે કહ્યું કે, આપણે ઘણા મુનિશ્રીઓ અને આચાર્યશ્રીઓની સમાધિ જોઈ છે. પરંતુ ૐ શબ્દ સાથે જાગ્રત સમાધિ પહેલીવાર જોઈ. છેલ્લી ક્ષણે તેમણે કહ્યું કે તેમના ગુરૂ રાહ જોઈ રહ્યા છે. તેમની પાસે જવાનો સમય આવી ગયો છે.

વિદ્યાસાગરજી મહારાજે છેલ્લા ૩ દિવસથી ઉપવાસ અને મૌન પાળ્યું હતું. અગાઉ ૬ ફેબ્રુઆરીએ મુનિ યોગસાગરજી સાથે ચર્ચા કરીને આચાર્ય પદેથી રાજીનામું આપ્યું હતું. તેમણે મુનિ સમય સાગરજી મહારાજને આચાર્ય પદ આપવાની જાહેરાત પણ કરી હતી.

*(તા. ૧૭-૨-૨૦૨૪)*

## ગુજરાતમાં એક જ સ્થળે અંગદાન કરનાર તથા મેળવનારને ટ્રાન્સપ્લાન્ટની સુવિધા

**કરજણ પાસે ૧૫૦ એકરમાં હોસ્પિટલ બનશે. યુ.એસ.માં રહેતા ડૉ. કિરણ પટેલ હેલ્થ કેમ્પસનું નિર્માણ**

કરજણ તાલુકાના ધનોરા ગામે ૧૫૦ એકર જમીનમાં રૂા. ૧૦૦૦ કરોડના ખર્ચે 'ક્વોલિટી હેલ્થ કેર એટ એફોર્ડેબલ પ્રાઇઝ' થીમ ઉપર હેલ્થ કેમ્પસનું નિર્માણ થવા જઇ રહ્યું છે. ૭ વર્ષના આ પ્રોજેક્ટમાં જે.સી.આઈ. કક્ષાની તબીબી સુવિધાઓ મળશે. મોટા ફોફળીયાના અમેરિકામાં સ્થાયી થયેલા ડૉ. કિરણ પટેલે વડોદરા અને આસપાસના વિસ્તારમાં અનેક વિકાસકામો કરાવ્યા છે. તેમણે ગુજરાતમાં નવા કન્સેપ્ટવાળું આંતરરાષ્ટ્રીય કક્ષાનું મેડિકલ કેમ્પસ બનાવવાનું બીડું ઝડપ્યું છે. તે પ્રમાણે ૪૦૦ બેડની સુપર સ્પેશિયાલિટી હોસ્પિટલ તેમજ ૧૦૦ બેડની ઓર્ગન ટ્રાન્સપ્લાન્ટ હોસ્પિટલ સાથે ૧૫૦ વિદ્યાર્થીઓને સમાવી શકાય તેવી મેડિકલ કોલેજ બનાવાશે.

*(તા. ૧૯-૨-૨૦૨૪)*

# વિદેશના સમાચાર

## 3 ચોપડી ભણેલા આહીર યુવકે પેરીસમાં ૧ ડોલરમાં રેસ્ટોરાં ખોલી. અંબાણીથી લઇ ક્રિકેટર્સ - સ્ટાર્સ જમે છે

ગઇકાલે જ ગાંધી નિર્વાણ દિન ગયો. ગાંધીજી માત્ર દેશમાં જ નહીં, પરંતુ દુનિયાભરમાં લોકપ્રિય છે. આજે આપણે મહાત્મા ગાંધીજી નહીં, પરંતુ 'પેરીસના ગાંધી' અંગે વાત કરવી છે. મૂળ સુરતના માંગરોળના નાની નરોલીના માત્ર ૩ ચોપડી ભણેલા અરવિંદભાઈ આહીર કેવી રીતે 'પેરીસના ગાંધી' બની ગયા? અરવિંદભાઈ આહીર જયારે પેરીસ ગયા ત્યારે તેમને માત્ર ગુજરાતી ભાષા આવડતી હતી. આજે તો તેમની ગાંધીજી રેસ્ટોરા

ઘણી જ લોકપ્રિય છે. એટલું જ નહીં, આ ગાંધીજી રેસ્ટોરામાં ગુજરાતીઓ અને ભારતીયો પેરીસ ફરવા આવે ત્યારે જમ્યા વગર ક્યારેય જતા નથી.

અરવિંદ આહીરે પોતાની વાતચીતમાં વડાપ્રધાન મોદીને ફ્રાન્સમાં પાઘડી અને તલવાર ભેટ આપવાનો આખો કાર્યક્રમ કેવી રીતે કર્યો ત્યારથી લઈને પેરીસમાં કરેલા સંઘર્ષ અંગે જણાવ્યું હતું. સામાન્ય પરિવારમાંથી આવતા અરવિંદભાઈએ પેરીસમાં પોતાનું નામ કેવી રીતે બનાવ્યું? એક ડોલરથી કેવી રીતે ગાંધીજી રેસ્ટોરા શરૂ કરી? પેરીસમાં ફૂટપાથ પર ફ્રુટ્સ વેચીને શરૂઆત કરનાર અરવિંદભાઈ આજે તો માત્ર ક્રિકેટર્સના જ નહીં, પરંતુ સલમાન ખાનના પરિવારની પણ ખાસ વ્યક્તિ છે. *(તા. ૩૧-૧-૨૦૨૪)*

## બ્રિટનમાં...

બ્રિટનમાં રહેતા હિંદુઓમાં ભારતીય મૂળના વડાપ્રધાન ઋષિ સુનક પ્રત્યે નારાજગી વધી રહી છે. સુનક સરકાર ભારતીય પૂજારીઓને વિઝા આપી રહી નથી. જેના કારણે બ્રિટનમાં લગભગ ૫૦૦માંથી ૫૦ મંદિરો બંધ કરી દેવામાં આવ્યા છે. અનેક મંદિરોમાં અનેક કામો અટકી પડ્યા છે. *(તા. ૨-૨-૨૦૨૪)*

## એલોન મસ્ક

ટેસ્લા અને એક્સના માલીક એલોન મસ્કએ તેમની કંપની ન્યુરાલિંકનો સત્તાવાર વેપાર કે જે મગજ પ્રત્યારોપણ પર કામ કરે છે, તેને ડેલવેરથી લગભગ ૪૧૦૦ કિ.મી. દૂર નેવાડામાં સ્થળાંતરીત કર્યો છે. મસ્કે આ નિર્ણય ટેસ્લામાં તેમના પગાર અને ટ્વિટરની ખરીદી સંબંધિત કાયદાકીય કાર્યવાહીથી નારાજ થઈને લીધો છે. *(તા. ૮-૨-૨૦૨૪)*

## કતારમાં છૂટ્યા ભારતીય નેવી અધિકારીઓ

કતારે ૮ પૂર્વ ભારતીય નેવી ઓફિસરોને મુક્ત કર્યા છે. જેમાંથી સાત ભારત પરત ફર્યા છે. તેઓ જાસૂસીના આરોપમાં કતારમાં જેલની સજા કાપી રહ્યા હતા. ભારતીય વિદેશ મંત્રાલયે ૧૨ ફેબ્રુઆરીએ મોડી રાત્રે આ વાતની પુષ્ટિ કરી છે. *(તા. ૧૨-૨-૨૦૨૪)*

## ઇન્ડોનેશિયામાં મતદાન

દુનિયાની ત્રીજી સૌથી મોટી લોકશાહી નવા નેતાની પસંદગી કરવા જઈ રહી છે. રાષ્ટ્રપતિ કોઈ પણ બને પરંતુ ધનિક વર્ગની જીત નક્કી છે.

ઈન્ડોનેશિયામાં લોકશાહી અપનાવ્યાના લગભગ ત્રણ દાયકા પછી પણ ધનિક ઉદ્યોગપતિઓ અને રાજકારણીઓ દેશના રાષ્ટ્રપતિને ચૂંટવામાં મહત્ત્વપૂર્ણ ભૂમિકા ભજવતા રહ્યા છે. *(તા. ૧૩-૨-૨૦૨૪)*

## નેધરલેન્ડના ભૂતપૂર્વ PM – પત્નીનું ઇચ્છા મૃત્યુ

નેધરલેન્ડના ભૂતપૂર્વ વડાપ્રધાન ડ્રાઈસ વેન એગટ અને પત્ની યુગેન (બંને ૯૩ વર્ષની વયના) સોમવારે કાનૂની ઈચ્છા મૃત્યુ દ્વારા મૃત્યુ પામ્યા હતા. બંને લાંબા સમયથી બીમાર રહેતા હતા.

ડૉક્ટરોની મદદથી બંનેએ અંતિમ શ્વાસ લીધા અને છેલ્લી ઘડી સુધી એકબીજાનો હાથ પકડીને સાથી રહ્યા. નેધરલેન્ડની એક કાનૂની અધિકાર સંસ્થા અનુસાર તેમને નજીકની કબરોમાં દફનાવવામાં આવ્યા હતા.

એગટ ૧૯૭૭થી ૧૯૮૨ સુધી નેધરલેન્ડના વડાપ્રધાન હતા. તેઓ ક્રિશ્ચિયન ડેમોક્રેટ પાર્ટીના સભ્ય હતા. નેધરલેન્ડમાં ૨૦૦૦માં ઈચ્છા મૃત્યુને કાયદેસર માન્યતા આપવામાં આવી હતી. આ હેઠળ, એવી વ્યક્તિ ઈચ્છા મૃત્યુ માટે પૂછી શકે છે જે એવા રોગથી પીડિત છે જે અસાધ્ય છે અથવા તેના સ્વાસ્થ્યમાં સુધારાની કોઈ અવકાશ નથી.

મીડિયા રીપોર્ટસ અનુસાર ૬૮ વર્ષ સુધી સાથે રહ્યા બાદ એગટ અને યુજેને પોતાના મૃત્યુનો સમય અને દિવસ જાતે જ નક્કી કર્યો. આ દરમિયાન તબીબોની પેનલ હાજર રહી હતી. આ દંપતીને ત્રણ બાળકો છે.

નેધરલેન્ડમાં ઈચ્છા મૃત્યુ માટે મંજૂરી મળ્યા પછી, ડૉક્ટરો સામાન્ય રીતે સંબંધિત વ્યક્તિના ઘરે છેલ્લી ઘડીની પ્રક્રિયા કરે છે. આ દરમિયાન દર્દીને એક ખાસ પ્રકારનું ઈન્જેક્શન આપવામાં આવે છે. અને થોડીવારમાં તેનો શ્વાસ બંધ થઈ જાય છે. વર્ષ ૨૦૨૨ દરમિયાન નેધરલેન્ડમાં કુલ ૮૫૦૧ લોકોએ આ કાયદાકીય પદ્ધતિ દ્વારા તેમના જીવનનું બલિદાન આપ્યું હતું. *(તા. ૧૩-૨-૨૦૨૪)*

## અમેરિકનો ૭૫ હજાર કરોડ રૂપિયાની છેતરપિંડીનો શિકાર બન્યા છે : ફેડરલ ટ્રેડ કમિશન ૨૦૨૩ રીપોર્ટ

ગયા વર્ષે છેતરપિંડીથી અમેરિકનોને ૭૫ હજાર કરોડ રૂપિયાનું નુકસાન થયું હતું. આ એક નવો રેકોર્ડ છે. આ ડેટા અમેરિકાની સ્વતંત્ર સરકારી એજન્સી ફેડરલ ટ્રેડ કમિશન

(FTC)ની સત્તાવાર વેબસાઈટના રીપોર્ટમાં સામે આવ્યો છે.

સૌથી વધુ છેતરપિંડીનો મામલો 'રોકાણ' સાથે સંબંધિત છે. જેમાં લોકોએ ૩૮,૦૦૦ કરોડ રૂપિયા ગુમાવ્યા છે. હકીકતમાં, ડિજિટલ ટુલ્સને કારણે, અમેરિકનોને લક્ષ્ય બનાવવું પહેલા કરતાં વધુ સરળ બની ગયું છે. ગયા વર્ષે ઓનલાઇન શોપિંગ પર છેતરપિંડી પૈસા ગુમાવવાનું બીજું સૌથી મોટું કારણ હતું. ત્યારબાદ ઇનામો, લોટરી ટ્રેડિંગ અને નોકરીની તકોના નામે છેતરપિંડીના કિસ્સાઓ બન્યા હતા. અન્ય કેસો ક્રિપ્ટો કરન્સી વ્યવહારો સાથે સંબંધિત હતા. આનાથી પીડિતોને અંદાજે ૩૨ હજાર કરોડ રૂપિયાનું નુકસાન વેઠવું પડ્યું હતું.

મોટાભાગની છેતરપિંડી ઇ-મેઇલની મદદથી કરવામાં આવે છે. આ પછી ફોન કોલ્સ, ટેક્સ્ટ મેસેજ અને સોશિયલ મીડિયા દ્વારા છેતરપિંડી કરવામાં આવી હતી.

*(તા. ૧૩-૨-૨૦૨૪)*

## PM મોદીએ UAEમાં પ્રથમ હિંદુ મંદિરનું લોકાર્પણ કર્યું

વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ બુધવારે UAE ના અબુધાબીમાં પ્રથમ હિંદુ મંદિરનું લોકાર્પણ કર્યું. તેમણે અહીં પૂજા કરી. આ પછી મંદિરના પ્રાંગણમાં બનેલા હોલમાં હાજર લોકોને સંબોધતા મોદીએ કહ્યું, આ મંદિર વિશ્વ માટે એક ઉદાહરણ છે. આમાં સૌથી મોટો ફાળો મારા ભાઈ શેખ ઝાયેદનો છે. ૧૪૦ કરોડ ભારતીયો મારા આરાધ્ય દેવ છે.

અબુધાબીનું આ મંદિર ૨૭ એકરમાં ફેલાયેલું છે અને બોચાસણ નિવાસી શ્રી અક્ષર પુરુષોત્તમ સ્વામિનારાયણ સંસ્થા એટલે કે BAPS દ્વારા બનાવવામાં આવ્યું છે. બાંધકામ પાછળ ૭૦૦ કરોડ રૂપિયાનો ખર્ચ કરવામાં આવ્યો છે. મોદી ૧૩ ફેબ્રુઆરીએ અબુધાબી પહોંચ્યા હતા. અહીં તેઓ રાષ્ટ્રપતિ ઝાયેદ અલ નાહયાનને મળ્યા હતા. આ દરમિયાન બંને નેતાઓ વચ્ચે મુલાકાત થઈ હતી.

મોદીએ ૧૩ ફેબ્રુઆરીએ ભારતીય સમુદાયને સંબોધિત કરતા કહ્યું હતું કે : *'મિત્રો, આજે અબુધાબીમાં મળેલી ખુશીની લહેરથી અયોધ્યાનો આનંદ વધુ વધી ગયો છે. પહેલા અયોધ્યામાં અને હવે અબુધાબીમાં ભવ્ય રામ મંદિરના સાક્ષી બન્યા એ મારું સૌભાગ્ય છે. જ્ઞાની માણસો એક જ ઈશ્વર વિશે એક જ સત્ય જુદી જુદી રીતે કહે છે. તે ભારતની મૂળભુત ચેતનાનો એક ભાગ છે. વિવિધતામાં આપણને ધિક્કાર નથી લાગતો બલકે વિવિધતા જ આપણી વિશેષતા લાગે છે.*

*આ મંદિરમાં તમને દરેક પગલે વિવિધતામાં આસ્થાની ઝલક જોવા મળશે. તેમાં ઈજિપ્તિયન ધર્મ અને બાઈબલની વાર્તાઓ પણ દીવાલો પર કોતરેલી છે. જેમાં બોહરા સમાજના ભાઈઓ દ્વારા વોલ ઑફ હાર્મની બનાવવામાં આવી હતી. અહીં લંગરની જવાબદારી ઉપાડવા શીખ ભાઈઓ આગળ આવ્યા છે. મંદિરના નિર્માણમાં દરેક ધર્મના લોકોએ સહયોગ આપ્યો છે. મંદિરના સાત મિનારા યુ.એ.ઈ.ના સાત અમીરાતનું પ્રતીક છે.*

*અત્યાર સુધી UAE જે બુર્જ ખલીફા, શેખ ઝાયેદ મસ્જિદ અને અન્ય હાઈ-ટેક ઈમારતો માટે જાણીતું હતું, તેમાં હવે બીજી એક સાંસ્કૃતિક જગ્યા ઉમેરાઈ છે. મને વિશ્વાસ છે કે આવનારા સમયમાં મોટી સંખ્યામાં ભક્તો આવશે. આનાથી લોકોના સંપર્કમાં પણ વધારો થશે. કરોડો ભારતીયો વતી હું રાષ્ટ્રપતિ અને યુ.એ.ઈ. સરકારનો ખૂબ ખૂબ આભાર માનું છું. હું પ્રાર્થના કરું છું સમગ્ર વિશ્વ માટે સાંપ્રદાયિક સૌહાર્દ અને વૈશ્વિક એકતાનું પ્રતીક બનશે.'* *(તા. ૧૪-૨-૨૦૨૪)*

## પ્રણયઘેલીનું ગીત

આથમણી કોર્ય ઊભો રાખ્યો તો સાયબાને
ઉગમણી કોર્ય હું તો નિસરી
સૈયરે વાતુમાં એવી લપેટી કે
સાયબાને આપેલ વેણ વિસરી!
આથમણી કોર્ય ઊભો રાખ્યો તો સાયબાને,
ઉગમણી કોર્ય હું તો નિસરી.

વ્હેલા ઉઠીને મેં ઘંટુલો તાણ્યો કે
સાસુએ ઝબ્બ દેતા ઝાલી
આંખો ચોળીને મેં થાળામાં નિરખ્યું તો
થાળુ દીઠું મેં મુવુ ખાલી!
દાતણ મોઢામાં નાખી સાસુમાં આચર્યા કે
વાલામુઈ! દાણા ઓરવાનું શીદ વિસરી?
આથમણી કોર્ય ઊભો રાખ્યો તો સાયબાને,
ઉગમણી કોર્ય હું તો નિસરી.

ભાતુ બંધાવીને સાસુમા બોલ્યા કે
પૈણ્યાને દઈને વે'લા આવજો
બાજુના ખેતરેથી ઘરના આ ઢાંઢા માટે
લીલુડા ચારાને લાવજો
ખેતરના શેઢે તું પાવો વગાડે ને
તારા પાવાના સૂરે ભાન વિસરી
આથમણી કોર્ય ઊભો રાખ્યો તો સાયબાને,
ઉગમણી કોર્ય હું તો નિસરી.

**યુસુફ મીર - અમદાવાદ ● મો. ૬૩૫૧૮ ૧૨૭૮૮**

# જ્ઞાન – વિજ્ઞાન

● સંકલન : રસીક ખીમજી મહેતા ●

## ઉત્ક્રાંતિવાદનો પ્રણેતા : ચાર્લ્સ રોબર્ટ ડાર્વિન

પૃથ્વી પર જીવસૃષ્ટિનો વિકાસ ચોક્કસ વંશવેલા અને લક્ષણોમાં અનુકૂળ વિકાસ સાધીને થયો છે. ઈ.સ. ૧૮૫૯માં 'ઓન ધ ઓરીજીન ઓફ સ્પિસીસ' નામના પુસ્તકમાં તેણે આ થીયરી લખી હતી. તેને ઈવોલ્યુશન કે ઉત્ક્રાંતિવાદ કહે છે. ડાર્વિનના પૃથ્વી પરના સજીવોના વિકાસ અંગેના આ સંશોધનો માનવજાતના ઈતિહાસના અભ્યાસમાં ઉપયોગી થાય છે. શરૂઆતમાં ડાર્વિનની વાત કોઈએ સ્વિકારી નહોતી પરંતુ ઈ.સ. ૧૮૭૦માં તે વિશ્વભરમાં સ્વિકાર્ય બની.

ચાર્લ્સ ડાર્વિનનો જન્મ બ્રિટનના શ્રોપશાયર ધ માઉન્ટ ગામે ઈ.સ. ૧૮૦૯માં ૧૨ ફેબ્રુઆરીના રોજ થયો હતો. તેના પિતા એક શ્રીમંત ડૉક્ટર હતા. સ્થાનિક શાળામાં પ્રાથમિક અભ્યાસ કરી ડાર્વિન એડિનબર્ગ મેડિકલ સ્કુલમાં મેડિકલનો અભ્યાસ કરવા જોડાયો. ડાર્વિનને સર્જરી અને મેડિકલના અભ્યાસમાં કંટાળો આવતો. મેડિકલના અભ્યાસમાં રસ ન લેવા બદલ તેના પિતા તેનાથી નારાજ હતા. તેમણે ડાર્વિનને મેડિકલમાંથી ઉઠાવી લઈ કેમ્બ્રિજની ક્રિસ્ટ કોલેજમાં આર્ટસનું ભણવા મોકલ્યો. ઈ.સ. ૧૮૨૮માં તે તેમાં પણ સફળ થઈ શક્યો નહીં. તેને ઘોડેસવારી અને શૂટિંગમાં રસ હતો. ઈ.સ. ૧૮૩૧ સુધી તેણે નેચરલ થિયોલોજીનો અભ્યાસ ચાલુ રાખ્યો.

ડાર્વિન ઈ.સ. ૧૮૩૧માં એચ.એમ.એસ. બિગલ જહાજમાં બે વર્ષની વિશ્વ સફરે નીકળ્યો. જો કે ઈ.સ. ૧૮૩૧માં શરૂ થયેલો તેનો પ્રવાસ પાંચ વર્ષે પૂરો થયો. આ દરમિયાન ડાર્વિને દરિયાઈ જીવોના સંખ્યાબંધ નમૂના એકઠા કરી તેના વિકાસનો અભ્યાસ કર્યો.

ડાર્વિનની ઉત્ક્રાંતિના મહત્ત્વના સંશોધનો ગાલાપાગોસના ટાપુઓ પર થયેલા છે. ગાલાપાગોસના જંગી કદના કાચબાનો અભ્યાસ કરી તેણે ત્રણ ગ્રંથો લખ્યા. ઈ.સ. ૧૮૩૬માં વિશ્વનો પ્રવાસ કરીને પરત આવેલા ડાર્વિનને જગતભરમાં પ્રસિદ્ધિ મળી ગઈ હતી. તેની થીયરી 'ડાર્વિનીઝમ' તરીકે પણ વિખ્યાત થઈ. તેને બ્રિટનના અનેક ઍવોર્ડ એનાયત થયેલા.

ડાર્વિને કરેલા યોગદાન બદલ તેને અનોખા સન્માન મળેલા. લગભગ નવી શોધાયેલી ૧૨૭ જાતિ અને ૯ પ્રજાતિના સજીવોને ડાર્વિનના નામ અપાયા. એન્ડિસ પર્વતના એક શિખરને માઉન્ટ ડાર્વિન નામ અપાયું છે. ગાલાપાગોલ ટાપુઓને 'ડાર્વિન્સ ફિન્ચીઝ'નું હુલામણું નામ મળ્યું છે. ડાર્વિનના નામે વિજ્ઞાન જગતમાં ઘણા મેડલ પણ જાહેર થાય છે. ઈ.સ. ૧૮૮૨ના ૧૯ એપ્રિલના રોજ ડાર્વિનનું અવસાન થયું હતું.

## મોબાઈલ ફોનની બેટરી કેવી રીતે પાવર આપે છે?

ઈલેક્ટ્રોનિક સાધનો, વાહનો વગેરેમાં ઈલેક્ટ્રીક પાવર માટે બેટરી હોય છે. સાધનના કદ અને વીજળીની જરૂરિયાત મુજબ બેટરીના ઘણા પ્રકાર છે. પાવરસેલ અને બેટરી ઈલેક્ટ્રીક પાવર પેદા કરવાના નાના સાધનો છે. મોબાઈલ ફોનમાં નાનકડી ડબી જેવી લિથિયમ બેટરી હોય છે. લિથિયમ તરત જ પ્રતિક્રિયા કરતી મેટલ છે. મોબાઈલની બેટરીમાં લિથિયમ અને કાર્બનના પાતળા પડ હોય છે. લિથિયમ પોઝીટીવ અને કાર્બન નેગેટીવ સ્તરનું કામ કરે છે. બંને જોડાય એટલે લિથિયમ તરફથી આયનો કાર્બન વહેવા લાગે અને વીજ પ્રવાહ પેદા થાય. લિથિયમ બેટરીમાં કાર્બન પોતે મેળવેલા પોઝીટીવ આયન પરત આપતું રહે છે અને બેટરી સતત પાવર આપે છે. લિથિયમના આયનો ન્યુટ્રલ થાય એટલે બેટરી ડાઉન થાય. તેને બહારથી હળવો વીજપ્રવાહ આપી ફરીથી રીચાર્જ કરી શકાય. મોબાઈલની બેટરી સામાન્ય રીતે ૨૪ કલાક ચાલે. જો કે મોબાઈલના વપરાશ અને ટોકટાઈમ પણ તેમાં ભાગ ભજવે. મોબાઈલની બેટરી સામાન્ય રીતે ૧,૦૦૦ વખત રીચાર્જ કરી શકાય છે.

## હાથી વિશે જાણવા જેવું

★ હાથીની મુખ્યત્વે બે જાત એશિયન અને આફ્રિકન છે. આફ્રિકન હાથીના કાન એશિયન હાથીના કાન કરતાં ત્રણ ગણા મોટા હોય છે.

★ હાથીના કાન શરીરનું તાપમાન જાળવવાનું કામ કરે છે. પરંતુ આફ્રિકન હાથી બીજા હાથીને સંદેશો આપવા પણ કાન હલાવે છે.

★ હાથી એક દિવસમાં ૩૦૦ લીટર જેટલું પાણી પીએ છે.

★ હાથી પાણીની ગંધ ૩ કિ.મી. દૂરથી પારખી શકે છે.

★ હાથી એકમાત્ર એવું પ્રાણી છે કે જે કૂદકા મારી શકતું નથી.

★ હાથીના આટલા મોટા કાન હોવા છતાં અવાજ સાંભળવામાં નબળા હોય છે.

★ હાથી પગના તળિયા વડે જમીનની ધ્રુજારી પરથી દૂર

થતા અવાજ સાંભળી શકે છે.

★ હાથી બહુ ઊંઘ લેતા નથી. રાત્રે ઊભા ઊભા જ ઊંઘ ખેંચી લે છે.

★ હાથીની સુંઢમાં હાડકાં હોતાં નથી પરંતુ દોઢ લાખ જેટલા સ્નાયુઓ હોય છે. તેની ચામડી એક ઇંચ જાડી હોય છે.

★ હાથીની સુંઢના છેડે આંગળી જેવો બહાર નીકળેલો અવયવ હોય છે. તેના દ્વારા તે ખંજવાળી શકે છે અને આંખો સાફ કરે છે.

★ હાથીની સુંઢના સ્નાયુઓ સંવેદનશીલ હોય છે. હાથી સુંઢ વડે જમીન પર પડેલી સોય પણ ઉપાડી શકે છે.

★ હાથી પાણીમાં લાંબા અંતર સુધી તરી શકે છે.

## વિશ્વનું સૌથી મોટું વૃક્ષ : કોલકાતા બોટેનિકલ ગાર્ડનનો વડલો

વડ એ વિશાળ અને ઘેઘૂર વૃક્ષ છે. તેનો ઘેરાવો વધે ત્યારે નવી ડાળીઓને ટેકો મળી રહે તે માટે તેમાંથી વડવાઈ નીકળી જમીનમાં ઉતરે છે અને જાણે બીજું થડ પેદા થાય છે. વિકાસ પામીને વડલો ઘણા કિલોમીટરમાં ફેલાય છે.

કોલકાતામાં બોટેનિકલ ગાર્ડનમાં આવો જ વડલો જોવા મળે છે. વિશ્વના સૌથી વિશાળ વૃક્ષ તરીકે જાણીતો આ વડલો ૩૩૦ મીટરના ઘેરાવામાં ફેલાયેલો છે. આ વડલો બોટેનિકલ ગાર્ડનનું એક આકર્ષણ છે. તેને ૨૮૦૦ જેટલી વડવાઈઓ છે.

કોલકાતાનું આ ગાર્ડન જગદીશચંદ્ર બોઝ બોટેનિકલ ગાર્ડન તરીકે ઓળખાય છે. કોલકાતા નજીક શીબપુર ખાતે ૧૦૯ હેક્ટરમાં ફેલાયેલા આ ગાર્ડનમાં ૧૨,૦૦૦ જેટલી જાતનાં વૃક્ષો છે. આ ગાર્ડન ૩૦૦ વર્ષ જૂનો છે.

બોટેનિકલ ગાર્ડનમાં વડલા અંગે નવાઈની વાત એ છે કે ૧૯૨૫માં તેના મૂળ થડમાં સડો લાગતાં કાપી નાખવામાં આવ્યું હતું. તેનો ઘેરાવો ૧૬ મીટર હતો.

## આવો, અશોક સ્તંભ વિશે કશુંક જાણીએ

આપણું રાષ્ટ્રીય ચિહ્ન અશોક સ્તંભ છે. અશોક સ્તંભ એ ચારે દિશા તરફ મોં રાખીને બેસેલા ચાર સિંહનું શિલ્પ છે.

ભારતમાં બે હજાર વર્ષ પહેલાં થઇ ગયેલા સમ્રાટ અશોકે તેની રાજધાની સારનાથ અને ઘણા નગરોમાં અશોક સ્તંભ બનાવેલા. અશોક સ્તંભ ભગવાન બુદ્ધના ઉપદેશનું પ્રતીક છે. સૌથી પ્રસિદ્ધ અશોક સ્તંભ અશોકની રાજધાની સારનાથમાં છે. કહેવાય છે કે ભગવાન બુદ્ધે સારનાથમાં સૌપ્રથમ ઉપદેશ આપેલો. જેમાં સમાજમાં ધર્મના નામે સમાજનું વિભાવન નહીં કરવાનો મુખ્ય ઉપદેશ છે.

સારનાથનો અશોક સ્તંભ પથ્થરમાંથી કોતરેલો છે. જેમાં ચારે દિશામાં મોં કરીને બેઠેલા ચાર સિંહ છે. દરેક સિંહની નીચે ૨૪ આરાવાળું અશોક ચક્ર છે. ચારે ચક્રની વચ્ચે હાથી, વૃષભ, અશ્વ અને સિંહ – એમ ચાર પ્રાણીઓના શિલ્પ છે. ભગવાન બુદ્ધના જન્મ સમયે તેમની માતાને સ્વપ્નમાં સફેદ હાથી દેખાયેલો. તેના પ્રતીક રૂપે હાથી છે. ભગવાન બુદ્ધનો જન્મ વૃષભ રાશિમાં થયેલો હોવાથી તેના પ્રતીકરૂપે વૃષભ (આખલો) છે. બુદ્ધ જ્યારે ગૃહત્યાગ કરીને નીકળ્યા ત્યારે કંથક નામના ઘોડા ઉપર સવારી કરીને નીકળેલા. તે ઘોડાના પ્રતીકરૂપે અશ્વ છે. સિંહ એ શક્તિ અને જ્ઞાનનું પ્રતીક છે.

સમ્રાટ અશોકે ભારતના અનેક શહેરો ઉપરાંત ઇન્ડોનેશિયા અને શ્રીલંકા જેવા એશિયાના અન્ય દેશોના શહેરોમાં પણ અશોક સ્તંભ બંધાવેલા છે.

## વિશ્વની સૌથી મોટી વોટર સ્લાઇડ : વેરૂકટ

આનંદ મેળા તથા ફન પાર્કમાં વિવિધ જાતની રોમાંચક રાઇડ્સ માણવા જેવી હોય છે. વિશ્વના ઘણા મોટા શહેરોમાં અજાયબી લાગે તેવી રાઇડ્સ જોવા મળે છે. વોટર પાર્કની મજા જુદી છે. પાણી સાથેની આ રોમાંચક રાઇડ્સ પણ જાતજાતની હોય છે. તેમાં અમેરિકાના કેન્સાસ શહેરમાં આવેલી વિશ્વની સૌથી મોટી વોટર કોસ્ટર રાઈડ તો ગજબ છે. તેનું નામ વેરૂકટ છે. વેરૂકટ એટલે 'પાગલપન.'

વેરૂકટ ૫૧ મીટર ઊંચાઈએથી ૬૦ અંશના ખૂણે જમીન પર પાણીનો ધોધ વહાવે છે. ૧૦૫ કિ.મી.ની ઝડપે ચાલતી આ રાઈડ ભારે રોમાંચક છે. ૨૦૧૪માં બંધાયેલા આ કોસ્ટરનો સહેલાણી ૧૨૦ ફૂટની ઊંચાઈએથી નીચે આવે છે. આ ઊંચાઈ નાયગ્રા ધોધ કરતાંય વધુ છે.

આ રાઈડ્સને ૧૭ માળ છે. આખું માળખું ૧૧ માળના મકાન કરતાય ઊંચું છે. ૪૫ કિલોના રાફ્ટ કન્વેયર બેલ્ટ વડે સહેલાણીને ટોચે પહોંચાડે છે અને ૧૦૫ કિલોમીટરની ઝડપે ૬૦ અંશના ખૂણે જમીન તરફ ધસે છે. કેન્સાસ જતાં સહેલાણીઓ આ રાઇડનો રોમાંચ અચૂક માણે છે.

## ગ્રેહામ બેલના ફોનથી મોબાઈલ સુધીની તવારીખ

★ **ઇ.સ. ૧૮૭૬** : એલેકઝાન્ડર ગ્રેહામ બેલે ટેલિફોનની શોધ કરી.

★ **ઇ.સ. ૧૯૦૦** : ટેલિફોન લાઇનમાં લોડિંગ કોઇલ્સનો

ઉપયોગ થયો અને લાંબા અંતર સુધી વાત શક્ય બની.

★ **ઇ.સ. ૧૯૦૪ :** વોક્યુમ ડિયોડની શોધ થયા પછી લાંબા અંતરની વાત શક્ય બની અને દેશ વિદેશનો ટેલિફોન વ્યવહાર શક્ય બન્યો.

★ **ઇ.સ. ૧૯૧૫ :** ગ્રેહામ બેલે ન્યુયોર્કથી સાન ફ્રાન્સિસ્કો સુધીની ટેલિફોન લાઇન સ્થાપી. વિશ્વની સૌથી લાંબી આ લાઇનમાં ૧,૩૦,૦૦૦ થાંભલા હતા અને ૨૫૦૦ ટન તાંબાનો વાયર વપરાયેલો.

★ **ઇ.સ. ૧૯૧૯ :** ગોળાકાર ડાયલવાળા ફોન બન્યા. તેમાં ઑપરેટરની જરૂર પડતી નહીં. ગ્રાહકો ડાયલ ફેરવી નંબર જોડતા થયા.

★ **ઇ.સ. ૧૯૨૦ :** વિવિધ ફ્રિક્વન્સીવાળા બેન્ડ શોધાયા અને એક જ લાઇન પર અનેક ફોન પર વાત શક્ય બની.

★ **ઇ.સ. ૧૯૪૭ :** વિશ્વમાં ટેલિફોનના ગ્રાહકો વધ્યા. અમેરિકામાં સાત આંકડાના નંબરવાળા ફોન શરૂ થયા.

★ **ઇ.સ. ૧૯૫૧ :** ઑપરેટરની મદદ વિના લોંગ ડિસ્ટન્સ કોલ શરૂ થયા.

★ **ઇ.સ. ૧૯૫૬ :** એટલાન્ટીક મહાસાગરમાં કેબલ લાઇન નાંખવામાં આવી. અમેરિકા અને યુરોપ વચ્ચે ટેલિફોન સેવા શરૂ થઈ.

★ **ઇ.સ. ૧૯૬૩ :** ગોળાકાર ડાયલને સ્થાને પુશ બટન બન્યા.

★ **ઇ.સ. ૧૯૭૩ :** શિકાગોમાં સેલ્યુલર સિસ્ટમ શરૂ થઇ અને ૨૦૦૦ ગ્રાહકોએ લાભ લીધો.

★ **ઇ.સ. ૧૯૯૦ :** અને ત્યારબાદ મોબાઈલ કંપનીઓએ ફોન ક્ષેત્રે વિશાળ પ્રગતિ કરી.

## પગરખું બોલે છે

હું જાણીતો જગમાં
 જૂતા, ચપ્પલ, સેન્ડલને નામ
મને ધારતા સૌ લોક
રાજા હો યા રંક
 ભેદ ન મુજમાં કોઈ.

માનુનીના મસ્તક પર શોભું,
 હું પીન આકારે
મારું સ્થાન
 પગથી તે માથા સુધી.
મોજડીરૂપે,
 રાજા, વરરાજા પહેરે
કોઈ ભરત ભરાવે
 કોઈ જડાવે હીરા-મોતી.
મારે નીતનવા રંગ ને
 ભાતભાતના આકાર
ગરમી હો યા ઠંડી
 સૌને જૂતાનો આધાર.
હું ડૉક્ટરનો પણ રોલ ભજવતો
 ને, પગના પોઇન્ટ દબાવી
 લોકને સાજો કરતો.

સર્વ દેશનો છું વિઝાધારી
દેશ-વિદેશમાં,
 તીર્થાટન કરતો ને
સર્વ ધર્મ સ્થાનકે
નતમસ્તક થઈ સલામ ભરતો.
 હું ફકીર થઈને ફરતો.

નાના માસુમ ભૂલકાના પગમાં
ચીં ચીં ના હું ગીતો ગાતો
માનવમાત્રનો હું બોજ ઉપાડી
 સદા સમતામાં રહેતો.
ના પાણી, ના પેટ્રોલ માંગું,
નિષ્કામ સેવા ધર્મ છે મારો.

ફરિયાદ નથી કોઈ મારી,
ન રામકહાણી હું કહેતો.

સંગ મારો અંતરને ઠારે, ને
માનુનીનો ગર્વ વધારે.
નાના-મોટા સૌને સંભાળી,
 હૈયે હું શાતા કરતો.

ઉગામી સેન્ડલ સુંદર નારી
 રોડ રોમિયોને ભગાડે.
મારા એક જ ઈશારે
 નતમસ્તક થઈ ચાલે
 આલી મવાલી.

ગુસ્સે થયેલ લોક કદિક
મને 'ખાસડા' કહી બોલાવે
ના ગમતા નેતાને લોક,
મારો હાર પહેરાવી
 તેનો માનભંગ કરાવે.

સંકટમાં હું સાંકળ જેવો
હાથવગા હથિયાર જેવો
શાંતિદૂત હું
ભોળો છું, પારેવા જેવો.

નથી કદી હું નામનો ભૂખ્યો
અપમાનથી ના થાતો દુઃખીયો
સદા મગ્ન હું ખુદની મસ્તીમાં
ફકીર થઈને ફરતો વસ્તીમાં

પહેરે કો' મુજને પગમાં
 શાન વધે તેની જગમાં.
ઉઘાડ પગાપર હસતો સંસાર ને
મઢેલા પગનો ઠસ્સો અપરંપાર.

પગમાં રહું તોય તાજું
દેવને માથે ફૂલ કરમાતું
સેવાના રંગે રંગાઈ
 હું ગીત સદાય પ્રીતના ગાતું.

નિરખીને સેવા મારી,
 વિધાતા હરખાણી.
કહ્યું એક દી' મુજને
 વત્સ, ખુશ છું તુજ પર
 માંગ, માંગ, માંગે તે આપું
મારા ઈન્કાર છતાં
આગ્રહ એનો ભારે.

ચૌદ વરસ પૂરા
અયોધ્યાનું રાજ ચલાવ્યું,
એથી વધીને હોય શું?
ભલા હુ શું માગું?

સુણીને વાત મારી
 વિધાતા દુભાણી
જોઈને નારાજગી એની
કહ્યું મેં, સ્નેહભીના હૈયે
આપવું જ છે માડી, તો આપ
જનમ જનમ પગરખું થઈને
 સેવા કરું હું જગની.

*– દેવચંદ ગાલા 'સાગરસાથી'*

## ઉડતી નજરે.... માસ જાન્યુઆરી-૨૦૨૪ દરમિયાન શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદની વિવિધ સેવાઓનો લાભ લેનાર વ્યક્તિઓ

| ક્રમ | સેવાઓ | લાભ લેનાર વ્યક્તિઓ |
|---|---|---|
| ૧. | **શ્રી નવનીત મેડિકલ સેન્ટર તથા શ્રીમતી પ્રભાવતીબહેન કાંતિલાલ વેલજી સાવલા મેડિકલ ચેક-અપ સેન્ટર, પાલડી, અમદાવાદ.**<br>કુલ લાભ લેનાર વ્યક્તિઓ ........<br>*જેમાંથી –* ● શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદની વ્યક્તિઓ ........ ૫૫૯<br>● સાધુ-સાધ્વીજી મહારાજ સાહેબો ........ ૬૭<br>● બોડી ચેક-અપ ........ ૩૫૬<br>● સોનોગ્રાફી ........ ૧,૦૯૦<br>● ટી.એમ.ટી. ........ ૪૧<br>● ઑપરેશન ........ ૧૫<br>● અન્ય ........ ૭,૫૦૩ | ૯,૬૩૧ |
| ૨. | **માતુશ્રી કંકુબહેન કાનજીભાઈ રવજી (નાની ખાખરવાલા) અતિથિ ભવન, પાલડી, અમદાવાદ**<br>કુલ લાભ લેનાર વ્યક્તિઓ ........<br>*જેમાંથી –* ● પુરુષો ........ ૪૬૯<br>● સ્ત્રીઓ ........ ૨૬૩<br>● બાળકો ........ ૨૭<br>● કેન્ટીન ........ ૪,૩૦૫ | ૫,૦૬૪ |
| ૩. | **માતુશ્રી કંકુબહેન કાનજીભાઈ રવજી (નાની ખાખરવાલા) સેવા ભવન, ગીતા મંદિર, અમદાવાદ**<br>કુલ લાભ લેનાર વ્યક્તિઓ ........<br>*જેમાંથી –* ● પુરુષો ........ ૧૧૯<br>● સ્ત્રીઓ ........ ૨૯<br>● બાળકો ........ ૫ | ૧૫૩ |
| ૪. | **ડૉ. ચંદ્રકાંત દેઢિયા ડાયાલિસિસ સેન્ટર, ગીતા મંદિર, અમદાવાદ**<br>કુલ લાભ લેનાર વ્યક્તિઓ ........ | ૧૨૪ |
| ૫. | **જી.એમ.ડી.સી. પ્રાયોજિત શ્રી કચ્છી વિશ્રામ ગૃહ - શાહીબાગ, અમદાવાદ**<br>કુલ લાભ લેનાર વ્યક્તિઓ ........<br>*જેમાંથી –* ● શ્રી કચ્છી વિશ્રામ ગૃહ - પેસેન્જર ........ ૧,૯૨૩<br>● મ્યુઝીયમ ........ ૨,૧૦૩<br>● કેન્ટીન ........ ૪,૨૫૫<br>● જલારામ અન્નક્ષેત્ર ........ ૪૮૫<br>● ડિસ્પેન્સરી ........ ૮૮ | ૮,૮૫૪ |
| ૫. | **શ્રી ધીરજલાલ ટોકરશી કાપડિયા ડાયાલિસિસ સેન્ટર, શાહીબાગ, અમદાવાદ**<br>કુલ લાભ લેનાર વ્યક્તિઓ ........ | ૫૪૭ |
| ૭. | **નવનીત મેડિકલ સેન્ટર અને કંચનબેન નવીનચંદ્ર નાનજી શાહ ઓ.પી.ડી. સેન્ટર, દીપ ફાઉન્ડેશન મેડિકલ ચેક-અપ સેન્ટર, બોપલ, અમદાવાદ**<br>કુલ લાભ લેનાર વ્યક્તિઓ ........<br>*જેમાંથી –* ● તબીબી ચેક- અપ ........ ૨૦૬<br>● સોનોગ્રાફી ........ ૨૫૦<br>● અન્ય ........ ૬,૦૩૮ | ૬,૪૯૪ |
| ૮. | **નવનીત ડાયાલિસિસ સેન્ટર, બોપલ, અમદાવાદ**<br>કુલ લાભ લેનાર વ્યક્તિઓ ........ | ૨૧૭ |
| ૯. | **પરમકૃપા મેડિકલ સેન્ટર, ચાંગોદર, અમદાવાદ**<br>કુલ લાભ લેનાર વ્યક્તિઓ ........<br>*જેમાંથી –* ● એક્સ-રે ........ ૧૪૫<br>● સોનોગ્રાફી ........ ૨૭<br>● બોડી ચેક-અપ ........ ૨૧૩<br>● કેમ્પ ........ —<br>● અન્ય ........ ૪૦૧ | ૭૮૬ |
| | *માસ જાન્યુઆરી – ૨૦૨૪ દરમિયાન વિવિધ પ્રકારની સેવાઓનો લાભ લેનાર કુલ વ્યક્તિ..............* | **૩૧,૮૭૦** |

# અતીતના ઓવારેથી.... : મણકો-૧૧

*'મંગલ મંદિર'ના ફેબ્રુઆરી-૨૦૨૪ના અંકમાં, અતીતના ઓવારેથી કોલમના મણકા નં.-૧૦ માં આપણે શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદની વર્ષ ૧૯૯૯થી વર્ષ ૨૦૦૪-૨૦૦૫ સુધીની પ્રવૃત્તિઓનું અવલોકન કરી રહ્યા હતા.*

*આ અવલોકનમાં આપણે કચ્છના ૨૬ જાન્યુઆરી ૨૦૦૧ના ધરતીકંપ સમયની સમાજની કામગીરીનું અવલોકન કરેલ હતું.*

*મંગલ મંદિરના માર્ચ-૨૦૨૪ના અંકમાં આપણે આ સમય દરમિયાન કરવામાં આવેલ (૧) શ્રી કચ્છી વિશ્રામ ગૃહની સ્થાપના, (૨) સમાજ તરફથી યોજવામાં આવેલ વિવિધ સેમિનારો અને વાર્તાલાપના કાર્યક્રમો અને (૩) એ સમયના સમાજના આધાર સ્તંભોની વિગતોથી માહિતગાર થશું.*

*– તંત્રી મંડળ*

## (૬) શ્રી કચ્છી વિશ્રામ ગૃહ

**પ્રારંભિક**

★ કચ્છથી અમદાવાદ સારવાર કરાવવા આવતા દર્દીઓ એ સમયે મોટાભાગે સિવિલ હોસ્પિટલ અથવા તો રાજસ્થાન હોસ્પિટલમાં દાખલ થતા. એ સમયે સાથે આવેલ દર્દીના પરિવારજનોને આ વિસ્તારમાં રહેવાની બહુ જૂજ સગવડ હતી. તેથી આ વિસ્તારમાં એક વિશ્રામગૃહ સ્થાપવાની બહુ જ જરૂરિયાત અનેક લોકોને મહેસુસ થતી હતી. અમદાવાદની કોઈ કચ્છી સંસ્થા આ બાબતે આગળ વધે તેવી કચ્છમાં અનેક લોકોની ઇચ્છા હતી.

**મંગલ મંદિર : માર્ચ ૧૯૯૯**

★ શાહીબાગ વિસ્તારમાં શ્રી કચ્છી વિશ્રામ ગૃહ ઊભું કરવા તે સમયના જી.એમ.ડી.સી.ના ચેરમેન શ્રી મૂકેશભાઈ ઝવેરીએ રૂા. ૧ કરોડનું ડોનેશન આપવાની ઑફર શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદને કરેલ હતી. ત્યારબાદ શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદે આ બાબતે આગળ વધવા એ વિસ્તારમાં પ્લોટો જોવાની શરૂઆત કરેલ હતી.

**મંગલ મંદિર : ઓગસ્ટ ૧૯૯૯**

★ શાહીબાગ વિસ્તારમાં શ્રી કચ્છી વિશ્રામ ગૃહ માટે ૧૮૦૦ ચો. વારનો પ્લોટ રૂા. ૧.૩૦ કરોડની કિંમતથી શ્રી ક.જૈ.સે.સ. - અમદાવાદ દ્વારા નક્કી કરી લેવામાં આવેલ.

★ જી.એમ.ડી.સી. તરફથી રૂા. ૧ કરોડનો ચેક પ્રાપ્ત થયેલ હતો.

★ શ્રી ક.જૈ.સે.સ. - અમદાવાદ તરફથી આર્કિટેક્ટ તરીકે શ્રી મુકુલભાઈ શેઠની વરણી કરવામાં આવી.

★ પ્રોજેક્ટની કિંમત (જમીન + બાંધકામ + ફર્નીચર) રૂા. ૩ કરોડની અંદાજવામાં આવી.

★ રૂા. ૯૬ લાખની વગર વ્યાજની લોનના વચનો મેળવવામાં આવ્યા.

★ શ્રી કચ્છી વિશ્રામ ગૃહના બાંધકામ માટે નીચે મુજબની કમિટીની રચના કરવામાં આવી :

(૧) શ્રી હસમુખ ઉગરચંદ ગઢેચા - કન્વીનર

(૨) શ્રી નવીન નાનજી પોલડિયા

(૩) શ્રી મેહુલ દિનેશ મણિલાલ શાહ

(૪) શ્રી શાંતિલાલ છગનલાલ શાહ

(૫) શ્રી અશોકકુમાર સાકરચંદ મહેતા

(૬) શ્રી મુરજી નરશી લોડાયા

(૭) શ્રી હીરજી પાસુ શાહ

(૮) શ્રી ગુલાબચંદ ધનજી દંડ

(૯) શ્રી નીતિન ધનજી ગાલા

(૧૦) શ્રી મુકેશ મુળજી સાવલા

**મંગલ મંદિર : ડિસેમ્બર ૧૯૯૯**

★ જમીન સંપાદિત કરી લેવામાં આવી.

★ રવિવાર, તા. ૧૩-૨-૨૦૦૦ના રોજ ભૂમિપૂજન કરવાનું નક્કી કરવામાં આવ્યું.

તેના અનુસંધાને નીચે મુજબની સમિતિઓની રચના કરવામાં આવી :

(૧) સંકલન સમિતિ, (૨) આમંત્રણ સમિતિ, (૩) અતિથિ વિશેષ આયોજન સમિતિ, (૪) સ્વાગત સમિતિ, (૫) ઉતારા વ્યવસ્થા સમિતિ, (૬) ટ્રાન્સપોર્ટ સમિતિ, (૭) વોલન્ટીયર્સ સમિતિ, (૮) જમણવાર સમિતિ, (૯) શમિયાણા - મંડપ બાંધકામ સમિતિ, (૧૦) મનોરંજન સમિતિ, (૧૧) પ્રોગ્રામ સમિતિ, (૧૨) ફંડ રેઈઝીંગ સમિતિ, (૧૩) પ્રચાર સમિતિ, (૧૪) બાંધકામ સમિતિ.

**મંગલ મંદિર : માર્ચ ૨૦૦૦ : શ્રી કચ્છી વિશ્રામ ગૃહ – ભૂમિપૂજન સમારોહ**

★ *શનિવાર, તા. ૧૨-૨-૨૦૦૦*

- સવારમાં ૧૦ વાગે શ્રી કચ્છી જૈન ભવન પર જી.એમ.ડી.સી.ના રૂા. ૧ કરોડના ચેકની અર્પણ વિધિ.
- સવારમાં ૧૧ વાગે પાલડી ખાતેના તબીબી સારવાર કેન્દ્રમાં ૩ નવા વિભાગોનું ઉદ્‌ઘાટન.
- રાત્રે ૮.૩૦ વાગે ટાઉન હોલ ખાતે યુવા વિભાગ તરફથી મનોરંજન કાર્યક્રમ.

★ શનિવાર, તા. ૧૨-૨-૨૦૦૦ : જી.એમ.ડી.સી.ના ચેકની અર્પણ વિધિ સમારોહમાં ઉપસ્થિત મહાનુભાવોની યાદીઃ જી.એમ.ડી.સી.ના ચેરમેન અને ભુજ વિભાગના ધારાસભ્ય શ્રી મુકેશભાઈ ઝવેરી, નિગમના મેનેજિંગ ડાયરેક્ટર શ્રી વી.આર.એસ. કૌલગી, નિગમના ડિરેક્ટરો શ્રી સુનિલભાઈ સીંગી અને શ્રી જયંતીભાઈ પટેલ, ગુજરાત વિધાનસભાના અધ્યક્ષ શ્રી ધીરૂભાઈ શાહ, ભુજના લેઉઆ પટેલ સમાજના પ્રમુખ શ્રી રામજીભાઈ પટેલ, હૈદ્રાબાદના શ્રી ધીરજલાલ ટોકરશી કાપડિયા, કચ્છના શ્રી તારાચંદભાઈ છેડા, મુંબઈથી શ્રી સુમતિભાઈ મહેતા, શ્રી અમરચંદભાઈ ગાલા, ઝરીયાના બેન્કર શ્રી ચંદ્રકાંતભાઈ વીરજી સંઘવી, મુંબઈથી શ્રી વિજયભાઈ છેડા.

★ આ સમયે શ્રી કચ્છી જૈન ભવન ખાતે રહીને સૂર્ય ઊર્જા શક્તિ દ્વારા શક્તિનો શ્રોત મળે છે તેવા સંશોધન માટે ૪૧૧ ઉપવાસનો સંકલ્પ લઈ તા. ૧-૧-૨૦૦૦થી ઉપવાસ શરૂ કરનાર શ્રી હીરા રતન માણેકનું અભિવાદન કરવામાં આવ્યું હતું.

★ રાત્રે ૮.૩૦ વાગે ટાઉન હોલમાં સમાજના યુવા વિભાગ દ્વારા 'જેસલ તોરલ' નાટક, ત્યારબાદ શ્રીમતી બીજલ હરિયાનું કૂચીપૂડી નૃત્ય અને અંતમાં ફિલ્મી ગીતોથી પ્રેક્ષકોનું મનોરંજન કરવામાં આવ્યું હતું.

★ *રવિવાર, તા. ૧૩-૨-૨૦૦૦*

શ્રી કચ્છી વિશ્રામ ગૃહ ખાતે સવારમાં ૮.૩૦ વાગે ભૂમિપૂજન અને ૧૦.૩૦ વાગે ભૂમિપૂજન સમારોહ.

★ રવિવાર, તા. ૧૩-૨-૨૦૦૦ના ભૂમિપૂજન સમારોહના શિરોમણિ શ્રી ઉગરચંદ પોપટલાલ ગઢેચા હતા. અતિથિ વિશેષ તરીકે શ્રી ધીરૂભાઈ શાહ, શ્રી ધીરજલાલ ટોકરશી કાપડિયા, શ્રી દામજી લાલજી એન્કરવાલા, શ્રી અમરચંદભાઈ ગાલા, શ્રી શાંતિલાલ સોમૈયા, શ્રી ચંદ્રકાંત વીરજી સંઘવી, શ્રી જગશી જેઠાભાઈ છેડા, શ્રી સુનિલભાઈ સીંગી, શ્રી રામજીભાઈ પટેલ, શ્રી શંકરભાઈ સચદે વગેરે ઉપસ્થિત રહેલ હતા.

★ શ્રી કચ્છી વિશ્રામ ગૃહ બાંધકામ સમિતિના કન્વીનર શ્રી હસમુખભાઈ ગઢેચાએ શ્રી કચ્છી વિશ્રામ ગૃહના પ્રોજેક્ટ અંગે સંપૂર્ણ માહિતી આપી હતી.

★ આ કાર્યક્રમ દરમિયાન રૂા. ૧ કરોડ જેટલા ડોનેશનના વચનો પ્રાપ્ત થયેલ હતા.

**મંગલ મંદિર : નવેમ્બર ૨૦૦૧ : શ્રી કચ્છી વિશ્રામ ગૃહ – ઉદ્‌ઘાટન સમારોહ**

★ ભૂકંપના કારણે પાછું ઠેલાયેલ શ્રી કચ્છી વિશ્રામ ગૃહનો ઉદ્‌ઘાટન સમારોહ રવિવાર, તા. ૬-૧-૨૦૦૨ના રોજ યોજવાનું નક્કી કરવામાં આવેલ.

★ આ પ્રસંગે શનિવાર, તા. ૫-૧-૨૦૦૨ અને રવિવાર, તા. ૬-૧-૨૦૦૨ – એમ બે દિવસનો કાર્યક્રમ યોજવાનું નક્કી કરવામાં આવેલ.

**મંગલ મંદિર : જાન્યુઆરી-૨૦૦૨**

★ 'મંગલ મંદિર'નો જાન્યુઆરી-૨૦૦૨નો અંક શ્રી કચ્છી વિશ્રામ ગૃહ ઉદ્‌ઘાટન વિશેષાંક તરીકે બહાર પાડવામાં આવેલ હતો.

★ આ અંકમાં શ્રી કચ્છી વિશ્રામ ગૃહ વિશે નીચે મુજબની માહિતી પ્રસારીત કરવામાં આવેલ હતી.

- પ્લોટ એરીયા : અંદાજિત ૧૮૦૦ ચો.વાર (અંદાજિત ૧૬,૦૦૦ ચો. ફૂટ)
- ગ્રાઉન્ડ + ૪ માળનું મકાન : ટોટલ બાંધકામ ૩૦,૦૦૦ ચો. ફૂટ
- આ મકાનમાં રહેવા માટે ૬૧ રૂમ, ૪ ડોરમેટરી, કીચન, ડાઈનિંગ હોલ, કોન્ફરન્સ હોલ, રીસેપ્શન હોલ, સાધુ-સાધ્વીજી માટેના ૬ રૂમો વગેરેનો સમાવેશ કરવામાં આવેલ છે.
- આ વિશ્રામ ગૃહનું નિર્માણ અંદાજિત રૂા. ૪ કરોડના ખર્ચે કરવામાં આવેલ છે.

**મંગલ મંદિર : ફેબ્રુઆરી ૨૦૦૨**

★ શ્રી કચ્છી વિશ્રામ ગૃહના ઉદ્‌ઘાટન સમારોહના આ પ્રસંગે શનિવાર, તા. ૫-૧-૨૦૦૨ અને રવિવાર, તા. ૬-૧-૨૦૦૨ – એમ બે દિવસનો સમારંભ યોજવામાં આવેલ હતો.

**શનિવાર, તા. ૫-૧-૨૦૦૨**

***"કચ્છનો ઔદ્યોગિક વિકાસ – ભૂકંપ બાદ"*** અંગેનો સેમિનાર ઇન્ડેક્ષ્ટ-બી ના સહયોગથી અટીરા ઓડિટોરીયમ ખાતે યોજવામાં આવેલ હતો. આ સેમિનારમાં કેન્દ્રિય રાજ્યકક્ષાના મંત્રી શ્રી બાલાસાહેબ વીખે પાટીલ, ગુજરાતના ઉદ્યોગ અને પ્રવાસન વિભાગના મંત્રી શ્રી સુરેશચંદ્ર મહેતા તથા ઉદ્યોગપતિશ્રીઓ શ્રી કાંતિસેન શ્રોફ, શ્રી ગૌતમ અદાણી, શ્રી રાજુભાઈ ગોગરી વગેરે અને ઉદ્યોગ કમિશ્નર શ્રી હસમુખ અઢીયા ઉપસ્થિત રહેલ હતા.

**રવિવાર, તા. ૬-૧-૨૦૦૨**

શ્રી કચ્છી વિશ્રામ ગૃહનું ઉદ્‌ઘાટન ગુજરાત રાજ્યના મુખ્યમંત્રી શ્રી નરેન્દ્રભાઈ મોદીના વરદ્ હસ્તે કરાવવામાં આવેલ હતું. અન્ય વિભાગોના ઉદ્‌ઘાટન વિવિધ મહાનુભાવોના વરદ્ હસ્તે કરાવવામાં આવેલ હતા. આ પ્રસંગે ગુજરાત વિધાનસભાના અધ્યક્ષ શ્રી ધીરૂભાઈ શાહ, જી.એમ.ડી.સી.ના ચેરમેન શ્રી મૂકેશભાઈ ઝવેરી, શ્રી ધીરજલાલ ટોકરશી કાપડિયા, શ્રી બિપીનચંદ્ર જૈન વગેરે ઉપસ્થિત રહેલ હતા.

**મંગલ મંદિર : ઓક્ટોબર ૨૦૦૫**

★ **રવિવાર, તા. ૧૮-૯-૨૦૦૫**

**શ્રી કચ્છી વિશ્રામ ગૃહના વિવિધ વિભાગોની તક્તી અનાવરણ વિધિ તથા લકી કૂપન ડ્રો કાર્યક્રમ**

રવિવાર, તા. ૧૮-૯-૨૦૦૫ના રોજ શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદનો ૪૨મો વાર્ષિક સ્નેહમિલન તથા

શ્રી કચ્છી વિશ્રામ ગૃહ પર વિવિધ માળ પરની મુખ્ય તક્તીઓ, રૂમો પરની તક્તીઓ વગેરેના અનાવરણનો કાર્યક્રમ સૌપ્રથમ શ્રી કચ્છી વિશ્રામ ગૃહ પર અને ત્યારબાદ પંચાલ હોલ ખાતે વિંગોની તક્તીઓના ડ્રો વગેરેનો કાર્યક્રમ યોજવામાં આવેલ હતો.

★ આ પ્રસંગે બહારગામથી શ્રી મૂકેશભાઈ ઝવેરી, શ્રી બાબુભાઈ મેઘજી શાહ, શ્રી બિપીનચંદ્ર કાનજી જૈન, શ્રી લેક્ષ જૈન, શ્રી ચંપકભાઈ હરીયા, શ્રી અશોક કુંવરજી શાહ, શ્રી મહેન્દ્ર કુંવરજી શાહ, શ્રી પંકજ અનોપચંદ મહેતા, શ્રી શંકરભાઈ સચદે, શ્રી શશીકાંત ઠક્કર, શ્રી મહેન્દ્રભાઈ મોરબીયા વગેરે પધારેલ હતા.

★ આ કાર્યક્રમમાં સ્થાનિક મહાનુભાવો શ્રી નાનુભાઈ મજીઠિયા, શ્રી લક્ષ્મીદાસ ઠક્કર, શ્રી જગદીશભાઈ ઠક્કર, શ્રી ધીરજલાલ સોમપુરા, શ્રી હરીશભાઈ રંગવાલા, માતુશ્રી ઝવેરબેન રંગવાલા, શ્રી જયંતીભાઈ ભાનુશાળી, શ્રી ચીમનભાઈ પલણ, શ્રી એન.કે. શાહ, શ્રી કાંતિલાલભાઈ પૂજ, શ્રી ઉગરચંદભાઈ ગઢેચા, શ્રી શાંતિલાલ રામજી ગાલા, શ્રી છોટુભાઈ ગાલા વગેરે ઉપસ્થિત રહેલ હતા.

★ આ પ્રસંગે મંગલ મંદિર સપ્ટેમ્બર-૨૦૦૫નો અંક શ્રી કચ્છી વિશ્રામ ગૃહ ડ્રો વિશેષાંક-૧ અને ઓક્ટોબર-૨૦૦૫નો અંક શ્રી કચ્છી વિશ્રામ ગૃહ ડ્રો વિશેષાંક-૨ તરીકે બહાર પાડવામાં આવેલ હતા.

## (૭) સમાજ તરફથી યોજવામાં આવેલ વિવિધ સેમિનારો અને વાર્તાલાપો

### (૧) શનિવાર, તા. ૫-૧-૨૦૦૨ : કચ્છનો ઔદ્યોગિક વિકાસ ભૂકંપ બાદ (અમદાવાદ ખાતે)

ઈન્ડેક્ષ્ટ-બી ના સહયોગથી શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદે શનિવાર, તા. ૫-૧-૨૦૦૨ (શ્રી કચ્છી વિશ્રામ ગૃહના ઉદ્‌ઘાટનના આગલા દિવસે)ના રોજ અટીરા ઓડિટોરીયમ ખાતે "કચ્છનો ઔદ્યોગિક વિકાસ – ભૂકંપ બાદ"ના વિષય પર એક દિવસીય સેમિનારનું આયોજન કરેલ હતું.

*આ સેમિનાર નીચે મુજબના ૩ વિષયો પર યોજવામાં આવેલ હતો :*

(૧) ભૂકંપ બાદ કચ્છમાં અપાયેલ કર રાહતો.

(૨) કચ્છમાં આંતરમાળખાકીય સુવિધાઓ

(૩) કચ્છમાં મૂડી રોકાણની તકો

આ સેમિનારમાં કેન્દ્રીય રાજ્યકક્ષાના મંત્રી શ્રી બાલાસાહેબ વીખે પાટીલ, ગુજરાત રાજ્યના ઉદ્યોગ અને પ્રવાસન ખાતાના મંત્રી શ્રી સુરેશચંદ્ર મહેતા તથા વિવિધ ઉદ્યોગપતિશ્રીઓ શ્રી કાંતિસેન શ્રોફ, શ્રી ગૌતમ અદાણી, ઉદ્યોગ કમિશ્નર શ્રી હસમુખ અઢીયા, શ્રી રાજુભાઈ ગોગરી વગેરે ઉપસ્થિત રહેલ હતા. તદુપરાંત આ સેમિનારમાં શ્રી હીરાલાલ બી. શાહ, શ્રી શાંતિલાલ ગાલા, શ્રી શાંતિલાલ સોમૈયા, શ્રી બિપીનભાઈ જૈન વગેરે પણ ઉપસ્થિત રહ્યા હતા.

ઉદ્‌ઘાટન સમારોહના પ્રમુખ તરીકે રાજ્યના ઉદ્યોગમંત્રી શ્રી સુરેશચંદ્ર મહેતા રહ્યા હતા.

પ્રથમ બિઝનેસ સેશનના પ્રમુખ તરીકે ઉદ્યોગ અને ખાણ વિભાગના અગ્રસચિવ શ્રી એલ. માનસિંગ રહ્યા હતા.

દ્વિતીય સેશનના પ્રમુખ તરીકે કંડલા પોર્ટ ટ્રસ્ટના ઉપાધ્યક્ષ શ્રી વિપુલ મિત્રા રહ્યા હતા.

તૃતીય સેશનના પ્રમુખ તરીકે ઉદ્યોગ કમિશ્નર શ્રી હસમુખ અઢીયા રહ્યા હતા.

### (૨) રવિવાર, તા. ૫-૯-૨૦૦૪ : કચ્છના વિકાસના પ્રશ્ને સેમિનાર (મુંબઈ ખાતે)

શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદ દ્વારા રવિવાર, તા. ૫-૯-૨૦૦૪ના રોજ સુમતિ ગૂર્જર ભવન, ચેમ્બુર, મુંબઈ ખાતે કચ્છના વિકાસના પ્રશ્ને એક સેમિનારનું આયોજન ગોઠવવામાં આવેલ હતું.

સવારથી સાંજ સુધી ચાલેલ આ સેમિનારમાં વિવિધ ક્ષેત્રની નીચે મુજબની વ્યક્તિઓ ઉપસ્થિત રહેવા પામેલ હતીઃ

શ્રી રાઘવજીભાઈ સાવલા (મધ્ય પ્રદેશ), શ્રી સુરેશચંદ્ર મહેતા, શ્રી ધીરૂભાઈ શાહ, શ્રી બાબુભાઈ મેઘજી શાહ, શ્રી

તારાચંદભાઈ છેડા, શ્રીમતી નીમાબેન આચાર્ય, શ્રી છબીલદાસ પટેલ, શ્રી નરેન્દ્રસિંહજી જાડેજા, શ્રી ગોપાલભાઈ ધુવા વગેરે.

શ્રી અમરચંદભાઈ ગાલા, શ્રી નેણશી લધા ગાલા, શ્રી સુમતિભાઈ મહેતા, શ્રી નવનીતલાલ શાહ (આશાપુરા માઇન્સ), શ્રી વસંતભાઈ અદાણી, શ્રી ચંદ્રકાંત ગોગરી, શ્રી શાંતિભાઈ મેકોની, શ્રી જગશી જેઠા છેડા, શ્રી બિપીનચંદ્ર જૈન, શ્રી શાંતિલાલભાઈ સોમૈયા વગેરે.

શ્રી કીર્તિભાઈ ખત્રી, શ્રી લક્ષ જૈન, શ્રીમતી સુષ્મા આયંગર, શ્રી નિમેષ ફડકે, ડૉ. જ્ઞાનેશ્વર રાવ, શ્રી મહેન્દ્રભાઈ મોરબીયા, શ્રી શશીકાંત ઠક્કર, શ્રી બી.કે. પટેલ, શ્રી કોમલ છેડા વગેરે.

***ઉપરોક્ત સેમિનારમાં "કચ્છ ડેવલપમેન્ટ કાઉન્સિલ"ની રચના કરવામાં આવેલ હતી.***

## (૩) શુક્રવાર, તા. ૨૩-૯-૨૦૦૫ : ઔદ્યોગિક સેમિનાર (ગાંધીધામ ખાતે)

કચ્છ ડેવલપમેન્ટ કાઉન્સિલ - અમદાવાદ, ગાંધીધામ ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રીઝ - ગાંધીધામ તથા ફેડરેશન ઓફ કચ્છ ઈન્ડસ્ટ્રીઝ એસોસિએશન - અંજારના સંયુક્ત ઉપક્રમે કચ્છના ઉદ્યોગો સંબંધે ઔદ્યોગિક સેમિનારનું ઈફકો ઓડિટોરીયમ - ગાંધીધામ ખાતે શુક્રવાર, તા. ૨૩-૯-૨૦૦૫ના રોજ આયોજન કરવામાં આવેલ હતું.

આ સેમિનારના સ્પોન્સરર તરીકે અદાણી ગ્રુપ ઓફ ઈન્ડસ્ટ્રીઝ - અમદાવાદ અને ગુજરાત એન.આર.ઈ. ઓસ્ટ્રેલિયા પ્રા.લિ. - અમદાવાદ તેમજ કો-સ્પોન્સરર તરીકે આશાપુરા ગ્રુપ ઓફ ઈન્ડસ્ટ્રીઝ - મુંબઈ અને સુઝલોન ગ્રુપ - પૂણેનો સહયોગ પ્રાપ્ત થયેલ હતો.

આ સેમિનારમાં ગુજરાત રાજયના ઉદ્યોગ, ખાણ અને ખનિજ વિભાગના રાજયમંત્રી શ્રી અનિલભાઈ પટેલ, પાણી પુરવઠા વિભાગના રાજયમંત્રી શ્રી હરજીવનભાઈ પટેલ, ભૂતપૂર્વ મુખ્યમંત્રી શ્રી સુરેશચંદ્ર મહેતા, સાંસદ શ્રી પુષ્પદાન ગઢવી, ધારાસભ્યો શ્રી બાબુભાઈ મેઘજી શાહ, શ્રીમતી નીમાબેન આચાર્ય, શ્રી નરેન્દ્રસિંહજી જાડેજા, શ્રી છબીલદાસ પટેલ તથા શ્રી ગોપાલભાઇ ધુઆ ઉપસ્થિત રહેલ હતા.

અન્ય મહેમાનોમાં અદાણી ગ્રુપના શ્રી વસંતભાઈ અદાણી, ગુજરાત એન.આર.ઈ.ના શ્રી મનીષભાઈ લોહિયા, આશાપુરા ગ્રુપના શ્રી પીયુષભાઈ વોરા, એન્કર ગ્રુપના શ્રી દામજીભાઈ શાહ, યુરો સીરામિક્સ ગ્રુપના શ્રી નેણશી લધા ગાલા વગેરે ઉપસ્થિત રહેલ હતા.

અધિકારીશ્રીઓના ગ્રુપમાંથી ઉદ્યોગ ખાતાના જોઈન્ટ કમિશ્નર શ્રી આર.પી. મહેતા, ડેપ્યુટી કમિશ્નર (ઈન્ડસ્ટ્રીઝ) શ્રી ડી.ઓ. શાહ, ભુજ અર્બન ડેવલપમેન્ટના શ્રી કૌશિક થાનકી, કંડલા પોર્ટ ટ્રસ્ટના ચેરમેન શ્રી એ. જનાર્દનરાવ, ઈફકોના જનરલ મેનેજર શ્રી શ્રીવાસ્તવ, સરદાર સરોવર નર્મદા નિગમના ડાયરેક્ટર (કેનાલ) શ્રી એસ.જે. દેસાઈ, ગુજરાત ઈલેક્ટ્રીસિટી બોર્ડના શ્રી જાડેજા વગેરે ઉપસ્થિત રહેલ હતા.

ઉદ્‌ઘાટન સમારંભના અધ્યક્ષ સ્થાને ઉદ્યોગમંત્રી શ્રી અનિલભાઈ પટેલ બિરાજેલ હતા.

ત્યારબાદ સેમિનારના ૩ ટેકનિકલ સેશન પ્રસ્તુત કરવામાં આવેલ હતા.

પ્રથમ સેશન ***"કચ્છમાં ઔદ્યોગિક વિકાસ"*** અંગેનું હતું કે જેના કન્વીનરપદે કંડલા પોર્ટ ટ્રસ્ટના ચેરમેન શ્રી એ. જનાર્દનરાવ બિરાજમાન હતા.

દ્વિતીય સેશન ***"કચ્છમાં ઉદ્યોગોના ઉજ્જવળ ભાવિ"*** વિશેનું હતું કે જેના કન્વીનરપદે ઈફકોના જનરલ મેનેજર શ્રી શ્રીનિવાસન બિરાજમાન હતા.

તૃતીય સેશન ***"કચ્છના ઔદ્યોગિક વિકાસના વિવિધ વિભાગો"*** વિશેનું હતું કે જેના કન્વીનરપદે ઉદ્યોગ ખાતાના એડિશનલ કલેક્ટર શ્રી આર.પી. મહેતા બિરાજમાન હતા.

આ સેમિનાર દરમિયાન ઉદ્યોગમંત્રી શ્રી અનિલભાઈ પટેલે જણાવેલ હતું કે કચ્છમાં ઉદ્યોગોની સ્થાપના માટે મીડિયમ તથા લાર્જ સ્કેલના ૨૦૦ પ્રોજેક્ટો દ્વારા રૂા. ૩૦,૦૦૦ કરોડનું કેપીટલ ઈન્વેસ્ટમેન્ટ થવાની વકી છે.

અત્યાર સુધી અંદાજિત રૂા. ૮૦૦૦ કરોડના કેપીટલ ઈન્વેસ્ટમેન્ટ દ્વારા ૧૩૦ ઉદ્યોગો કાર્યરત થયેલ છે અથવા થવા પર છે. એક્સાઈઝ ડ્યુટી તથા સેલ્સ ટેક્સ રાહતની મુદત તા. ૩૧-૧૨-૨૦૦૫ સુધી લંબાવવામાં આવેલ હોતાં બીજા રૂા.

૬૦૦૦ કરોડના ઉદ્યોગો આવવાની ધારણા રહેવા પામેલ છે.

### (૪) ખનીજ આધારીત ઉદ્યોગો પર તથા માંડવી બંદરના વિકાસ અને જહાજવાડા પર વાર્તાલાપ

રવિવાર, તા. ૧૧-૧૨-૨૦૦૫ના રોજ કચ્છ ડેવલપમેન્ટ કાઉન્સિલ અને માંડવી ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઇન્ડસ્ટ્રીઝ ચેરીટેબલ ટ્રસ્ટના સંયુક્ત ઉપક્રમે 'કચ્છના ખનીજ આધારીત ઉદ્યોગો' પર તથા 'માંડવી બંદરના વિકાસ અને જહાજવાડા' પર એક દિવસીય વાર્તાલાપનું આયોજન ગોઠવવામાં આવેલ હતું.

આ સેમિનારમાં ઉપસ્થિત રહેવા માંડવી, મુંદ્રા, ભુજ, અંજાર, ગાંધીધામ, નખત્રાણા, અબડાસા, રાપર, ભચાઉ તથા લખપત – એમ ૧૦ તાલુકા મથકે રજિસ્ટ્રેશન કરાવવામાં આવેલ હતું. રજિસ્ટ્રેશન ફી રૂા. ૧૦૦/- રાખવામાં આવેલ હતી.

***"કચ્છના ખનીજ આધારીત ઉદ્યોગો"*** પર અમદાવાદ સ્થિત મિનરલ કન્સલ્ટન્ટ શ્રી જે.વી. ભટ્ટે વિગતવાર વાર્તાલાપ કર્યો હતો.

***"માંડવી બંદરના વિકાસ અને જહાજવાડા"*** પર મુંબઈ સ્થિત શ્રી કિશોરભાઈ મોનજી ભાનુશાળીએ વિગતવાર માહિતી આપેલ હતી.

### (૫) રતન જ્યોત – જેટ્રોફા વિશે વાર્તાલાપ

રતન જ્યોત - જેટ્રોફા એ એરંડાની એવી જાત છે કે જેના બીયારણમાંથી જે તેલ નીકળે, તેને બાયોડીઝલ તરીકે વાપરી શકાય છે. તે ઓછા પાણી અને ખેતીને લાયક ન હોય તેવી જમીનમાં પણ ઉછરી શકે છે.

રવિવાર, તા. ૧૮-૧૨-૨૦૦૫ના રોજ શ્રી કચ્છી જૈન ભવન - પાલડી પર રતન જ્યોત – જેટ્રોફા વિષય પર શ્રી દિલીપભાઈ ભવાનજી નાગડાનો વાર્તાલાપ યોજવામાં આવેલ હતો. તેઓશ્રી કચ્છમાં મોથાળા ગામના વતની છે અને હાલે તેઓ મુંબઈમાં પોતાનું નિવાસ સ્થાન ધરાવે છે.

તેઓશ્રીએ મહારાષ્ટ્રના રાયગઢ જિલ્લામાં એક એકરે ૧૨૫૦ છોડના હિસાબે ૮૫૦૦ એકર જમીનમાં લગભગ ૧ કરોડ જેટલા રતન જ્યોત - જેટ્રોફાના છોડની વાવણી તાજેતરમાં જ કરેલ છે કે જે થોડા વધુ સેલાઈન પ્રદેશમાં પણ ઉછરી શકે છે.

તેઓએ મધ્યપ્રદેશ અને છત્તીસગઢમાં – એમ દરેક રાજ્યમાં આ પ્રકારના પાંચ કરોડ છોડ વાવવાની ઝુંબેશ હાથ ધરેલ છે. ગુજરાતમાં પણ આ પ્રકારની ઝુંબેશ ચાલુ છે.

### (૬) ખેતી આધારીત ઉદ્યોગો પર વાર્તાલાપ

**(એ) શુક્રવાર, તા. ૨૩-૧૨-૨૦૦૫ – અંજાર ખાતે**
(અંજાર, મુંદ્રા, ગાંધીધામ, ભચાઉ તથા રાપર તાલુકાના ખેડૂતો માટે)

**(બી) શનિવાર, તા. ૨૪-૧૨-૨૦૦૫ – ભુજ ખાતે**
(ભુજ, નખત્રાણા, અબડાસા, લખપત તથા માંડવી તાલુકાના ખેડૂતો માટે)

***વક્તા : શ્રી લલીતભાઈ મૈશેરી***

શ્રી લલીતભાઈ મૈશેરી કચ્છમાં અબડાસા તાલુકાના વતની છે અને મુંબઈમાં આઈ.આઈ.ટી.માંથી એન્જિનિયરની પદવી મેળવ્યા બાદ વિવિધ સ્થળે વિવિધ પ્રકારના અનુભવ મેળવી મુંબઈમાં સ્થાયી થયેલ છે. ડી-હાઈડ્રેશન પ્લાન્ટ વિશે પણ તેઓની જાણકારી અનન્ય છે.

કચ્છ ડેવલપમેન્ટ કાઉન્સિલ દ્વારા ઉપરોક્ત સેમિનારોનું આયોજન ગોઠવવામાં આવેલ હતું.

આ સેમિનારનું રજિસ્ટ્રેશન કચ્છના ૧૦ તાલુકાના ૩૮ ગામોમાંથી કરવામાં આવેલ હતું.

*કચ્છમાં નીચે મુજબના પાકોની ખેતી કરવામાં આવે છે :*

- ઘઉં, બાજરી, મકાઈ જેવા અનાજ.
- કોથમીર તથા અન્ય શાકભાજી.
- કેસર કેરી, ચીકુ, ખારેક જેવા ફળો.
- ગુગળ, મીંઢીયાવળ, કુંવરપાઠું જેવી આયુર્વેદિક વનસ્પતિઓ.

અત્યારે કચ્છમાં ૩૫૦૦૦ ટન કેરી, ૮૫૦૦૦ ટન ખારેક, ૧૭૦૦૦ ટન ચીકુ, ૭૦૦૦૦ ટન કેળા, ૬૦૦૦ ટન લીંબુ, ૪૦૦૦ ટન નાળીયેર તથા ૨૭૦૦૦ ટન પપૈયા, બીજોરા વગેરે મળી દર વર્ષે ૨ લાખ ટન બાગાયતી પાકો થાય છે.

સેમિનારનો હેતુ ખેડૂતો પોતાના ખેતરમાં જાતે મશીનરી વસાવી, પ્રોડક્ટને જાતે પેક કરી બજારમાં ઊંચા ભાવે વેચી શકે અથવા સહકારી મંડળી સ્થાપી રેડિયેશન સેન્ટર, ગ્રેડિંગ સેન્ટર, પેકિંગ સેન્ટર સ્થાપી પ્રોડક્ટને એક્સપોર્ટ કરી શકે અને ઊંચા ભાવ મેળવી શકે.

### (૭) રતન જ્યોત વિશે કચ્છના વિવિધ શહેરો / ગામોમાં વાર્તાલાપ

કચ્છ ડેવલપમેન્ટ કાઉન્સિલ - અમદાવાદ, નવનિર્માણ અભિયાન - ભુજ અને વિવેકાનંદ રીસર્ચ અને ટ્રેઇનિંગ ઇન્સ્ટિટ્યૂટ - માંડવીના સંયુક્ત ઉપક્રમે કચ્છના ૧૦ તાલુકા મથકે શ્રી દિલીપભાઈ ભવાનજી નાગડાનો રતન જ્યોત - જેટ્રોફા વિશે વાર્તાલાપ રાખવામાં આવેલ હતો કે જેની વિગત નીચે મુજબ છે :

| | *દિવસ* | *શહેર* |
|---|---|---|
| (૧) | તા. ૧-૧-૨૦૦૬ | ભુજ |
| (૨) | તા. ૨-૧-૨૦૦૬ | નખત્રાણા |
| (૩) | તા. ૩-૧-૨૦૦૬ | દયાપર (લખપત) |
| (૪) | તા. ૪-૧-૨૦૦૬ | કોઠારા (અબડાસા) |
| (૫) | તા. ૫-૧-૨૦૦૬ | માંડવી |
| (૬) | તા. ૫-૧-૨૦૦૬ | લાયજા (મોટા) |
| (૭) | તા. ૬-૧-૨૦૦૬ | મુંદ્રા |
| (૮) | તા. ૭-૧-૨૦૦૬ | અંજાર |
| (૯) | તા. ૮-૧-૨૦૦૬ | ભચાઉ |
| (૧૦) | તા. ૯-૧-૨૦૦૬ | રાપર |

આ કાર્યક્રમ માટે અમદાવાદ તથા કચ્છના વિવિધ શહેરો અને ગામડાંઓના ૩૮ જેટલા સ્થળેથી રજિસ્ટ્રેશન કરાવવામાં આવેલ હતું.

## (૮) શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદના આધાર સ્તંભો

શ્રી કચ્છી જૈન સમાજની સ્થાપના વર્ષ ૧૯૭૦માં કરવામાં આવી. ત્યારબાદ આ સમાજને સવિશેષ કામ કરવા માટે આગળ વધવાની ભાવના હોવાથી તેને શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદમાં ફેરવી એક રજિસ્ટર્ડ ચેરીટેબલ ટ્રસ્ટ ૧૯૮૬માં બનાવવામાં આવ્યું. તે દિવસથી આ સમાજે સેવા ભાવનાથી પ્રેરાઈ અદ્વિતીય કામગીરી હાથ પર ધરી કે જેના પાયામાં એકથી એક ચડિયાતા કાર્યકરો આ સમાજને નિરંતરપણે મળતા રહ્યા.

આ કાર્યકરો કે જે સમાજના આધાર સ્તંભો હતા, તેમની ઓળખ આપવા 'મંગલ મંદિર'ના ફેબ્રુઆરી-૨૦૦૨ના અંકથી તેઓની જીવનગાથા "શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદના આધાર સ્તંભો"ની કોલમ હેઠળ દર મહિને આપવાની શરૂઆત કરવામાં આવી કે જેની વિગત નીચે મુજબ રહેવા પામેલ હતી. આ લેખમાળાના લેખક તરીકે શ્રી અશોક મહેતાની વરણી કરવામાં આવેલ હતી.

| ક્રમ | મહિનો અને વર્ષ | મણકા નંબર | કાર્યકરનું નામ |
|---|---|---|---|
| ૧. | માર્ચ ૨૦૦૨ | મણકો - ૧ | શ્રી માવજી ધારશી ફુરિયા |
| ૨. | એપ્રિલ ૨૦૦૨ | મણકો - ૨ | શ્રી મુળજી નરશી લોડાયા |
| ૩. | મે - ૨૦૦૨ | મણકો - ૩ | શ્રી હીરજી પાસુભાઈ શાહ |
| ૪. | જૂન - ૨૦૦૨ | મણકો - ૪ | ડૉ. ચંદ્રકાંત કાનજી દેઢિયા |
| ૫. | જુલાઈ - ૨૦૦૨ | મણકો - ૫ | શ્રી અશોકકુમાર સાકરચંદ મહેતા (રજુઆત : ફાલ્ગુની હિરેન શાહ) |
| ૬. | ઓગસ્ટ - ૨૦૦૨ | મણકો - ૬ | શ્રી બિપીનચંદ્ર કાનજી જૈન |
| ૭. | સપ્ટેમ્બર - ૨૦૦૨ | મણકો - ૭ | શ્રી જગશીભાઈ જેઠાભાઈ છેડા |
| ૮. | ઓક્ટોબર - ૨૦૦૨ | મણકો - ૮ | શ્રી કાંતિલાલ વેલજી સાવલા |
| ૯. | નવેમ્બર - ૨૦૦૨ | મણકો - ૯ | શ્રી પ્રતાપ નારાણજી દંડ |
| ૧૦. | ડિસેમ્બર - ૨૦૦૨ | મણકો - ૧૦ | શ્રી મગનલાલ મોતીચંદ સંઘવી |
| ૧૧. | જાન્યુઆરી - ૨૦૦૩ | મણકો - ૧૧ | શ્રી પોપટલાલ નેણશી ધરોડ |
| ૧૨. | ફેબ્રુઆરી - ૨૦૦૩ | મણકો - ૧૨ | શ્રી મણિલાલ કુંવરજી ગોસર |
| ૧૩. | માર્ચ-૨૦૦૩ (મંગલ મંદિરનો ૩૦૦મો અંક) | મણકો - ૧૩ | શ્રીમતી ચંદ્રિકાબેન દેઢિયા |
| | | મણકો - ૧૪ | શ્રી હસમુખ ઉગરચંદ ગઢેચા |
| ૧૪. | મે - ૨૦૦૩ | મણકો - ૧૫ | શ્રી આણંદજી વેલજી વીરા |
| ૧૫. | જૂન - ૨૦૦૩ | મણકો - ૧૬ | શ્રી નરેન્દ્ર છગનલાલ શાહ |
| ૧૬. | જુલાઈ - ૨૦૦૩ | મણકો - ૧૭ | નવનીત પરિવાર (શ્રી લાલજીભાઈ ગાલા, શ્રી ધનજીભાઈ ગાલા, શ્રી અમરચંદભાઈ ગાલા, શ્રી ડુંગરશીભાઈ ગાલા, શ્રી છોટુભાઈ ગાલા, શ્રી શાંતિભાઈ ગાલા, શ્રી જિતેન્દ્રભાઈ ગાલા, શ્રી નવીનભાઈ એન. શાહ) |
| ૧૭. | ઓગસ્ટ - ૨૦૦૩ | મણકો - ૧૮ | ડૉ. હિતેન્દ્ર મોહનલાલ શાહ |
| ૧૮. | સપ્ટેમ્બર - ૨૦૦૩ | મણકો - ૧૯ | 'સંકલ્પ'ના પ્રમુખો (શ્રી રાજુભાઈ ગાલા, શ્રીમતી ફાલ્ગુની હિરેન શાહ, શ્રી સંદીપ મહેતા, શ્રી ભરત ખોના, શ્રી મહેશભાઈ કે. શાહ, શ્રી હિરેન કે. શાહ, શ્રી અલ્પેશ મહેતા, શ્રીમતી શીલ્પિબેન શાહ, શ્રી નવીન લાલકા) |
| ૧૯. | ઓક્ટોબર - ૨૦૦૩ | મણકો - ૨૦ | શ્રી અશ્વિન હીરજી સાવલા |
| ૨૦. | નવેમ્બર - ૨૦૦૩ | મણકો - ૨૧ | શ્રી કિશોર મુળજી લાલકા |
| ૨૧. | ડિસેમ્બર - ૨૦૦૩ | મણકો - ૨૨ | શ્રી મનુભાઈ ગોવિંદલાલ શાહ |
| ૨૨. | જાન્યુઆરી - ૨૦૦૪ | મણકો - ૨૩ | શ્રી પ્રભુલાલ કપૂરચંદ સંઘવી |
| | | મણકો - ૨૪ | સ્વ. પ્રમીલાબેન ઉમરશી કુરૂવા |
| | | મણકો - ૨૫ | સ્વ. બાબુભાઈ વીરમ શાહ |
| ૨૩. | ફેબ્રુઆરી - ૨૦૦૪ | મણકો - ૨૬ | સ્વ. વીરેન્દ્ર આસારીયા શાહ |
| ૨૪. | માર્ચ - ૨૦૦૪ | મણકો - ૨૭ | શ્રી બાબુભાઈ વેરશી નાગડા - મુંબઈ |

*આ લેખમાળા અત્રે પૂર્ણ કરવામાં આવેલ હતી.*

# આપણા ડૉક્ટર્સને પહેચાનો

(મણકો : ૧૦)

## ડૉ. ગાર્ગીબેન વસાવડા

B.A.M.S.



અશોક મહેતા

‘આપણા ડૉક્ટર્સને પહેચાનો’ના મણકા નં.-૧૦ના લેખમાં આજે આપણે ડૉ. ગાર્ગીબેન વસાવડાની વાત કરીશું કે જેઓ આયુર્વેદ વિભાગના ડૉક્ટર છે અને માનવ શરીરની સારવારના આ વિભાગના તેઓશ્રી નિષ્ણાત છે.



ડૉ. ગાર્ગીબેન વસાવડા (સંગોઇ)
B.A.M.S.

તેઓશ્રી મૂળ તો કચ્છના મુંદ્રા તાલુકાના નાના કપાયા ગામના વતની છે. પરંતુ તેઓશ્રીનો પરિવાર વર્ષોથી સુરેન્દ્રનગરમાં સ્થાયી થયેલ હોવાથી તેમનો જન્મ સુરેન્દ્રનગર ખાતે તા. ૨-૬-૧૯૫૬ના રોજ થયેલ હતો. તેમણે બાળપણ અહીં વિતાવી પ્રાથમિક તથા માધ્યમિક સુધીનો અભ્યાસ અહીંથી જ કરેલ હતો. વર્ષ ૧૯૭૨માં તેઓશ્રી મેટ્રીકમાં ઉત્તીર્ણ થયા બાદ વડોદરાની “શ્રી આર્યકન્યા આયુર્વેદ મહાવિદ્યાલય” ખાતે આયુર્વેદના અભ્યાસક્રમમાં દાખલ થઈ વર્ષ ૧૯૭૯માં આયુર્વેદ ગ્રેજ્યુએટની પદવી B.A.M.S. મેળવેલ હતી. ત્યારબાદ તેઓશ્રી મુંબઈની એમ.એ. પોદ્દાર હોસ્પિટલ - વરલી ખાતે ઈન્ટીગ્રેટેડ કોર્સ હેઠળ સર્જરી અને ગાયનેકમાં ૬-૬ મહિનાની ત્રણ હાઉસમેનશિપનો અભ્યાસ પૂર્ણ કરેલ હતો. આ અભ્યાસ પૂર્ણ કર્યા બાદ તેઓશ્રીએ ચેમ્બુર - મુંબઈ ખાતે પોતાનું ક્લિનિક શરૂ કરી પ્રેક્ટીસ ચાલુ કરેલ હતી.

ત્યારબાદ તેઓએ ફરી મુંબઈ જઈ ૨૦૧૭-૧૮માં વર્ધમાન માનવ સેવા ટ્રસ્ટ - ભાયંદર ખાતે ડૉ. વૈભવ શાહ પાસે એસ્થેટીક, કોસ્મેટીક અને હેર ટ્રાન્સપ્લાન્ટનો કોર્સ પણ પૂર્ણ કરેલ હતો.

વર્ષ ૧૯૮૦માં ગાર્ગીબેનના લગ્ન હરમહેશ વસાવડા સાથે સુરેન્દ્રનગર ખાતે ખૂબ જ ધામધૂમથી થયેલ હતા. શ્રી હરમહેશભાઈ પોતાના મૂળ વતન માંગરોળથી જાન લઈને સુરેન્દ્રનગર આવેલ હતા. ગાર્ગીબેન જ્યારે વડોદરામાં રહી અભ્યાસ કરતા હતા ત્યારે એ જ મકાનમાં શ્રી હરમહેશભાઈ પણ પડોશી તરીકે રહેતા હતા. ત્યારથી તેઓ બંનેની ઓળખાણ થઈ અને આગળ જતાં સંબંધ પણ બંધાયો. શ્રી હરમહેશભાઈ M.A. L.L.B. હતા અને અમદાવાદની હાઈકોર્ટમાં વકીલ તરીકે પ્રેક્ટીસ કરતા હતા. તેથી ગાર્ગીબેને પણ ચેમ્બુર - મુંબઈ ખાતેનું ક્લિનિક બંધ કરી અમદાવાદ ખાતેનો પોતાનો વસવાટ શરૂ કરેલ હતો.

અમદાવાદમાં આવ્યા બાદ તેઓશ્રીએ પોતાનું આયુર્વેદ ક્લિનિક શરૂ કર્યું અને સાથે સાથે પંચકર્મ સેન્ટર પણ ઉભું કરેલ હતું. આ સમયે સતત પાંચ વર્ષ સુધી તેઓએ ગોરધનદાસ ચેરીટેબલ ટ્રસ્ટ - વસ્ત્રાપુર ખાતે પોતાની સેવા પણ આપેલ હતી. વર્ષ ૧૯૯૫માં પોતાની “આયુરક્ષા” નામની ફાર્મસી ઊભી કરી લગભગ દરેક પ્રકારની આયુર્વેદની દવાનું નિર્માણ શરૂ કર્યું.

આગળ જતાં એક તરફ પ્રાઈવેટ ક્લિનિક, બીજી તરફ આયુરક્ષા ફાર્મસી અને ત્રીજી તરફ ઘરની જવાબદારી — એમ બધે પહોંચી ના વળાતાં આયુરક્ષા ફાર્મસીની જવાબદારી થોડા સમય માટે સ્થગિત કરી દેવી પડેલ હતી.

એક વ્યવહારીક પ્રસંગે શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદના મેનેજિંગ ટ્રસ્ટી ડૉ. ચંદ્રકાંત દેઢિયા સાથે તેમની ઓળખાણ થઈ અને સમાજના નવા બંધાતા શ્રી કચ્છી જૈન ભવનના મકાનમાં શ્રી કચ્છી જૈન સેવા સમાજ જે મેડિકલ સેન્ટર ઉભું કરવા ધારે છે તેમાં આયુર્વેદ વિભાગ કાર્યરત કરવાની અને તેને મેનેજ કરવાની સંપૂર્ણ જવાબદારી સ્વીકારવા તેઓશ્રીએ તૈયારી દાખવી. ત્યારબાદ ૨૬મી જાન્યુઆરી, ૧૯૯૭ના રોજ જ્યારે શ્રી કચ્છી જૈન ભવનનું ઉદ્‌ઘાટન થયું ત્યારે જે મેડિકલ વિભાગ શરૂ કરવામાં આવ્યો તેમાં આયુર્વેદ, ડેન્ટલ અને ફિઝીયોથેરાપી વિભાગથી આ સેન્ટરની શરૂઆત કરવામાં આવી. ત્યારબાદ ૧૫મી ઓગસ્ટ, ૧૯૯૭ના રોજ પંચકર્મ સેન્ટર પણ શરૂ કરવામાં આવ્યું અને ત્યારબાદ તરતના સમયથી જ આ વિભાગ ધમધમવા લાગ્યો. સમય મળતાં ગાર્ગીબેને આયુર્વેદની

સ્પેશિયલ થેરાપી પંચકર્મ ઉપરાંત અગ્નિકર્મા, મર્મથેરાપી અને વિધ્ધકર્મનો પણ અભ્યાસ કર્યો હતો.

આ સમય દરમિયાન તેમને ઝાયડસ કેડીલામાં મેડિકલ એડવાઈઝર તરીકે જોડાઈ જવાની ઑફર મળતાં તેઓએ આ કંપનીના ફાયટોસર્જ ડિપાર્ટમેન્ટમાં પોતાની સેવા આપવાનું શરૂ કર્યું અને લગભગ ૧૦ જેટલી નવી પ્રોડક્ટ્સ ડેવલપ કરી માર્કેટમાં મુકાવડાવી. આ પ્રકારની દરેક પ્રોડક્ટ આયુર્વેદિક અને હર્બલ પ્રકારની હતી. આ સમયગાળા દરમિયાન તેઓએ આશરે ૪૦ જેટલા આયુર્વેદના પ્રોગ્રામ દૂરદર્શન અને ઝી-ટી.વી. પર આપેલ હતા.

વર્ષ ૨૦૦૮ સુધી તેઓ શ્રી કચ્છી જૈન સેવા સમાજના મેડિકલ સેન્ટર સાથે જોડાયેલા રહ્યા હતા. વર્ષ ૨૦૦૮માં તેઓશ્રીને નોર્થ કેરોલીના શાર્લોટ - અમેરિકામાં 'ગાંધીયન લાઈફ સાયન્સ અને આયુર્વેદ'ના વિષય પર એક પ્રોગ્રામ આપવા અમેરીકાની હિંદુ કલ્ચરલ સોસાયટીએ બોલાવેલ હતા કે જે કાર્યક્રમ ખૂબ જ સફળ રહેવા પામેલ હતો. આ રીતે તેઓશ્રીને ત્યાંના જુદા જુદા પાંચ ગ્રુપ દ્વારા આમંત્રણ મળેલ હતા અને તેથી તેઓએ દરેક વખતે ત્યાં જઇ આયુર્વેદનો સારો એવો પ્રચાર - પ્રસાર કરેલ હતો.

વર્ષ ૨૦૧૨માં તેઓશ્રીએ આયુરક્ષા ક્લિનિક નામની ફર્મ ફરી શરૂ કરી અને તેના નેજા હેઠળ તેઓએ હેરકેર, સ્કીન કેર, કોસ્મેટીક્સ અને ડાયેટરી સપ્લીમેન્ટનું ઉત્પાદન અને વેચાણ કરેલ હતા. પોતાનું પ્રાઈવેટ ક્લિનિક તો અવિરતપણે ચાલુ રહેવા પામેલ હતું.

તેઓએ વર્ષ ૨૦૨૨ની શરૂઆતથી જ ફરી શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદના પાલડી ખાતેના મેડિકલ સેન્ટરના આયુર્વેદ વિભાગમાં સેવા આપવાનું શરૂ કરેલ અને આ વિભાગમાં પંચકર્મ, અગ્નિકર્મ અને વિધ્ધકર્મની ટ્રીટમેન્ટ પણ શરૂ કરેલ. તેઓશ્રીના કહેવા મુજબ આયુર્વેદ, યોગ, પ્રાણાયામ અને ધ્યાન એવી મહત્ત્વની ક્રિયાઓ છે કે જેની પ્રેક્ટીસ દરેક વ્યક્તિએ નિયમિતપણે કરવી જોઈએ કે જેથી નિરોગી અને લાંબું જીવન જીવી શકાય.

તેઓશ્રી સોમથી શુક્ર એમ અઠવાડિયામાં પાંચ દિવસ સવારના ૯.૩૦થી બપોરના ૧.૩૦ વાગ્યા સુધી આ સેન્ટરમાં કાર્યરત રહે છે. તેઓશ્રી અહિંયા મસાજ, શેક, નસ્ય, શિરોધારા, બસ્તી, અગ્નિકર્મ, વિધ્ધકર્મ — એમ અલગ અલગ પ્રકારની સારવાર જરૂરિયાત મુજબના દર્દીઓને આપે છે. દરરોજના અંદાજિત ૮થી ૧૦ દર્દીના હિસાબે દર મહિને ૨૦૦થી ૨૫૦ દર્દીની આયુર્વેદ પદ્ધતિ દ્વારા સારવાર કરે છે.

તેઓશ્રીના જોઈન્ટ થયા પછીના સમયગાળામાં આ વિભાગનું ટર્નઓવર લગભગ ૨૦ ગણું વધી જવા પામેલ છે કે જેના પરથી જ તેમની કાર્યદક્ષતાનો ખ્યાલ કોઈને પણ આવી શકશે. શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદના પાલડી ખાતેના મેડિકલ સેન્ટરના આયુર્વેદ વિભાગની વિખ્યાતિમાં પણ સારો એવો ફરક પડી જવા પામેલ છે.

ગાર્ગીબેન વિવિધ પ્રકારના એનિમલ કેર અને જીવદયાના ગ્રુપ સાથે જોડાયેલા છે અને નિયમિતરૂપે પશુ, પક્ષીઓને આપવાની દવા અને ખોરાકનું ધ્યાન રાખે છે.

આયુર્વેદના પ્રચાર-પ્રસાર માટે ગાર્ગીબેનની નીચે મુજબની એક યુ-ટ્યુબ ચેનલ પણ છે. https://youtube.com/@drgargivasawada5950 કે જેનો લાભ લેવા સૌને અપીલ કરવામાં આવે છે.

ગાર્ગીબેનની પારિવારિક જિંદગીની વાત કરીએ તો તેમના પિતાશ્રી કચ્છના મુંદ્રા તાલુકાના નાના કપાયા ગામના વતની હતા. તેઓશ્રી વર્ષો સુધી રંગુન - બર્મામાં વ્યવસાય અર્થે રોકાયેલ હતા અને ત્યાં પોતાની રાઈસ મિલ ધરાવતા હતા. બીજા વર્લ્ડવૉરના સમયે વર્ષ ૧૯૪૨માં તેઓને ઈન્ડિયા પરત આવી જવું પડ્યું અને ત્યારબાદ મુંબઈમાં રોકાઇ રેડિયો તથા સાઉન્ડ એન્જિનિયરીંગનો અભ્યાસ પૂર્ણ કરેલ હતો. ત્યારબાદ તેઓશ્રીએ સુરેન્દ્રનગરમાં આવીને વસવાટ કર્યો અને અહીં રેડિયોની એક દુકાન સરૂ કરી હતી. ગાર્ગીબેનના માતુશ્રી પન્નાબેન હાઉસ વાઈફ હતા. આ દંપતીને પરિવારમાં ચાર સંતાનો પ્રાપ્ત થયા કે જેમાં એક પુત્રી અને ત્રણ પુત્ર હતા. તેમાંની પુત્રી ગાર્ગીબેન ચારેય સંતાનોમાં સૌથી મોટા હતા. તેમના પિતાશ્રી ૧૯૯૬માં અને માતુશ્રી ૨૦૦૪માં અવસાન પામ્યા. તેઓના બે ભાઈ સુરેન્દ્રનગરમાં સ્થાયી થયા છે અને સુરેન્દ્રનગરમાં Excellent Engineer ની પોતાની કંપની છે અને બેરીંગ માટે ઈલેક્ટ્રો - મિકેનિકલ ઈન્ડસ્ટ્રીઝ માટે ઓટોમેટીક મેન્યુફેક્ચરીંગ કરે છે. જ્યારે એક ભાઈ મુંબઈમાં એડવોકેટ તરીકે પ્રેક્ટીસ કરે છે.

ગાર્ગીબેનને એક પુત્રી - જાહનવી છે કે જે ફિઝીયોથેરાપીસ્ટનો અભ્યાસ પૂર્ણ કરી હાલે ફિઝીયોથેરાપીસ્ટ તરીકે પ્રેક્ટીસ કરે છે.

ગાર્ગીબેનને તેમના પિતાશ્રીની માફક ગાવાનો અને વાજીંત્ર વગાડવાનો સારો એવો શોખ છે. તેઓશ્રી નાના સમુદાયમાં સારા એવા ગીતો ગાવાનું ચાલુ રાખે છે. તેઓશ્રી કેશિયો સારી રીતે વગાડી જાણે છે.

"સર્વેજનાઃ સુખિનો ભવન્તુ, સર્વેજનાઃ નિરામયા"ના સુત્રનું પાલન કરીને તેઓશ્રી સારાયે વિશ્વને નિરોગી બનાવવાની ભાવના ધરાવે છે.

ગાર્ગીબેનને નત મસ્તકે વંદન કરીએ.

# શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદ : દૈનિક ડાયરી

## સંસ્થા વિભાગ

**તા. ૬-૭-૮/૨-૨૦૨૪**

- તા. ૬-૭-૮ ફેબ્રુઆરી, ૨૦૨૪ના રોજ વયસ્ક સમિતિ તરફથી કચ્છ ખાતેનો ત્રિ-દિવસીય 'કચ્છ દર્શન'ના પ્રવાસનું આયોજન કરવામાં આવ્યું હતું.

**મંગળવાર, તા. ૧૨-૨-૨૦૨૪**

- આજ રોજ બંધારણ સમિતિની બેઠક મળી હતી. તેમાં આગામી સમયમાં બંધારણમાં બદલાવ વિશે ચર્ચા કરવામાં આવેલ હતી.

**બુધવાર, તા. ૧૩-૨-૨૦૨૪**

- આજે સવારે પરમકૃપા મેડિકલ સેન્ટર - ચાંગોદર દ્વારા સુવાસ પ્રવેશ સોસાયટીમાં એક મેડિકલ કેમ્પ યોજવામાં આવેલ હતો. તેમાં ૪૭ સભ્યોએ લાભ લીધો હતો.
- આજ રોજ એચ.આર. સમિતિની મીટિંગ મળી હતી. તેમાં સ્ટાફ અંગે વિવિધ પાસાઓ અંગે ચર્ચા વિચારણા કરવામાં આવી હતી.

**શનિવાર, તા. ૧૬-૨-૨૦૨૪**

- આજ રોજ જીતોની ઓફિસ ખાતે ચિંતન શિબિર યોજવામાં આવી હતી. તેમાં શ્રી પ્રતાપભાઈ દંડ, શ્રી રજનીકાંત પારેખ અને શ્રી શાંતિલાલભાઈ સાવલાએ હાજરી આપી હતી. ત્યાં શ્રમણ આરોગ્ય (સાધુ સંત મહાત્માઓ માટે મેડિકલ વ્યવસ્થા) માટે અને જૈન વિદ્યાર્થીઓને IAS, IPS વગેરે ઉચ્ચ પદ માટેની કોમ્પિટીશન પરીક્ષા અંગે માહિતી પ્રદાન કરવામાં આવી હતી.

**શનિવાર, તા. ૧૭-૨-૨૦૨૪**

- આજ રોજ પાલડી ભવન ખાતે વયસ્ક સમિતિ તરફથી એક કાર્યક્રમ યોજવામાં આવેલ હતો.

**સોમવાર, તા. ૧૯-૨-૨૦૨૪**

- આજ રોજ કેન્ટીન સમિતિ અને વયસ્ક સમિતિની મીટિંગો મળેલ હતી. કેન્ટીન સમિતિમાં આગામી ત્રણ વર્ષ માટે કોન્ટ્રાક્ટ આપવા માટે મંગલ મંદિરમાં જાહેરાત આપવાનું નક્કી કરવામાં આવ્યું હતું અને વયસ્ક સમિતિની મીટિંગમાં ગત કાર્યક્રમના હિસાબ-કિતાબ રજૂ કરવામાં આવ્યા હતા.
- આજ રોજ બંધારણ સમિતિની મીટિંગ મળેલ હતી. તેમાં ગત મીટિંગમાં અધૂરી રહેલ કાર્યવાહીને આગળ ધપાવવામાં આવી હતી.

## નવનીત મેડિકલ સેન્ટર - બોપલ

**બુધવાર, તા. ૩૧-૧-૨૦૨૪**

- પ્રથમ માળે નવા મેડિકલ શોપનું આજ રોજ ડ્રગ ઈન્સ્પેક્ટર દ્વારા ઈન્સ્પેક્શન કરવામાં આવ્યું હતું.

**ગુરૂવાર, તા. ૧-૨-૨૦૨૪**

- ડૉ. રીધ્ધિએ જાન્યુઆરી-૨૦૨૪નો બોપલ મેડિકલ સેન્ટરનો ડેટા ડૉ. હિતેન્દ્રભાઈને આપેલ હતો. મેડિકલ સેન્ટરમાં કુલ ૬૪૯૪ દર્દીઓએ સારવાર લીધેલ હતી. જેમાં ૨૦૬ હેલ્થ ચેક-અપ, ૨૫૦ સોનોગ્રાફી અને ૨૨ મોતિયાના ઑપરેશન થયેલ હતા. ડાયાલિસીસ સેન્ટરમાં ૨૧૭ ડાયાલિસીસ થયેલ હતા.

**રવિવાર, તા. ૪-૨-૨૦૨૪**

- આજ રોજ લોકલ ન્યુઝ પેપર 'સીટી લાઇન'માં બોપલ મેડિકલ સેન્ટરની જાહેરાત આપવામાં આવેલ હતી. જેમાં મેડિકલ સેન્ટરમાં થતા હેલ્થ ચેક-અપ વિશેની માહિતી આપેલ હતી.

**શનિવાર, તા. ૧૦-૨-૨૦૨૪**

- આજ રોજ શ્રી પ્રતાપભાઈ દંડ, શ્રી રજનીભાઈ પારેખ, શ્રી કે.ડી. શાહ, શ્રી મનીષભાઈ ગોસર અને શ્રી શાંતિલાલભાઈ સાવલાએ બોપલ મેડિકલ સેન્ટરની મુલાકાત લીધેલ હતી અને વિવિધ વિભાગોમાં જઈ દર્દીઓ સાથે વાત કરેલ હતી.

**રવિવાર, તા. ૧૧-૨-૨૦૨૪**

- આજ રોજ 'સીટી લાઇન' લોકલ ન્યુઝ પેપરમાં આંખના વિભાગ, ડેન્ટલ, રેડિયોલોજી, ડાયાલિસીસ અને પેથોલોજી વિભાગ વિશેની વિગતવાર માહિતી અને સુવિધાઓ વિશેની જાહેરાત આપવામાં આવેલ હતી.

**બુધવાર, તા. ૧૪-૨-૨૦૨૪**

- આજ રોજથી બોપલ મેડિકલ સેન્ટરમાં ઓર્થોપેડિક વિભાગમાં એક Extra OPD શરૂ કરેલ હતી. જેમાં ડૉ. મોહનીશ ગઢવી (ઓર્થો સર્જન) સોમ - બુધ - શુક્ર સવારે ૧૧થી ૧૨.૩૦ સુધી ઓ.પી.ડી.માં મુલાકાત લેશે.

# પરમકૃપા મેડિકલ સેન્ટર - ચાંગોદર

*પરમકૃપા મેડિકલ સેન્ટર - ચાંગોદરના **PRO** પ્રતીક વ્યાસ તથા અન્યોએ કરેલ કાર્યવાહીની વિગતો નીચે મુજબ છે. તેઓએ જે તે કંપનીમાં જઈને પરમકૃપા મેડિકલ સેન્ટરની કાર્યવાહી વિશેની વિગતો આપેલ હતી.*

| તારીખ | મુલાકાત લીધેલ કંપનીની વિગત | કોને મળ્યા |
|---|---|---|
| *શુક્રવાર, તા. ૧૯-૧-૨૦૨૪* | $O_2H$ ડિસ્કવરી પ્રા.લી.<br>એસ્ટ્રોન પેકેજિંગ | શ્રી પ્રીતેશભાઈ ડાભી<br>શ્રી સૂર્યકાંતભાઈ |
| *શનિવાર, તા. ૨૦-૧-૨૦૨૪* | રોશન સ્ટીલ કોર્પોરેશન<br>બીગ બાસ્કેટ<br>આદિત્ય ઇક્વિપમેન્ટ્સ<br>દિયા પેકેજિંગ | } જે તે જવાબદાર વ્યક્તિ સાથે ચર્ચા કરી. |
| *સોમવાર, તા. ૨૨-૧-૨૦૨૪* | માઈક્રોટેક પ્રિન્ટર્સ પ્રા.લિ.<br>મધાન્સે ઈન્ડસ્ટ્રીઝ<br>યુનીજન પેકેજિંગ પ્રા.લિ.<br>કવિતા મશીનરી પ્રા.લિ.<br>રાજેશ્વરી કેન્સ લિમિટેડ | } જે તે જવાબદાર વ્યક્તિ સાથે ચર્ચા કરી. |
| *મંગળવાર, તા. ૨૩-૧-૨૦૨૪* | આજ રોજ આપણા મેડિકલ સેન્ટરના મેડિકલ ઓફિસર ડૉ. કડિયાવાલા સાથે મોરૈયા ગામના ડૉક્ટરોને મળીને પરમકૃપા મેડિકલ સેન્ટરની કાર્યવાહી, પરીક્ષણ વગેરે વિશે ચર્ચા કરી. | ડૉ. અલ્પેશ ઠાકોર, ડૉ. મેહુલ પટેલ<br>ડૉ. ચિરાગ અગ્રવાલ, ડૉ. ધર્મેન્દ્ર આહિર,<br>ડૉ. કપીલ, ડૉ. કોમલ ઠક્કર |
| *બુધવાર, તા. ૨૪-૧-૨૦૨૪* | મેટલ ક્રાફ્ટ ફોર્મિંગ પ્રા.લિ.<br>ટેકનોગ્રાફિક્સ પ્રિન્ટપેક પ્રા.લિ.<br>જે. એમ. પ્લાસ્ટોપેક | } જે તે જવાબદાર વ્યક્તિ સાથે ચર્ચા કરી. |
| *ગુરૂવાર, તા. ૨૫-૧-૨૦૨૪* | આજ રોજ આપણા મેડિકલ સેન્ટરના મેડિકલ ઓફિસર ડૉ. કડિયાવાલા સાથે મોરૈયા ગામના બાકી રહેલ ડૉક્ટરોને મળીને પરમકૃપા મેડિકલ સેન્ટરની કાર્યવાહી, પરીક્ષણ વગેરે વિશે ચર્ચા કરી. | ડૉ. પ્રતીક પટેલ, ડૉ. પરેશ મકવાણા,<br>ડૉ. ગૌરાંગ, ડૉ. ફાલ્ગુન પરીખ, |
| *શનિવાર, તા. ૨૭-૧-૨૦૨૪* | ફોટોકીના કેમિકલ્સ કંપની<br>સ્વાતિ સ્વીચગીયર કંપની | શ્રી અલ્પેશભાઈ પંડ્યા<br>ડાયરેક્ટર શ્રી વિક્રમભાઈ |
| *સોમવાર, તા. ૨૯-૧-૨૦૨૪* | એન્ડવોયર પ્રા.લિ.<br>નીરવ કેમિકલ્સ પ્રા.લિ.<br>મણિપાલ યુટીલીટી પેકેજિંગ | } જે તે જવાબદાર વ્યક્તિ સાથે ચર્ચા કરી. |
| *સોમવાર, તા. ૩૦-૧-૨૦૨૪* | આજ રોજ સુવાસ પ્રવેશ સોસાયટી - મોરૈયા જઈ આવતી તા. ૧૩-૨-૨૦૨૪ના રોજ મેડિકલ કેમ્પ ગોઠવવાનું નક્કી કર્યું. | |
| *બુધવાર, તા. ૩૧-૧-૨૦૨૪* | ડૉ. કડિયાવાલા સાથે રહી ચાંગોદર ખાતેના વિવિધ ડૉક્ટરોને મળી પરમકૃપા મેડિકલ સેન્ટરની કાર્યવાહીની વિગતો જણાવી | ડૉ. પ્રદીપ મુંધવા, ડૉ. વિજય રાઠોડ,<br>ડૉ. ગૌતમ સુખાણી |

| તારીખ | મુલાકાત લીધેલ કંપનીની વિગત | કોને મળ્યા |
| --- | --- | --- |
| ગુરૂવાર, તા. ૧-૨-૨૦૨૪ | યુનિસન ફાર્માસ્યુટીકલ્સ<br>એમ.બી. આર. ફલેક્સીબલ્સ<br>ફાર્માટિક પ્રોસેસ પ્રા.લિ.<br>હેમટેક ઈન્ડસ્ટ્રીઝ<br>હેમસાર ફિલામેન્ટ્સ<br>જિનકુશલ સેલ્સ કોર્પોરેશન<br>ઝીટા એન્જિ. એન્ડ ઈલેક્ટ્રીકલ્સ | જે તે જવાબદાર વ્યક્તિને મળી તેઓને તેમના કામદારોના જાન્યુઆરી-૨૦૨૪ના બીલો આપ્યા. |
| શુક્રવાર, તા. ૨-૨-૨૦૨૪ | ક્રિએટીવ પ્રિન્ટર્સ પ્રા.લિ.<br>ફોરએવર લાઈફ સાયન્સ પ્રા.લિ.<br>એ.આઈ.એ. એન્જિનિયરીંગ<br>ટ્રાયો ફાર્માકેમ<br>દેવ પેપર હબ<br>પરીખ ટ્રેડિંગ | જે તે જવાબદાર વ્યક્તિ સાથે ચર્ચા કરી. |
| | શ્રી હરિ એન્જિનિયરીંગ<br>વિનાયક ઈન્ડસ્ટ્રીઝ<br>ત્રિપલ કોસ્મેટીક્સ<br>$O_2H$ ડિસ્કવરી પ્રા.લિ.<br>નીરવ કેમિકલ્સ<br>એન્ડવોયર ઈન્સ્ટ્રુમેન્ટ્સ પ્રા.લિ.<br>આરોહી પ્રિન્ટ પેક | જે તે જવાબદાર વ્યક્તિ સાથે ચર્ચા કરી. |
| મંગળવાર, તા. ૬-૨-૨૦૨૪ | મોરૈયા ગામના ડૉક્ટર્સને મળ્યા | ડૉ. અલ્પેશ ઠક્કર, DHMS<br>ડૉ. ચિરાગ અગ્રવાલ, BHMS<br>ડૉ. મેહુલ પટેલ, MBBS<br>ડૉ. સંગીતા ગુપ્તા, BHMS<br>ડૉ. કોમલ ઠક્કર, BHMS |
| બુધવાર, તા. ૭-૨-૨૦૨૪ | આજ રોજ ડૉ. કડિયાવાલા અને જરૂરી સ્ટાફ સાથે ફોકસ લાઈટીંગ કંપનીમાં ગયા હતા અને તેમના કંપનીના ૧૮૦ કારીગરોનું જનરલ હેલ્થ ચેક-અપ કર્યું. | |
| ગુરૂવાર, તા. ૮-૨-૨૦૨૪<br>અને<br>શુક્રવાર, તા. ૯-૨-૨૦૨૪ | મહાવીર એન્જિનિયરીંગ<br>ગાત્રાડ ટેકનોલોજી<br>ઈનોવેક્સ ફેસિલીટી પ્રા.લિ.<br>આલ્ફા એન્જિનિયરીંગ<br>દક્ષલ કોસ્મેટીક્સ<br>કોરટેક ઈન્ટરનેશનલ લિમિટેડ<br>લાઈફ લાઈન બીઝ પ્રા.લિ. | જે તે જવાબદાર વ્યક્તિ સાથે ચર્ચા કરી. |
| શુક્રવાર, તા. ૯-૨-૨૦૨૪ | આજ રોજ શ્રી જયેશભાઈ મજમુદાર અને શ્રી સપન મજમુદાર પરમકૃપા મેડિકલ સેન્ટર પર પધારેલ હતા અને વિવિધ કંપનીઓમાં સાથે આવવા અંગે ચર્ચા કરેલ હતી. | |

| | | |
|---|---|---|
| *શનિવાર, તા. ૧૦-૨-૨૦૨૪* | એ.આઈ.એ. એન્જિનિયરીંગ કંપની<br>હેમા રેમેડાઈઝ કંપની | ઘનશ્યામભાઈ પંડ્યા - જનરલ મેનેજર<br>મિલનભાઈ શેઠ - જનરલ મેનેજર |
| *સોમવાર, તા. ૧૨-૨-૨૦૨૪* | આજ રોજ સુવાસ પ્રવેશ સોસાયટી - મોરૈયા ખાતે તા. ૧૩-૨-૨૦૨૪ના રોજ પરમકૃપા મેડિકલ સેન્ટર તરફથી યોજવામાં આવનાર ફ્રી હેલ્થ ચેક-અપ કેમ્પના પેમ્ફલેટનું દરેક ઘરે વિતરણ કરવામાં આવ્યું. | |
| *મંગળવાર, તા. ૧૩-૨-૨૦૨૪* | આજ રોજ સુવાસ પ્રવેશ સોસાયટી - મોરૈયા ખાતે પરમકૃપા મેડિકલ સેન્ટર તરફથી ફ્રી મેડિકલ કેમ્પ યોજવામાં આવ્યો. આ સમયે ફિઝીશિયન ડૉ. કડિયાવાલા અને આઈ વિભાગના ડૉ. ચાંદનીબેન તથા કમ્પ્લીટ નર્સિંગ સ્ટાફ ઉપસ્થિત રહેલ હતા. તદુપરાંત શ્રી રજનીકાંત પારેખ, શ્રી ગિરીશભાઈ પોલડિયા, શ્રી પ્રતીક વ્યાસ ઉપસ્થિત રહેલ હતા. કાર્યક્રમ દરમિયાન સોસાયટીના ચેરમેનશ્રી, ખજાનચીશ્રી તથા અન્ય કાર્યકર્તાઓનું શ્રીફળ આપીને બહુમાન કરવામાં આવેલ હતું. | |
| *બુધવાર, તા. ૧૪-૨-૨૦૨૪* | હેમા રેમેડિઝ પ્રા.લિ.<br>એ.આઈ.એ. એન્જિનિયરીંગ કંપની | બંને કંપનીઓ પાસેથી પરમકૃપા મેડિકલ સેન્ટર માટે ટાઈ-અપ થવાના પત્રો મેળવ્યા. |
| *ગુરૂવાર, તા. ૧૫-૨-૨૦૨૪ અને શનિવાર, તા. ૧૭-૨-૨૦૨૪* | એન્ડવોયર ઈન્સ્ટ્રુમેન્ટ્સ પ્રા.લિ.<br>નીરવ કેમિકલ્સ<br>સ્વાતિ સ્વિચ ગીયર પ્રા.લિ.<br>જગદીશ એલ્યુમિનિયમ<br>જયંતીલાલ એન્ડ કંપની<br>કર્ણાવતી સ્ટીલ કોર્પોરેશન<br>વિમલાચલ પ્રિન્ટ એન્ડ પેક પ્રા.લિ.<br>પ્રાર્થના એલોયઝ<br>એસ.ડી. પેઈન્ટ્સ લિમિટેડ<br>એમ્પાયર બેકર્સ<br>મેક પાવર<br>કોરટેક એનર્જી લિમિટેડ<br>ન્યુ લાઈફ સાયન્સ | જે તે કંપનીના અધિકારીશ્રીને મળી ફરીવાર પરમકૃપા મેડિકલ સેન્ટરની સારવાર ક્ષેત્રની કામગીરી જણાવી તેઓને આ સેન્ટરનો લાભ લેવા જણાવ્યું. |
| *શુક્રવાર, તા. ૧૬-૨-૨૦૨૪* | આજ રોજ ડૉ. હિતેન્દ્ર શાહ અને કિશોરભાઈ ઠક્કરે સેન્ટરની મુલાકાત લઈ ડૉ. કડિયાવાલા, શ્રી ગિરીશ પોલડિયા, શ્રી પ્રતીક વ્યાસ અને અન્ય તમામ સ્ટાફ સાથે મીટિંગ કરી, આ મેડિકલ સેન્ટરની કાર્યવાહી વિશે વિસ્તૃતપણે ચર્ચા કરવામાં આવી. | |

**શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદ**

**પાલડી ભવનમાં રૂમ બુકિંગ અથવા સમાજની કોઈપણ પ્રવૃત્તિ (મેડિકલ સિવાય)ની માહિતી માટે ફક્ત નીચેના ટેલિફોન નંબર ઉપર જ સંપર્ક કરવો**

**(079) 4890 6002, (079) 4890 6003**
**(079) 4890 6004, (079) 4890 6005**

**શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદ**

**મેડિકલ સેન્ટર અંગેની કોઈપણ માહિતી માટે ફક્ત નીચેના ટેલિફોન નંબર ઉપર જ સંપર્ક કરવો.**

**(079) 4890 6001**
**(079) 4890 6006**

# વયસ્ક સમિતિ : કચ્છનો પ્રવાસ

તા. ૬, ૭ અને ૮ ફેબ્રુઆરીના રોજ કામણગારા કચ્છનો એક પ્રવાસ યોજવામાં આવેલ હતો. તા. ૬-૨-૨૦૨૪ના બપોરના પાલડી ભવનથી શરૂઆતમાં ત્રણ નવકાર ગણીને પ્રવાસની શુભ શરૂઆત કરવામાં આવી.

બસની ગતિ સાથે મગજની ગતિ પણ વધે તેવા બે કોયડા શ્રી રજનીભાઈ પારેખ દ્વારા દરેક મેમ્બર્સને આપવામાં આવ્યા અને દરેક લોકોએ તેમના મગજને કસવાનું શરૂ કર્યું. સાચા જવાબ પ્રાપ્ત થયા બાદ હાઉસીની રમતમાં સર્વેને ઓતપ્રોત કરી દીધા. રમત પૂર્ણ થઈ ત્યાં સુધીમાં ચૂલી ખાતે આવેલ તારંગાધામમાં આવી પહોંચ્યા. અમીઝરા અજીતનાથના દર્શન સાથે ચૌમુખજીના દર્શન - ચૈત્યવંદન કરી સૌએ ચોવિહારનો લાભ લીધો.

સંગીતના સથવારે અંતાક્ષરી અને ત્યારબાદ ભાવસભર જિનેશ્વર ભગવાનના સ્તવનો સાથે ભાવના ગાઈ રસ્તામાં અવનવી વાતો કરતાં કટારીયા તીર્થ પહોંચ્યા. આખા દિવસનો થાક છતાં વડીલ સ્ત્રીઓએ રાત્રે ગરબા ગાયા અને બચપણને યાદ કરી ઉભી ખો પણ રમ્યા. રાત્રીના સાડા બાર ક્યારે વાગી ગયા તે ખબર જ ના પડી. અંતે સૌ નિંદ્રામય થયા. રાત્રી વિશ્રામ કરી બીજા દિવસે એટલે કે તા. ૭-૨-૨૦૨૪ના રોજ સવારે પ્રભુ દર્શન, સેવા-પૂજા, આરતી, મંગલ દીવો કરીને નવકારશીનો લાભ લઈ સૌએ ધોળાવીરા માટે પ્રસ્થાન કર્યું.

લગભગ બપોરે બારેક વાગ્યાની આસપાસ ધોળાવીરા પહોંચ્યા. ગાઈડના સથવારે પાંચ હજાર વર્ષ કરતાં પણ વધારે પ્રાચીન એવા ધોળાવીરા નગરની મુલાકાત લઈ સૌ અભિભૂત થયા. આટલા બધા વર્ષ પુરાણી નગર રચના કે જ્યારે સાધનોનો અભાવ હતો ત્યારે પોતાની સુઝબુઝથી પાણીના ટીપે ટીપાના બચાવ માટે સાત સાત તળાવ અને નહેરોની રચના જોઈને નવાઈ પામ્યા અને આપણા પૂર્વજોએ પોતાની બુદ્ધિ ક્ષમતાનો કેટલો મહત્તમ ઉપયોગ કર્યો હતો તે જાણીને તેમની બુદ્ધિમત્તા માટે માન થયું. ત્યાં નગર રચના અંગે આવેલ મ્યુઝીયમ જોયું. ત્યારબાદ 'ધોળાવીરા ટુરિઝમ રીસોર્ટ'માં મોંમાં પાણી લાવી દે તેવો શીરો, ભજીયાના ભોજનની મોજ માણી.

બપોરે બે વાગ્યાના સુમારે આ પ્રવાસનું શિરમોર સ્થળ એવા 'રોડ-ટુ-હેવન' માટે સૌ આગળ ધપ્યા.

બસ જેમ જેમ આગળ વધતી ગઈ તેમ તેમ ખ્યાલ આવતો



*શ્રી તારંગા ધામ ખાતે વડીલો*



*ધોળાવીરા ખાતે વડીલો*

ગયો કે પાણીથી બંને બાજુ જાણે સમુદ્ર લહેરાતો હોય તેવો ભાસ થતો અને વચ્ચેથી આ રોડ પરથી પસાર થતી બસે અમને રામેશ્વરના રોડની યાદ અપાવી. જ્યાં પાણીનો અભાવ હતો ત્યાં બંને બાજુ અફાટ સફેદ રણને નિહાળવાનો અનુભવ આહલાદક હતો.

જ્યાં વિસ્તૃત જગ્યા દેખાઈ એવા બે સ્થળોએ બધા જ વડીલોએ ઉતરીને આ રોડ-ટુ-હેવનનો નજારો નિહાળ્યો. ઠંડા મીઠા પવનની લહેરની સાથે પોતાના મનને કાબૂમાં ન રાખી શકતા વડીલોએ ડાન્સ અને ગરબા ગાવા શરૂ કરી દીધા અને જીવનના આ એક દિવસને આનંદમય બનાવી દીધો.

સાંજના સાડા પાંચ વાગે સૌ ધોરડો પહોંચ્યા. અહીં સર્વપ્રથમ સૌએ ચાની ચુસ્કી ભરી. ત્યારબાદ ઊંટગાડીમાં બિરાજમાન થઈને સફેદ રણના વૉચ ટાવર સુધી પહોંચ્યા. અહીં સફેદ રણમાં ઉતરી ઝુલે ઝુલ્યા. સ્કુટર અને જીપની



'રોડ-ટુ-હેવન' પર ઉલ્લાસમાં ગૃહિણીઓ



'રોડ-ટુ-હેવન' પર ઉલ્લાસમાં ગૃહિણીઓ



સફેદ રણની મુલાકાતે વડીલો

સવારી સફેદ રણમાં માણી. સૂર્યાસ્તનો અદ્‌ભુત નજારો નિહાળતા સફેદ રણને ગુડબાય કહી ફરી બસમાં બેઠક લીધી અને ભુજ તરફ પ્રયાણ કર્યું. અહીં વાગડ બે ચોવીસીના ભવનમાં આવી સૌએ ભાજીપાંઉ, પુલાવ, રાયતાનું ભોજન લઇને આરામ ફરમાવ્યો.

ત્રીજા દિવસે એટલે કે તા. ૮-૨-૨૦૨૪ના રોજ કચ્છના પ્રખ્યાત ખાવડાના ફાફડા (ગાંઠિયા) સાથે નવકારશી કરી સૌ સ્મૃતિવનની મુલાકાતે પહોંચ્યા.

ઇ.સ. ૨૦૦૧માં આવેલા ભયંકર વિનાશકારી ભૂકંપની યાદની ઝાંખી કરાવતા સ્મૃતિવનમાં સાત ગેલેરી છે. જે દરેક ગેલેરી તમને પૃથ્વી જે પ્લેટ પર બનેલી છે તે પ્લેટો, તેના હલનચલનથી થતાં ભૂકંપો - લાવારસ અને સમુદ્રના તોફાનની અદ્‌ભુત માહિતી આપવામાં આવેલ છે. આ ઉપરાંત પૃથ્વી ઉપર કયા કયા ક્ષેત્રોમાં ભયંકર ભૂકંપ આવી શકે તેની ભરપૂર માહિતી પીરસવામાં આવેલ છે. છટ્ઠી ગેલેરીમાં તમે ધરતીકંપ અનુભવતા હો તેવી રચના અને આ ધરતીકંપના કારણે વેરાતા વિનાશ, મૃત્યુ પામતા અને ઘાયલ થતાં લોકો, તેમની ચીસાચીસ, બચાવ કર્મીઓની અદ્‌ભુત કામગીરી વગેરેનું તાદશ્ય દર્શન અહીં થાય છે. સાતમી અને અંતિમ ગેલેરીમાં, જે લોકો ભૂકંપમાં મૃત્યુ પામ્યા છે તે બધા જ લોકોના નામ અને તમારે હાથ જોડીને આપવામાં આવતી શ્રદ્ધાંજલીમાં આ એક નવીન અનુભવ હતો.

બપોરે શીખંડ-પૂરી, ખમણ-ઢોકળા વગેરેથી ઉદર તૃપ્તિ કરીને વંદેમાતરમની મુલાકાતે પહોંચ્યા. અહીં ૨૭ જુદી જુદી ગેલેરીમાં ગુલામીકાળથી આઝાદી સુધીની કથા વર્ણવી લેવામાં આવેલ છે અને તે ઓડિયો વિઝ્યુઅલ રજૂ કરવામાં આવે છે.

ફિરંગીઓના આગમન, જહાંગીરની મૂર્ખાઈથી ફિરંગીઓને થાણા સ્થાપવા આપવામાં આવેલ મંજૂરી, મહાત્મા ગાંધીનો દક્ષિણ આફ્રિકાના અપમાનનો બનાવ, લાલ બાલ અને પાલની ત્રિપુટીની સ્વતંત્રતા માટેનું યોગદાન, દાદાભાઈ નવરોજીની દાસ્તાન, શહીદ ભગતસિંહ, સુખદેવ અને રાજગુરૂની ફાંસીના તાદશ્ય દશ્ય, સુભાષચંદ્ર બોઝની પ્રતિમા, હિંદુસ્તાન અને પાકિસ્તાનના ભાગલા, કત્લેઆમની

કરુણ કહાની, આઝાદીનો સૂર્યોદય વગેરેની ઝાંખી કરાવતું 'વંદે માતરમ' આધુનિક ભારતના શિલ્પીઓની દેનને જોઈને નત મસ્તક થઇ જવાય છે.

સાંજે ચૌવિહાર કરી સૌએ અમદાવાદ માટે પ્રસ્થાન કર્યું. ગીતોની રમઝટ, અંતાક્ષરીની એબીસીડી કરતા આવા સરસ મજાના પ્રવાસને વાગોળતા અને અન્ય પ્રવાસ ક્યારે ગોઠવશો એવી પૃચ્છા સાથે સૌ અમદાવાદ પરત આવ્યા.

આ પ્રવાસ દરમિયાન નીચેની વ્યક્તિઓ તરફથી ડોનેશન મળેલ હતું.

| *ક્રમ* | *નામ* | *રકમ (રૂા.)* |
|---|---|---|
| ૧. | સંઘવી એન્ડ શાહ ફેમિલી ગ્રુપ (શ્રી અનિલભાઈ શાહ, શ્રી રોહિતભાઈ સંઘવી, શ્રી અતુલભાઈ સંઘવી, શ્રી પરેશભાઈ સંઘવી) | ૬,૦૦૦/- |
| ૨. | ભદ્રાબા વાઘેલા | ૬,૦૦૦/- |
| ૩. | શ્રીમતી રશ્મિકાબેન ગુણવંતભાઈ શાહ | ૩,૦૦૦/- |
| ૪. | શ્રીમતી કલ્પનાબેન હરખચંદ પોલડિયા | ૨,૫૦૦/- |
| ૫. | શ્રીમતી સરોજબેન જયેશભાઈ શાહ | ૨,૫૦૦/- |
| ૬. | શ્રીમતી ભારતીબેન પ્રદીપભાઈ વોરા | ૨,૫૦૦/- |
| ૭. | શ્રીમતી રેવંતીબેન મણિલાલ ગોસર | ૨,૧૦૦/- |
| ૮. | શ્રી શૈલેષભાઈ ધારશીભાઈ શ્રી યતીનભાઈ ધારશીભાઈ સંઘવી | ૨,૧૦૦/- |
| ૯. | શ્રીમતી પ્રભાબેન લક્ષ્મીચંદ વીરા | ૨,૦૦૦/- |
| ૧૦. | શ્રીમતી મીનાબેન પ્રબોધભાઈ ગોગરી | ૧,૦૦૦/- |
| ૧૧. | શ્રી નરેન્દ્ર રસીકલાલ મહેતા | ૧,૦૦૦/- |

આ ઉપરાંત વુડ સીટી - ભુજના માલીક શ્રી હસમુખભાઈ લાલજી મોરબીયાએ ધોળાવીરા ખાતે 'હેરીટેજ રીસોર્ટ'માં



*શ્રી હસમુખભાઈ મોરબીયાનું સન્માન કરતા વયસ્ક સમિતિના સભ્યો. (ડાબેથી) શ્રી મહેશભાઈ શાહ, શ્રી રજનીકાંત પારેખ, શ્રી હસમુખભાઈ મોરબીયા તથા શ્રી દિલીપ દંડ*

સુંદર ભોજનની વ્યવસ્થા કિફાયતી દરે કરી આપેલ હતી. આ ઉપરાંત ભુજ ખાતે વાગડ બે ચોવીસી ભવનમાં સુંદર ઉતરવાની તેમજ ભોજનની વ્યવસ્થા પણ કરેલ હતી. આ ઉપરાંત ભુજ ખાતે સવારની નવકારશીનો લાભ પણ તેમણે લીધો હતો. આ માટે તેમના તરફથી રૂા. ૩૫૦૦/-નું અનુદાન મળેલ હતું. શ્રી હિતેન દોશીએ પણ પોતાની સેવા આપેલ હતી.

***દિલીપ દંડ, કન્વીનર - વયસ્ક સમિતિ***

## નાનકડી કથા

*સાંજના સમયે સુમતિબેન માળા ફેરવતા હતા. ત્યાં છોકરો નોકરીએથી ઘરે આવ્યો. તેની સાથે મોગરાના ફૂલની સુગંધ આવી. તેને થયું આજે વહુ મોગરાનો ગજરો હમણા માથામાં નાખીને આવશે. પણ ત્યાં તો તેમણે જોયું કે કૃષ્ણ ભગવાન માટેની થાળીમાં મોગરાના ફૂલ હતા. ભગવાન પણ ગાલમાં હસતા હતા.*

## શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદના બેંક ખાતામાં રકમ જમા કરાવવા અંગે

- *ખાતાનું નામ* : શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદ **[Shree Kutchhi Jain Sewa Samaj - Ahmedabad]**
- *બેંક* : કેનેરા બેંક, પાલડી બ્રાંચ - અમદાવાદ **[Canara Bank, Paldi Branch - Ahmedabad]**
- *એકાઉન્ટ નંબર* : ૭૦૦૭૨૦૧૦૦૧૬૦૩૨ **[70072010016032]**
- ***IFSC** કોડ* : **CNRB0017007**

# વયસ્ક સમિતિ : ઇમરજન્સી સારવાર વિશે વાર્તાલાપ


તા. ૧૭-૨-૨૦૨૪ ને શનિવારના રોજ વયસ્ક સમિતિનો એક કાર્યક્રમ પાલડી ભવન ખાતે યોજાઈ ગયો. સૌપ્રથમ વિવિધ હાસ્ય અને સૂરીલા ગીતોની ક્લીપો બતાવવામાં આવેલ હતી.

ત્યારબાદ એપોલો હોસ્પિટલમાં ઈમરજન્સી ફિઝીશિયન તરીકે સેવા આપતા ડૉ. મનોજ રાઠોડ અને ડૉ. વૃંદા શાહની ટીમે ઈમરજન્સી વખતે પીડિત દર્દીને કેવી રીતે સારવાર આપવી, હૃદયના ધબકારા બંધ થયા હોય તો આપણે સી.પી.આર. કેવી રીતે આપીને બંધ હૃદયને ચાલુ કરી શકીએ – આ ઉપરાંત શ્વાસોચ્છ્વાસની પ્રક્રિયા કેવી રીતે ચાલુ કરી શકાય, કયા સંજોગોમાં અને કેવી રીતે આ ટ્રીટમેન્ટ આપવાની, ઈમરજન્સી માટે ૧૦૮ નંબર પર ડાયલ કરીને એમ્બ્યુલન્સ બોલાવવી. આ ઉપરાંત બંધ પડેલા શ્વાસને ડોકને ઊંચી કરી જીભ દ્વારા બંધ થયેલ શ્વસન માર્ગ કેવી રીતે ખોલી શકાય વગેરેની ખૂબ જ ઊંડાણપૂર્વક માહિતી આપી. શ્રોતાઓ દ્વારા પૂછવામાં આવેલ પ્રશ્નોના સવિસ્તર ઉત્તર આપીને તેમની જીજ્ઞાસા સંતોષવામાં આવેલ હતી.

ડૉ. મનોજ રાઠોડનું રમણિકલાલ ગોસરે અને ડૉ. વૃંદા શાહનું કમલબેન શાહે બહુમાન કરેલ હતું.

એપોલો હોસ્પિટલમાં સેવા આપતા હૃદયરોગના ડૉ. સુધીર અદાલતી કે જેઓ હાર્ટ સર્જન છે અને આધુનિક રોબોટીક સર્જરીમાં કાબેલિયત ધરાવે છે, તેમણે હૃદયનું કાર્ય, આપણું હૃદય કેવી રીતે માંદુ પડે છે તેના માટે વિવિધ પરિબળો જેવા કે ડાયાબિટીસ, સ્ટ્રેસ, ધૂમ્રપાન, આલ્કોહોલ વગેરે વિશે વિસ્તૃત માહિતી આપી હૃદયરોગ થયા પછી તેની આધુનિક સારવાર, સ્ટેન્ટ બેસાડવો, બાયપાસ સર્જરી કરવી. આ સર્જરી પછી કઈ કઈ બાબતોની સાવચેતી રાખવી તેના વિશે માહિતગાર કર્યા. હાલના સમયમાં યુવાનોને આવતા હાર્ટ એટેક વિશે તેમણે જણાવ્યું કે હાલમાં ઘણા યુવાનો જીમમાં જઈને અચાનક ખૂબ જ હેવી વજન ઊંચકે છે તેના કારણે હૃદયને સ્ટ્રેસ પડે છે. વળી, કદી પણ ન દોડનાર વ્યક્તિ અચાનક મેરેથોનમાં ભાગ લે તો તેવી વ્યક્તિને પણ હૃદય અચાનક બંધ પડી જવાની સમસ્યા થાય છે. ટૂંકમાં, કોઈપણ કસરત અથવા કાર્ય હદની બહાર થાય તો આ સમસ્યા ઉભી થાય છે.

હૃદયને તંદુરસ્ત રાખવા માટે તેમણે ડાયાબિટીસ, પ્રેસર, ધૂમ્રપાન, આલ્કોહોલ, માનસિક તણાવથી દૂર રહેવા અને નિયમિત રીતે યોગ્ય ઝડપથી ચાલવા માટે ખાસ ધ્યાન રાખવા સૂચન કર્યું હતું. યોગા પણ આ માટે ફાયદાકારક છે તેવું તેમણે જણાવ્યું હતું.



*સી.પી.આર.ની ટ્રેનિંગ આપતા ડૉ. મનોજ રાઠોડ*



*ડૉ. મનોજ રાઠોડનું બહુમાન કરતા શ્રી રમણિકલાલ કુંવરજી ગોસર. તસવીરમાં (ડાબેથી) શ્રી રમણિકલાલ કુંવરજી ગોસર, ડૉ. મનોજ રાઠોડ, શ્રી રજનીકાંત પારેખ*



*ડૉ. વૃંદા શાહ (ડાબે)નું બહુમાન કરતા શ્રીમતી કમલબેન શાહ (જમણે)*

તેમના વક્તવ્ય પછી પ્રશ્નોત્તરીનો મારો ચાલ્યો હતો. પરંતુ તેમણે ખૂબ જ ઝીણવટપૂર્વક સમજણ સાથે દરેક પ્રશ્નોનું સમાધાન કરાવ્યું હતું.

ડૉ. સુધીર અદાલતીનું મોમેન્ટો આપીને બહુમાન સમાજના મેનેજિંગ ટ્રસ્ટી અને પ્રમુખ શ્રી પ્રતાપભાઈ દંડે કરેલ હતું.

ત્યારબાદ ડૉ. આકાશ શાહ કે જેઓ કેન્સર ફિઝીશિયન છે, તેમણે દરેક શ્રોતાઓને કેન્સર વિશે આધુનિક માહિતી



*ડૉ. સુધીર અદાલતી (વચ્ચે)નું બહુમાન કરતા પ્રમુખ શ્રી પ્રતાપભાઈ દંડ (ડાબે) અને શ્રી રજનીકાંત પારેખ (જમણે)*



*ડૉ. આકાશ શાહ (જમણે)નું બહુમાન કરતા ટ્રસ્ટી શ્રી કે.ડી. શાહ (ડાબે) અને શ્રી દિલીપ દંડ (વચ્ચે)*



*ડૉક્ટરશ્રીઓનું વક્તવ્ય સાંભળતા વડીલો*

આપતા જણાવ્યું કે, હવે તબીબી ક્ષેત્રે એટલી પ્રગતિ થયેલ છે કે હવે 'કેન્સર એટલે કેન્સલ' નહીં. કેન્સર થવાના કારણો તેમણે બતાવ્યા હતા અને જ્યારે પણ તમને તેમના સિમ્પટમ્સ જણાય તો ગભરાયા વિના તરત નિદાન કરવાનું જણાવ્યું હતું. તેમણે જણાવ્યું હતું કે રોગ જેટલો જલ્દી પકડાશે તેટલી ઓછી સારવાર કરવી પડશે અને મટવાના ચાન્સીસ વધારે રહેશે. હાલમાં પહેલા, બીજા અને ત્રીજા સ્ટેજના કેન્સરની સારવાર મટાડી શકવાની શક્યતા ખૂબ વધારે છે, જ્યારે ચોથા સ્ટેજના દર્દીઓની યોગ્ય સારવારથી તેમના આયુષ્યમાં આપણે પાંચ-સાત વર્ષ સુધીનો વધારો કરી શકીએ છીએ.

કેન્સર થવાના મુખ્ય કારણોમાં ધૂમ્રપાન, આલ્કોહોલ, તમાકુ ચાવવી, જંકફૂડ વગેરેને જણાવ્યા હતા. કેન્સરથી બચવા આ વસ્તુથી દૂર રહેવા સૂચવ્યું હતું.

બહેનોમાં થતા બ્રેસ્ટ કેન્સર અને સર્વાઈકલ કેન્સર વિશે અદ્‌ભુત માહિતી આપી બહેનોને જાગૃત કરીને તેમના મનમાંથી ડર દૂર કર્યો હતો.

તેમના આ પરિસંવાદ બાદ શ્રોતાઓમાંથી ઘણા બધા પ્રશ્નો પૂછવામાં આવ્યા હતા. તેમણે ખૂબ જ ધીરજપૂર્વક દરેક પ્રશ્ન પૂછનારને સંતોષકારક જવાબો આપી તેમની સમસ્યાનું સમાધાન કરવામાં આવ્યું હતું.

તેમનુ બહુમાન સમાજના ટ્રસ્ટી શ્રી કે.ડી. શાહ અને કન્વીનર શ્રી દિલીપ દંડે કરેલ હતું.

આ સમગ્ર ટીમને લાવવામાં એપોલો હોસ્પિટલના પર્સનલ રીલેશન ઓફિસર શ્રી ધ્રુવ મહેતાએ જહેમત ઉઠાવી હતી. તેમનું બહુમાન શ્રી વિશાલ શાહે અને તેમના સાથીદાર શ્રી વિશાલ ચૌહાણનું બહુમાન શ્રી નરેન્દ્ર કોઠારીએ કર્યું હતું.

અંતમાં શ્રી મિહિરભાઈ ભટ્ટે એપોલો હોસ્પિટલ દ્વારા આપવામાં આવતી સારવાર વિશે માહિતી આપેલ હતી અને પંચવટી ખાતેની બ્રાંચ અને અન્ય સેન્ટર ખાતે સારવાર માટે આવનાર વ્યક્તિઓને તેમના તરફથી સંપૂર્ણ સાથ સહકાર આપવામાં આવશે તેવી હૈયાધારણ આપેલ હતી.

આજરોજ સમિતિના સભ્ય શ્રી રમણિકલાલ કુંવરજી ગોસરે તેમના જીવન યાત્રાની પ્લેટીમન જ્યુબીલી પૂર્ણ કરેલ હોઈ, તેમના માનમાં કેક કાપીને તેમની વર્ષગાંઠ ઉજવવામાં આવી હતી. આ નિમિત્તે તેમના તરફથી રૂ. ૫,૦૦૦/-નું અનુદાન પ્રાપ્ત થયેલ હતું.

અંતમાં રાષ્ટ્રગીતના ગાન સાથે કાર્યક્રમ પૂર્ણ થયેલ જાહેર કરવામાં આવ્યો હતો અને સૌ વડીલો ભોજનને માન આપી વિદાય થયા હતા.

***દિલીપ દંડ, કન્વીનર - વયસ્ક સમિતિ***

## પરમકૃપા મેડિકલ સેન્ટર – ચાંગોદર

બુધવાર, તા. ૧૩-૨-૨૦૨૪ના રોજ સુવાસ પ્રવેશ સોસાયટી - મોરૈયા ખાતે પરમકૃપા મેડિકલ સેન્ટર તરફથી ફ્રી મેડિકલ કેમ્પ યોજવામાં આવ્યો. જેમાં ૪૭ સભ્યોએ ભાગ લીધેલ હતો. આ સમયે ફિઝીશિયન ડૉ. કડિયાવાલા અને આઈ વિભાગના ડૉ. ચાંદનીબેન તથા કમ્પ્લીટ નર્સિંગ સ્ટાફ ઉપસ્થિત રહેલ હતા. તદુપરાંત શ્રી રજનીકાંત પારેખ, શ્રી ગિરીશભાઈ પોલડિયા, શ્રી પ્રતીક વ્યાસ ઉપસ્થિત રહેલ હતા. કાર્યક્રમ દરમિયાન સોસાયટીના ચેરમેનશ્રી, ખજાનચીશ્રી તથા અન્ય કાર્યકર્તાઓનું શ્રીફળ આપીને બહુમાન કરવામાં આવેલ હતું.



*ચાંગોદર મેડિકલ કેમ્પમાં ભાગ લેનાર સભ્યો*



*સોસાયટીના હોદ્દેદારનું બહુમાન કરતા શ્રી ગિરીશ પોલડિયા (જમણે)*



*સોસાયટીના હોદ્દેદારનું બહુમાન કરતા મેડિકલ ઓફિસર ડૉ. કડિયાવાલા (જમણે)*



*સોસાયટીના ચેરમેનનું બહુમાન કરતા શ્રી રજનીકાંત પારેખ (જમણે)*

## સેવા સ્વરૂપના સત્કાર્યની અનુમોદના

શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદના પાલડી ખાતેના મેડિકલ સેન્ટરમાં વર્ષોથી સેવા આપતા ઇ.એન.ટી. સર્જન **ડૉ. રાગેશભાઈ ફડિયા** તથા તેમના ધર્મપત્ની **ડૉ. અલ્પા રાગેશ ફડિયા**, કે જેઓ અમદાવાદની અસારવા ખાતેની સિવિલ હોસ્પિટલમાં R.M.O. તરીકે સેવા આપી રહ્યા છે, તેમની આ સેન્ટર પ્રત્યેની લાગણી અને ઉદારદિલ ભાવનાને ખૂબ ખૂબ અભિનંદન.

તેઓના સુપુત્ર **ચિ. વિરદ**ના તા. ૨૧-૧-૨૦૨૪ના રોજના લગ્ન પ્રસંગે તથા તા. ૨૮-૧-૨૦૨૪ના રોજ તેઓશ્રીની ૩૪મી લગ્ન તારીખ પ્રસંગે તેઓશ્રીએ સમાજને રૂા. ૩૧,૦૦૦/-નું ડોનેશન નીચેની વિગત અનુસાર આપેલ છે. તેમના આ કાર્યની ખૂબ ખૂબ અનુમોદના કરવામાં આવે છે.

| | |
|---|---|
| *રૂા. ૧૦,૦૦૦/-* | *કન્યા કેળવણી નિમિત્તે* |
| *રૂા. ૧૦,૦૦૦/-* | *વૈયાવચ્ચ પ્રવૃત્તિ ખાતે* |
| *રૂા. ૬,૦૦૦/-* | *ગીતા મંદિર ખાતેના ડાયાલિસીસ સેન્ટર ખાતે* |
| *રૂા. ૫,૦૦૦/-* | *ફિઝીયોથેરાપી વિભાગ માટે.* |
| *રૂા. ૩૧,૦૦૦/-* | |

સવિશેષમાં તેઓશ્રીએ જણાવેલ છે કે કદાચ સમાજના કોઈ પરિવારને અમદાવાદની સિવિલ હોસ્પિટલની સેવા લેવાની જરૂરિયાત પડે તો તેમના ધર્મપત્ની ડૉ. અલ્પા રાગેશ ફડિયા ત્યાં R.M.O. તરીકે પોતાની જે સેવા આપી રહ્યા છે તે દરેક પ્રકારે મદદરૂપ થઈ શકશે.

**ફડિયા દંપતીને ફરીથી ખૂબ ખૂબ અભિનંદન.**

## અંગદાન સમિતિ

આપણી સંસ્કૃતિમાં મર્યા પછી આપણા મૃત શરીરની અંતિમક્રિયા બાળવાની છે. એટલે છેલ્લે રાખ થાય અને પ્રદૂષણમાં વધારો થાય, એ હકીકત છે. વર્ષો પહેલાં જ્યારે વિજ્ઞાન અને ટેકનોલોજી એટલા વિકસિત ન હતા એ સમયે એ ઉચિત હતું. આજના આધુનિક યુગમાં ટેકનોલોજી એટલી બધી આગળ વધી ગઈ છે કે એક વ્યક્તિનું હૃદય જ્યારે બીજી વ્યક્તિમાં ટ્રાન્સપ્લાન્ટ કરી શકાય છે, એવી રીતે બીજા અવયવો પણ ટ્રાન્સપ્લાન્ટ કરી શકાય છે. ત્યારે એવા વિચારો આવવા જ જોઈએ કે મર્યા પછી પણ આપણે કઈ રીતે બીજાને ઉપયોગી થઈ શકીએ...?

***નીચેની વ્યક્તિઓના પરિવારજનોએ ચક્ષુદાન કરાવેલ છે. સૌ પરિવારજનોની ખૂબ ખૂબ અનુમોદના.***



**શ્રી હરખચંદ પ્રેમજી શાહ**
(ઉં.વ. ૮૨)
અરિહંત શરણ : તા. ૧૮-૧-૨૦૨૪
કચ્છ ગામ : મોટી રાયણ
બીના મેડિકલ સ્ટોર્સ,
૫/બી, શાલીન એપાર્ટમેન્ટ,
જવાહરચોક, મણિનગર, અમદાવાદ.



**શ્રી શામજી રામજી ગાલા**
ઉંમર વર્ષ : ૭૪
અરિહંત શરણ : તા. ૧૨-૨-૨૦૨૪
કચ્છ ગામ : ફરાદી
૪૨, ધર્મરાજ સોસાયટી,
ઘાટલોડિયા, અમદાવાદ

***નીચેની વ્યક્તિના પરિવારજનોએ ચક્ષુદાન તથા દેહદાન કરાવેલ છે. સૌ પરિવારજનોની ખૂબ ખૂબ અનુમોદના.***



**મધુબેન રવિચંદ્ર ગાંધી**
અરિહંત શરણ : તા. ૨૦-૨-૨૦૨૪
ડી-૫૦૨, ગાલા આરીયા એપાર્ટમેન્ટ,
સાઉથ બોપલ, અમદાવાદ.

## સમાજ સુરક્ષા સમિતિ

સમાજ સુરક્ષા સમિતિના ધ્યાનમાં આવેલ છે કે આપણા સમાજના કેટલાક પરિવારોએ મેડિક્લેઈમ પોલીસીનો વીમો લીધેલ ન હોવાથી તેમના પરિવારમાં આવા કોઈ બનાવ બને છે ત્યારે તેઓ મુશ્કેલ પરીસ્થિતિમાં મૂકાઈ જાય છે.

જે પરિવારોને મેડિક્લેઇમ પોલીસીનો વીમો ભરવાની રકમની તકલીફ હોય તે પરિવારોને વિના સંકોચે સમાજની "સમાજ સુરક્ષા સમિતિ"નો સંપર્ક સાધવા વિનંતી કરવામાં આવે છે.

તદુપરાંત જે પરિવારો પાસે મેડિક્લેઈમ પોલીસીનો વીમો હોય અને જરૂરિયાતના સમયે તેઓના ક્લેઈમ પાસ ન થતા હોય અથવા જરૂરિયાત કરતા ઘણા ઓછા ક્લેઈમ પાસ થતા હોય, તે પરિવારો પણ સમાજની "સમાજ સુરક્ષા સમિતિ"નો સંપર્ક સાધી શકે છે.

શક્ય હશે ત્યાં સુધી "સમાજ સુરક્ષા સમિતિ" પોતાનાથી બનતા બધા જ પ્રકારનો સહકાર આપવા પૂરેપૂરો પ્રયાસ કરશે.

સમાજના દરેક પરિવારને વિનંતી સહ જણાવવામાં આવે છે કે તેઓ પોતાના પરિવારનો મેડિક્લેઇમ પોલીસીનો વીમો શક્ય ત્વરાએ ઉતરાવી લે કે જેથી જરૂરિયાતના સમયે જે તે પરિવારને યોગ્ય રકમ પ્રાપ્ત થઈ શકે.

*કન્વીનર – સમાજ સુરક્ષા સમિતિ*

## ભારતીબેન અશ્વિન સાવલાનું પેઇન્ટીંગ પ્રદર્શન



ભારતીબેન અશ્વિનભાઈ સાવલાએ પોતાનું પાંચમું પેઈન્ટીંગનું પ્રદર્શન "અમદાવાદની ગુફા"માં એમના સાથી આર્ટીસ્ટો સાથે તા. ૧૩થી ૧૮ ફેબ્રુઆરી દરમિયાન રાખેલ. એમણે પોતાના ૧૦ પેઈન્ટીંગ્સ કેન્વાસ ઉપર એક્રેલીક કલરથી બનાવી પ્રદર્શન કરેલ.

ભારતી સાવલાનું માનવું છે કે દરેકે કોઈ ને કોઈ હોબી કેળવવી જોઈએ. જેનાથી મન પ્રફુલ્લિત રહે છે અને રૂટીન જીવનમાં સકારાત્મક બદલાવ આવે છે.

# શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદ

## શ્રી કચ્છી જૈન ભવન - પાલડી અને શ્રી કચ્છી વિશ્રામ ગૃહ - શાહીબાગ ખાતેની કેન્ટીનનો કોન્ટ્રાક્ટ

*શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદ દ્વારા તેના પાલડી અને શાહીબાગ ખાતે આવનારા ઉતારુઓ માટે કેન્ટીનની સગવડ પૂરી પાડવામાં આવે છે. આ કેન્ટીનનો કોન્ટ્રાક્ટ તા. ૧-૪-૨૦૨૪થી તા. ૩૧-૩-૨૦૨૭ – એમ ત્રણ વર્ષ માટે આપવાનો છે. તો રસ ધરાવતી પાર્ટીઓએ તેમની ઑફરો મેનેજરશ્રી, શ્રી કચ્છી જૈન સેવા સમાજ, પાલડી, અમદાવાદ-૩૮૦ ૦૦૬ને બંધ કવરમાં તા. ૨૫-૩-૨૦૨૪ સુધીમાં મોકલી આપવા વિનંતી છે.*

શ્રી રજનીકાંત પારેખ
માનદ્ મંત્રી
શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદ

# શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદ

## તા. ૧૫-૦૧-૨૦૨૪થી તા. ૧૪-૦૨-૨૦૨૪ સુધી 'મંગલ મંદિર'નું લવાજમ ભરનારાઓના નામની યાદી

| ક્રમ | નામ | સ્થળ | લવાજમ ભર્યા તારીખ |
|---|---|---|---|
| **૧ વર્ષનું લવાજમ ભરનારા સભ્યોની યાદી** | | | |
| ૧. | સૂર્યકાંત લાલજી ગાલા | મુંબઈ | ૨૦-૦૧-૨૪ |
| ૨. | વિનોદ કાનજીભાઈ મોરબીયા | મુંદ્રા | ૩૧-૦૧-૨૪ |
| ૩. | પ્રિયા રાકેશ શાહ | અમદાવાદ | ૦૧-૦૨-૨૪ |
| ૪. | દીપકપૂરી ગોસ્વામી 'દર્દદિલ' | ગાંધીધામ | ૧૨-૦૨-૨૪ |
| ૫. | નિખિલ જયંત શાહ | અમદાવાદ | ૧૪-૦૨-૨૪ |
| **૨ વર્ષનું લવાજમ ભરનારા સભ્યોની યાદી** | | | |
| ૧. | હેમલતા ધીરજલાલ વોરા | હૈદ્રાબાદ | ૦૩-૦૨-૨૪ |
| **૩ વર્ષનું લવાજમ ભરનારા સભ્યોની યાદી** | | | |
| ૧. | લક્ષ્મીચંદ શામજી છેડા | મુંબઈ | ૧૯-૦૧-૨૪ |
| **૫ વર્ષનું લવાજમ ભરનારા સભ્યોની યાદી** | | | |
| ૧. | મહેન્દ્ર સુધાકર શાહ | ભાવનગર | ૨૦-૦૧-૨૪ |
| ૨. | નીરવ અરવિંદ પ્રેમજી દેઢિયા | કલોલ | ૦૬-૦૨-૨૪ |

| ક્રમ | નામ | સ્થળ | લવાજમ ભર્યા તારીખ |
|---|---|---|---|
| **૧૫ વર્ષનું લવાજમ ભરનારા સભ્યોની યાદી** | | | |
| ૧. | અમિત મહેન્દ્ર દોશી | અમદાવાદ | ૧૬-૦૧-૨૪ |
| ૨. | સમીર ખીમજી દેઢિયા | અમદાવાદ | ૧૭-૦૧-૨૪ |
| ૩. | રાજેશ તલકશીભાઈ મહેતા | અમદાવાદ | ૨૨-૦૧-૨૪ |
| ૪. | ભોગીલાલ દલસુખલાલ વોરા | અમદાવાદ | ૨૨-૦૧-૨૪ |
| ૫. | સંજય નરશી લોડાયા | અમદાવાદ | ૨૩-૦૧-૨૪ |
| ૬. | મા ઈન્સ્યુરન્સ | ભુજ | ૨૩-૦૧-૨૪ |
| ૭. | મુકેશ રામજી વેલજી સાવલા | મુંબઈ | ૦૧-૦૨-૨૪ |
| ૮. | નીલેશ લખમશી મોતા | અમદાવાદ | ૦૭-૦૨-૨૪ |
| ૯. | ભાવેન ગુલાબ દામજી સાવલા | અમદાવાદ | ૦૭-૦૨-૨૪ |
| ૧૦. | અર્પિત પ્રફુલ કોરડિયા | અમદાવાદ | ૦૯-૦૨-૨૪ |
| ૧૧. | અજય જેઠાભાઈ ખોના | અમદાવાદ | ૧૨-૦૨-૨૪ |
| ૧૨. | ભરત આણંદજી રાંભિયા | અમદાવાદ | ૧૩-૦૨-૨૪ |

*શ્વાસને ઈસ્ત્રી કરી મેં સાચવી રાખ્યા હતા,*
*ક્યાંક અણધાર્યા પ્રસંગે જો જવાનું થાય તો!*
*– અનિલ ચાવડા*

# સમાજ દર્પણ

## સરનામા ફેરફાર

- **સમીર ખીમજી ઓભાયા દેઢિયા**
  ૮, સર્જન એપાર્ટમેન્ટ, નિત્યભારતી એકેડેમિની સામે,
  ગુજરાત સોસાયટી, રેડ ક્રોસ બ્લડ બેંક રોડ,
  પાલડી, અમદાવાદ-૩૮૦ ૦૦૭.
  મો. ૯૦૯૯૦ ૭૧૪૪૧
- **હરેશ ધીરજલાલ શામજીભાઈ ઝોટા**
  સી-૨૦૩, સત્યમ સ્કાયલાઈન,
  ટોરેન્ટ પાવરની સામે, એ.ઈ.સી. ચાર રસ્તા પાસે,
  નારાણપુરા, અમદાવાદ-૩૮૦ ૦૧૩.
  મો. ૯૦૩૩૪ ૪૫૪૫૭, ૯૯૨૫૪ ૮૯૦૨૯
- **નીરવ અરવિંદ પ્રેમજી દેઢિયા**
  ૬, સાંનિધ્ય, ૭૪૭ - બંગ્લોઝ, કર્મ વિલા પાસે, પંચવટી,
  કલોલ, ગાંધીનગર-૩૮૨ ૭૨૧.
  મો. ૭૦૧૬૫ ૮૯૭૪૨, ૭૯૯૦૯ ૫૭૮૦૨
- **ભાવેન ગુલાબ દામજી સાવલા**
  એ-૮૦૪, સન સાઉથ પાર્ક,
  ગાલા ગ્લોરીની બાજુમાં, સોબો સેન્ટરની પાછળ,
  સાઉથ બોપલ, અમદાવાદ-૩૮૦ ૦૫૮.
  મો. ૯૮૭૯૯ ૪૦૮૮૬, ૯૦૯૯૪ ૯૩૬૩૭
- **કમલેશ નલીન મગનલાલ શાહ (સાવલા)**
  ૯-બી, લેકવ્યુ એપાર્ટમેન્ટ, જગાભાઈ પાર્ક, રામબાગ,
  મણિનગર, અમદાવાદ-૩૮૦ ૦૦૮.
  મો. ૯૬૫૭૦ ૦૨૧૧૯, ૯૮૯૮૯ ૧૨૪૯૫

## સગાઈ

- **મંગળવાર, તા. ૧૩-૨-૨૦૨૪**
  કોમલ રાજેશ ગોવિંદજી છેડા (ઉં.વ. ૨૫) (નલીયા - અમદાવાદ)
  *સંગાથે*
  જય ભરત રામજી નાગડા (ઉં.વ. ૨૫) (નલીયા - વડોદરા)

***નવયુગલ તથા બંને પરિવારોને ખૂબ ખૂબ અભિનંદન.***

## પરિણય મિલન

- શ્રીમતી વીણા અને શ્રી ભરત ભાણજી ગાલાના સુપુત્ર
  ***ચિ. કરણના લગ્ન***
  શ્રીમતી ગાયત્રી અને શ્રી સંદીપ અરૂણ ભટ્ટની સુપુત્રી
  ***ચિ. દેવાંશી સાથે***
  સોમવાર, તા. ૪-૩-૨૦૨૪ના રોજ અમદાવાદ ખાતે યોજવામાં આવેલ હતા.

***નવદંપતિને શુભેચ્છા સહિતના આશિર્વાદ.***

## અવસાન નોંધ

- **ગુરૂવાર, તા. ૧-૨-૨૦૨૪**
  **હેમચંદભાઈ રણછોડભાઈ મહેતા** (ઉં.વ. ૮૭) (રાપર - અમદાવાદ)નું આજ રોજ દુઃખદ અવસાન થયેલ છે.
- **સોમવાર, તા. ૧૨-૨-૨૦૨૪**
  **શામજી રામજી ગાલા** (ઉં.વ. ૭૫) (ફરાદી - અમદાવાદ)નું આજ રોજ દુઃખદ અવસાન થયેલ છે.

***પ્રભુ સદ્‌ગતશ્રીઓના આત્માને શાંતિ અર્પે તેવી પ્રાર્થના...***

# સાભાર સ્વીકાર

*શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદની વિવિધ સેવાકીય યોજનાઓ માટે નીચે મુજબના દાતાશ્રીઓ તરફથી દાન / ભેટ પ્રાપ્ત થયેલ છે.*

### મેડિકલ રીલીફ યોજના

રૂા. ૧૧,૦૦૦/- શ્રી હસમુખ ડી. શાહ - અડાલજ, ગાંધીનગર
રૂા. ૧,૦૦૦/- શ્રી રાશદ સુલેમાન દફરાની - ભુજ

### વૈયાવચ્ચ

રૂા. ૧૧,૦૦૦/- શ્રીમતી હેમલતાબેન એચ. શાહ - અડાલજ, ગાંધીનગર
રૂા. ૧૦,૦૦૦/- ડૉ. રાગેશ કાંતિલાલ ફડિયા - અમદાવાદ
રૂા. ૫,૦૦૦/- શ્રી ઉમરશી જેઠાભાઈ કુરૂવા - અમદાવાદ

### સાધર્મિક સહાય યોજના

રૂા. ૨,૫૦૦/- શ્રી ઉમરશી જેઠાભાઈ કુરૂવા - અમદાવાદ

### કેળવણી સહાય યોજના

રૂા. ૧૦,૦૦૦/- ડૉ. રાગેશ કાંતિલાલ ફડિયા - અમદાવાદ

### ડૉ. ચંદ્રકાંત દેઢિયા ડાયાલિસીસ સેન્ટર - ગીતા મંદિર

રૂા. ૬,૦૦૦/- ડૉ. રાગેશ કાંતિલાલ ફડિયા - અમદાવાદ

### મેડિકલ સેન્ટરના ફિઝીયોથેરાપી વિભાગ

રૂા. ૫,૦૦૦/- ડૉ. રાગેશ કાંતિલાલ ફડિયા - અમદાવાદ

### વયસ્ક સમિતિ

રૂા. ૧,૫૦૦/- શ્રી નીતિન એચ. સંઘવી - ગાંધીનગર

*સંસ્થા ઉપરોક્ત તમામ દાતાશ્રીઓનો ખૂબ ખૂબ આભાર માને છે.*

# ઓછી કિંમતનાં વસાવવા જેવાં અણમોલ પુસ્તકો

### રંગલાની રામલીલા

**લે. જયંતિ પટેલ 'રંગલો', કિં. 250**

જો તમને ગુજરાતી હાસ્યસાહિત્યમાં રસ હોય અને તમે આ પુસ્તક ન વસાવ્યું હોય કે ન વાંચ્યું હોય તો તમારો એ રસ અધૂરો જ ગણાય. નાટકકલા સાથે સંકળાયેલા કલાકાર જયંતિ પટેલ 'રંગલો' દેશ-વિદેશની નાટ્યકલાઓથી અનુભવસમૃદ્ધ હતા. આ પુસ્તકમાં એમણે અનુભવોરૂપે લખેલા 42 હાસ્યલેખો અને અઢળક કાર્ટૂન ચિત્રો છે

### સુન બે ગાફ઼લ બંદા

**લે. જયંતિ પટેલ 'રંગલો', કિં. 200**

નાટકપ્રેમીઓએ અને નાટ્યકર્મીઓએ અવશ્ય વસાવવા જેવો આ ગ્રંથ છે. એમાં નાટકના વિશેષ સ્વરૂપ ભવાઈ કલાની વિસ્તૃત સમીક્ષા કરવામાં આવી છે. અદ્યતન સમકાલીન ભવાઈનું દર્શન કરવા ઉત્સુક વાચકોએ આ પુસ્તક વહેલામાં વહેલી તકે વસાવી લેવું જોઈએ.

### એક યુગનો અંત

**લે. ક. મા. મુનશી,**
**અનુ. હિંમતભાઈ મહેતા, કિં. 200**

સ્વાતંત્ર્યપ્રાપ્તિ પછી કાશ્મીર અને હૈદરાબાદ સિવાયનાં રજવાડાંઓનું ભારતમાં વિલિનીકરણ થયું. હૈદરાબાદને ભારતના નકશામાં નિઝામ મુસ્લિમ દેશ બનાવવાનાં સ્વપ્નો સેવતો હતો. સરદાર પટેલ અને ક. મા. મુનશીએ આ સ્વપ્નો કેવી રીતે રોળી નાખ્યાં અને હૈદરાબાદને ભારતમાં ભેળવી દીધું તેનો રોમાંચક ઇતિહાસ આ પુસ્તકમાં છે

### તડકો તારો પ્યાર

**લે. દીપક બારડોલીકર, કિં. 60**

145 કાવ્યો-ગઝલો અને બે કાવ્યોનો આસ્વાદ, એમ કુલ 147 કાવ્યોનો છલોછલ આનંદ આપતું આ પુસ્તક છે.

*ધર્મ કેવો કેવી શ્રદ્ધા ને ભલા શી બંદગી,*
*છે ફક્ત ઊજળા લિબાસો દેશમાં-પરદેશમાં !*

જેવી તાજગીસભર અભિવ્યક્તિ અને ગીતોનો લય એમાં છે. વહેલી તકે વસાવી લેજો.







### હાસ્યમંદિર

**લે. રમણભાઈ નીલકંઠ અને વિદ્યાગૌરી નીલકંઠ, કિં. 125**

ગુજરાતી હાસ્યસાહિત્યમાં સૌથી જુદા પ્રકારનું વિસ્મયકારક આ પુસ્તક છે. પતિ-પત્નીએ સાથે મળીને આ પુસ્તક લખ્યું છે. એમાં કુલ 38 લેખો છે. ક્યાંક નાટક પણ છે તો ક્યાંક ભાષાશુદ્ધિ અને વ્યાકરણ વિશેના હાસ્યલેખો પણ છે. સો ટકા શુદ્ધ અને ડંખ વગરનું ભરપૂર હાસ્ય માણવા માટે આ પુસ્તક વસાવવું તો જોઈએ જ, વહેચવું પણ જોઈએ. જૂની આવૃત્તિને કારણે આ પુસ્તક 125 રૂપિયામાં ઉપલબ્ધ છે. આજની આવૃત્તિ હોય તો એની કિંમત 300થી વધુ જ હોય !

### કમળપત્રમાં અશ્રુબિંદુ

**લે. ડૉ. ચંદ્રકાંત મહેતા, કિં. 120**

છપ્પનભોગ જેવા જીવનપ્રેરક 56 લેખોનો આ સંગ્રહ જીવનઘડતરની પાઠશાળા જેવો છે. તાજગીભર્યું ચિંતન અને રસપ્રદ જીવનશૈલીને કારણે સૌને વાંચવા ગમે એવા લેખો.

### પ્રતીક

**લે. પ્રિયકાન્ત મણિયાર, કિં. 10**

સંવેદનશીલ કવિ પ્રિયકાન્ત મણિયારનાં 37 કાવ્યોનો નાનકડો આ સંગ્રહ, જૂની આવૃત્તિને કારણે માત્ર 10 રૂપિયામાં ઉપલબ્ધ છે. એમાં ગીતો છે ગઝલો છે,પ્રણયની મસ્તી છે અને સંવેદનની ભીનાશ પણ છે

### સાહિત્યવિચારણા

**લે. ધૂમકેતુ, કિં. 100**

નવલકથાકાર અને નવલિકાકાર તરીકે ધૂમકેતુ ખૂબ પ્રતિષ્ઠા પામ્યા, પરંતુ વિવેચનક્ષેત્રે એમણે જે ઉત્કૃષ્ટ લેખો લખ્યા તે ગુજરાતી સાહિત્ય માટે અણમોલ વિરાસત છે. આ પુસ્તકમાં સાહિત્યચર્ચા, સાહિત્ય અને જીવન, નવલિકા વગેરેની સમીક્ષા ઉપરાંત કેટલાંક કવિઓ અને કૃતિઓ વિશેની સમીક્ષાઓ પણ આપી છે. વિદ્યાર્થીઓને અને જિજ્ઞાસુઓને ખૂબ ઉપયોગી સંદર્ભ ગ્રંથ.

### રિક્તા

**લે. ભગવતીકુમાર શર્મા, કિં. 115**

મસ્ત-મજાની પ્રણયકથા. કવિની કલમે કંડારાયેલી આ નવલકથા વાચકને ભાવ-સંવેદનાના વહેણમાં રસ-તરબોળ કરે છે. હજી સુધી તમે આ નવલકથા ન વાંચી હોય તો અચૂક વાંચજો !

### સિતારવાદન

**લે. શશિકાંત ગુંદાણી, કિં. 200**

સિતારવાદન શીખવા ઇચ્છતા કલાકારો માટે આ પુસ્તકમાં સિતારનો ઇતિહાસ, રચના અને એની વાદનપદ્ધતિઓ તથા વિશારદ સુધીના વિવિધ રાગોની ભરપૂર માહિતી આપવામાં આવી છે

### માણસ નામે ચંદરવો

**લે. ભગવતીકુમાર શર્મા, કિં. 110**

વિવિધ વિષયો પર વ્યક્તિગત સંવેદના રજૂ કરતા 7 નિબંધોનો આ સંગ્રહ દરેક ગુજરાતીએ વાંચવા જેવો છે. આશ્ચર્ય અનુભવવું કે નહીં, રિટાયરમેન્ટ સાયકોલોજી, ગિફ્ટ લાંચ કહેવાય કે નહીં, પત્રકાર હોવું એટલે શું, જીવનમાં જાતીયતાનું સ્થાન કેટલું, મૃત્યુ એટલે અસત્ય અને દમ્ભનું નિમિત્ત, ઈશ્વર જ્યોતિષ અને હું, ભંગાર આપવાનો છે કે... વગેરે નિબંધો ભાવકોને વિસ્મયમુગ્ધ કરશે.

ગૂર્જર ગ્રંથરત્ન કાર્યાલય

આ પુસ્તકોનાં પ્રાપ્તિ-સ્થાનો

**ગૂર્જર સાહિત્ય ભવન**
રતનપોળનાકા સામે, ગાંધીમાર્ગ, અમદાવાદ 380001
ફોન : 07922144663, 09227055777 e-mail: goorjar@yahoo.com

**ગૂર્જર સાહિત્ય પ્રકાશન**
102, લૅન્ડમાર્ક બિલ્ડિંગ, સીમા હૉલ સામે, પ્રહ્લાદનગર, અમદાવાદ-380015
ફોન : 26934340, 98252 68759 Email. : gurjarprakashan@gmail.com,
website : gspbooksmall.com




# COLLEGE OF DENTAL SCIENCES & RESEARCH CENTRE

**Recognized by Dental Council of India**
**Affiliated to Gujarat University**

Centre For Excellence in Teaching, Learning & Research

Opp. Pleasuure Club, Near Bopal, Manipur,
Ta. Sanand, Ahmedabad, Gujarat.

Tel : +91 6355092242, +91 8758774700
Email : dental.lib@gmail.com

૯૪૨૬૦ ૧૪૨૩૫
૯૪૨૯૫ ૦૦૬૦૦

**શાંતિનાથ ડેકોરેટર્સ**
**(મહાવીર ગ્રુપ - ધામાવાળા)**
લગ્ન તેમજ શુભ પ્રસંગે કલાત્મક ડેકોરેશનનું કામ કરનાર
બી-૭, એન.ડી. શ્રોફ માર્કેટ, વાસણા બસ સ્ટેન્ડ પાસે, વાસણા, અમદાવાદ-૭.

*With Best Compliments From*
**Sathwara Construction**
C/174, Ambica Krupa, Ranip, Ahmedabad-382 480.
M. : 98985 76892
E-mail : sathwaraconstruction@gmail.com

**INDOTEX PAINTS**
• DURABLE • DECORATIVE • PROTECTIVE
Regd. Office : "Indotex House" Nr. GNFC Info Tower, S.G. Highway, Bodakdev, Ahmedabad-380 054.
Ph. : (0) 26853279 • M. : 9909444598 • Telefax : 079-26857412
E-mail : indotexpaints@yahoo.co.in • Website : www.indotexpaints.com
Ahmedabad - Kunal N. Shah : 98250 33598 • Mumbai : Punit N. Shah : 98205 14143
Gujarat, Rajashthan, Maharashtra, Karnatanka, Goa, Andhra Pradesh

khadi
VEDA
Essence of Nature
HAIR CARE | MEDICATED | BODY CARE
WELLNESS | BEAUTY & FACE CARE






મિત્રતા અને સંબંધ એવા લોકો સાથે રાખો
જેના માટે તમે શું છો કરતા તમે કેમ છો?
એ મહત્ત્વનું હોય....



'દુ:ખ'ના દરવાજા પર 'સુખ'નું બોર્ડ,
એનું નામ 'સંસાર.'



સંબંધો ત્યારે નબળા પડે
જ્યારે એક-મેકને "પામવા" નીકળેલા
બે જણ એકબીજાને "માપવા" લાગે



મહેમાનગતિ દરેક જીવોની કરવાની
પરંતુ હેરાનગતિ કોઈનીયે નહીં કરવાની...

R.N.I. No. of RNP is 33266/1978 ● Published on 1st of Every Month

# વિશ્વસનીયતા અનુભવો




વી–ટ્રાન્સ (ઈન્ડિયા) લિ. સાથે સંચાલનની મજબૂત પ્રક્રિયાઓ, મજબૂત ઈન્ફ્રાસ્ટ્રક્ચર આધાર, વૈજ્ઞાનિક પદ્ધતિ, અત્યાધુનિક નિયોજન સાધનો અને તાલીમબદ્ધ તથા કટિબદ્ધ વ્યાવસાયિકો સાથે અખંડ લોજિસ્ટિક્સ સેવાઓ અનુભવો.

- **વી– ટ્રાન્સ– ભારતભરમાં સરફેસ ટ્રાન્સપોર્ટ– પીટીએલ, એફટીએલ, ઓડીસી.**
- **વી– એક્સપ્રેસ– મલ્ટીમોડલ અને ઈ–કોમ એક્સપ્રેસ લોજિસ્ટિક્સ, જે 1 લાખથી વધુ સ્થળે સેવા આપે છે.**
- **વી– લોજિસ– સમર્પિત અને શેર્ડ ફેસિલિટીઝ સાથે પરિપૂર્ણ વેરહાઉસ સમાધાન.**

**મુખ્ય વાસ્તવિકતાઓ**

**1,00,000** સંતુષ્ટ ગ્રાહકો
**850** + શાખા
વિવિધ ઉદ્યોગમાં **2.4** મિલિયન ટન
**1.2** મિલિયન ચો.ફૂટ વેર–હાઉસિંગ જગ્યા
**1500** + જીપીએસ અભિમુખ ફ્લીટ
ISO **9001 : 2015** એક્રેડિટેશન
**3300** + જોશીલા વ્યાવસાયિકો

V-TRANS®
Driving Excellence

વી–ટ્રાન્સ (ઈન્ડિયા) લિમિટેડ,
06, કોર્પોરેટ પાર્ક, વી એન પુરવ માર્ગ, ચેમ્બુર, મુંબઈ– 400 071.

9892644665 marketing@vtransgroup.com www.vtransgroup.com

Other Divisions: V-Xpress | V-Logis

*If undelivered please return to :*
**શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદ**
**શ્રી કચ્છી જૈન ભવન,**
૪૩-૪૪, બ્રાહ્મણ મિત્રમંડળ સોસાયટી,
નવચેતન હાઈસ્કૂલની સામે, પાલડી - એલિસબ્રિજ,
અમદાવાદ-૩૮૦ ૦૦૬.
ફોન : (૦૭૯) ૪૮૯૦ ૬૦૦૧ થી ૬૦૦૬

**To,**